Tuesday 03, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૯૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## ગણદેવીમાં શ્રાવણનાં છેલ્લા સોમવારે મેઘરાજાનો જળાભિષેક

### નદીમાં રેતી કાઢવા માટે પહોંચેલા શ્રમિકોને સ્થાનિકોએ બચાવ્યા : ટ્રક અને અન્ય વાહનોએ જળસમાધિ લીધી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા,તા.૨ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં સોમવારે સાંજે ૪ કલાક દરમિયાન વીતેલા ૧૦ કલાકમાં ૧ ઈંચ વરસાદ વરસ્યો હતો. શ્રાવણનાં છેલ્લા સોમવારે મેઘરાજાએ જળાભિષેક કર્યો હતો. ઉપરવાસમાં ભારે વરસાદને પગલે અંબિકા નદીની જળ સપાટી ૪ કલાકમાં ૧૯.૬૮ ફૂટનો તોતિંગ વધારો, દરિયામાં અમાસની મોટી ભરતી વેળા અંબિકા નદી ભયજનક ૨૮ ફૂટની સપાટી વટાવી ૩૦.૮૩ ફૂટે વહેતા નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરાયા. સમી સાંજે ગણદેવી તાલુકાના ૮ માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં હતા.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં શ્રાવણનાં છેલ્લા સોમવારે ફરી વરસાદી સિસ્ટમ સક્રિય થતા આકાશમાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. દિવસભર ઝરમર વરસાદ વરસતા અષાઢી માહોલ સર્જાયો હતો. મેળામાં મહાલતા પર્યટકોને રંગમાં ભંગ પડ્યો હતો.

બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદને પગલે અંબિકા નદીએ કાંઠા વટાવ્યા હતા. અને સમી સાંજે ૮ માર્ગો ઉપર પાણી ફરી વળ્યાં હતા. જેને પગલે વહીવટી તંત્ર એ વાહન ફેરવી લાઉડ સ્પીકર ઉપર જાહેરાત કરાવી નીચાણવાળા વિસ્તારનાં રહીશોને સાવચેતી દાખવવા અપીલ કરી હતી. એક તરફ દરિયામાં અમાસની તિથિએ મોટી ભરતી અને નદીએ કાંઠા વટાવતા લોકોનાં જીવ પડીકે બંધાયા છે. અંબિકા નદી ૩૦.૮૩ ફૂટે અને કાવેરી ૧૩ ફૂટે વહેતી જોવાઈ હતી. વર્તમાન ચોમાસાની ઋતુ દરમ્યાન નવસારીમાં ૨૨૭૮ મીમી (૯૧.૧૨ ઈંચ), જલાલપોર ૧૯૩૦ મીમી (૭૭.૦૨ ઈંચ) ગણદેવી ૧૯૫૭ મીમી (૭૮.૨૮ ઈંચ), અને વાંસદા તાલુકામાં ૨૪૬૯ મીમી (૯૮.૭૬ ઈંચ) ઈંચ વરસાદ નોંધાયો હતો.

## પ્રથમ શૈક્ષણિક પૂર્ણતાને આરે છતાં
## વલસાડ જિલ્લામાં અનેક પ્રા. શાળામાં પાઠ્યપુસ્તકો જ નથી ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨ :** સર્વ શિક્ષા અભિયાન ''સાક્ષરતા અભિયાન'' ભણો આગળ વધોના અભિયાન સાથે શિક્ષણ ઉપર ભાર મૂકી સરકાર દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચે રહી છે તેમ છતાં શાળાનું ચાલુ વર્ષે પ્રથમ સત્ર શરૂ થયાને ત્રણ મહિના થવા તેમ છતાં વલસાડ જિલ્લાની કેટલીક પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં ભણતા વિદ્યાર્થીઓને આજે પણ પાઠ્યપુસ્તકો આપવામાં આવ્યા નથી. વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક વગર શિક્ષકો ભણાવતા હોવાની ચોકાવનારી માહિતી મળતા વાપીના કોપરલીમાં રહેતા જાગૃત નાગરિકે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કચેરીમાંથી માહિતી માંગતા શિક્ષણ વિભાગમાં ખડભડાટ મચી ગયો છે.

એક બાજુ સરકાર સર્વ શિક્ષા અભિયાન સાક્ષરતા અભિયાન ભણવા આગળ વધોના અભિયાન સાથે બાળકોને ભણાવવા માટે સરકાર દ્વારા તમામ પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. તેમજ શિક્ષણ સ્તર ઉપર લાવવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવે છે. તેમ છતાં શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા પાઠ્યપુસ્તકો ત્રણ ત્રણ મહિના થવા છતાં ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓને આજે પણ પાઠ્યપુસ્તકો આપી શક્યા નથી. જેથી વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક વગર શિક્ષકો ભણાવતા હોવાની ચોકાવનારી માહિતી મળી છે. જે અંગે વાપી તાલુકાના કોપરલી ગામે રહેતા દિવ્યેશકુમાર મોહનલાલ પટેલે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને લેખિતમાં માંગણી કરી શકે.

ધોરણ - ૦૧ થી ધોરણ - ૦૫મા ભણતા બાળકોને આપવાના થતા પાઠયપુસ્તકો આપવા, ધોરણ - ૦૧ થી ધોરણ - ૦૫ મા ભણતા બાળકોને પાઠયપુસ્તકો આપવામાં આવે ત્યારે પાઠયપુસ્તકો મળ્યા બદલ બાળકો સગીર હોય તેમની સહી લઈ શકાય નહી તેવા સંજોગોમા પાઠયપુસ્તકો વિતરણ કરતી વખતે જિલ્લામાં કેવી પધ્ધતિ અપનાવવામાં આવે છે. ધો. - ૦૧ થી ધોરણ - ૦૫મા ભણતા બાળકોને ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધી પાઠયપુસ્તકો ન આપવામા આવ્યા હોય તો જવાબદાર અધિકારી/કર્મચારી સામે પગલા લેવા માટે માંગણી કરી છે. ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધી પાઠયપુસ્તકો ન આપી બંધારણના મુળભુત અધિકાર આર્ટિકલ ૨૧ (એ) બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો ભંગ કરનાર સામે કેવા પગલા લેવા જણાવ્યું છે.

## ચીખલીના બારોલીયા ગામે ભારે પવનથી અનેક પતરાના શેડો ઉડ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૨:** ચીખલી તાલુકાના બારોલીયા ગામે મધ્યરાત્રીએ મીની ચક્રવાતી તુફાન સર્જાતા ૮ થી ૧૦ જેટલા કાચા પાકા મકાનોના પતરા તથા શેડ ઉડી જવા પામ્યા હતા જ્યારે ઝાડો પણ જમીન દોસ્ત થઈ જવા પામ્યા હતા એક આંબાવાડીમાં કેટલાક વૃક્ષોને પણ નુકસાન થવા પામ્યું છે.

ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના મીણકચ્છ ગામને અડીને આવેલ બારોલીયા ગામે રવિવારની મધ્યરાત્રીએ આશરે બે વાગ્યા બાદ ચક્રવાતી પવન ફૂકાતા બારોલિયાના ગામતળ ફળિયા અને હળપતિવાસ ખાતે રહેતા પરિવારોના મકાનોના છતના પતરાઓ તેમજ કેટલાક પાકા મકાનોના આખે આખા શેડ ઉડી જવા પામ્યા હતા. પવનની વધુ ત્રિવ્રતાને કારણે પતરાનો આખો શેડ દૂર સુધી ફંગોળાયો હતો આ ઉપરાંત ગામની શેરીમાં આવેલ આવેલા કેટલાક વૃક્ષો પણ ભાંગી પડ્યા હતા. જયારે ગામતળ ફળિયામાં રહેતા ઈમરાન મોહમ્મદ કરોલીયા, સરફરાજ મોહમ્મદ કરોલીયા આ બંને પરિવારના મકાનના પતરાનો શેડ ઉડી જવા પામ્યો હતો. ઘટનાના પગલે ચીખલી તાલુકાનું વહીવટી તંત્ર ઘટના સ્થળે ધસી ગયું હતું. ગણદેવી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય નરેશ પટેલે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી.

## વાંસદા પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪.૪૮ ઈંચ વરસાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૨:** વાંસદા તાલુકા સહિત ઉપરવાસમાં સતત મુસળાધાર વરસાદને પગલે તાલુકાની નદી, નાળા, કોઝવે ભરપુર સપાટીએ વહેતા જોવા મળ્યા હતા. સતત પાણીની આવકથી નદી-નાળાઓના પાણી ઉભરાઈને રસ્તાઓ અને ઘરોમાં ઘૂસી જવા પામ્યા હતા. જેમાં વાંસદાના ધરમપુરી ગામે પારસી ફળિયા ખાતે નદી કિનારેના વિસ્તારમાં રહેતા કમલેશ બચુભાઈ પટેલના ઘરમાં નદીના પાણી ભરાઈ ગયા હતા. તથા નિશાળ ફળિયા ખાતે રહેતા દિનેશભાઈ પટેલના ઘરની ચારે બાજુએથી નદીનું પાણી પરીવળતા પરિવાર મુશ્કેલીમાં મુકાયો હતો, ત્યારે સમયસુચકતા તેઓ ઘરની બહાર દોડી ગયા હતા. ત્યારબાદ સ્થાનિક ગ્રામજનો દ્વારા દોરડું બાંધી ઘરના કોઢારમાં ફસાયેલ ગાયોને એમકેમ બહાર કાઢી હતી. તેમજ ઉનાઈ પંથકમાં ઉનાઈ મંદિર પાસે તથા જાહેર રસ્તાઓ પર દુકાનોમાં વરસાદના પાણી ઘૂસી જવા પામ્યા હતા. રસ્તાઓ ઉપર દોઢ ફૂટ જેટલા પાણી ભરાઈ જતા પસાર થતા વાહન ચાલકો પણ મુંઝવણમાં મુકાયા હતા. વાંસદામાં છેલ્લા ચોવીસ કલાકમાં ૪.૪૮ ઈંચ જેટલો વરસાદ પડતા જનજીવન અને વાહન વ્યવહાર ખોરવાયો હતો.

## દાનહમાં શ્રાવણના છેલ્લા સોમવારે શિવાલયો ઉભરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૨:** શ્રાવણના છેલ્લાં સોમવાર અને સોમવતી અમાસ પણ હોવાથી દાનહના વિવિધ શિવાલયોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. શ્રાવણના છેલ્લા સોમવારે શિવ ભક્તોએ શિવલિંગ ઉપર દૂધ, જળ અને બિલીપત્ર ચડાવીને મનોકામના પૂર્ણ કરવા માટે પ્રાર્થના કરી હતી.

લવાછના રામેશ્વર મહાદેવ મંદિર, બિન્દ્રાબિનના તડકેશ્વર મહાદેવ મંદિરમાં શિવ ભક્તો ભારે સંખ્યામાં પહોંચીને પૂજા અર્ચના કરી હતી.

કુડાચા ખાતે આવેલું ઓમ મંદિર, તેમજ આમલીના રામજી મંદિર, ગાયત્રી મંદિરમાં પણ ભક્તોની ભીડ જોવા મળી હતી.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અંતર્ગત
## જિલ્લાની ચાર ઔદ્યોગિક વસાહત દ્વારા રિચાર્જ ૭૫૦ બોરવેલ બનાવાશે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી,તા.૦૨ :** વાપી, ઉમરગામ, સરીગામ તથા આજુબાજુના વિસ્તારોમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તથા ભૂર્ગભજળ સ્તર રિચાર્જ રહે તે માટે -યાસો હાથ ધરાયા છે.

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં શનિવારે વાપીના વીઆઈએ કોન્ફરન્સ હોલમાં ઉદ્યોગકારોની બેઠક મળ હતી. જેમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈએ કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર. પાટીલના રેઈન વોટર હાર્વેસ્ટીંગના -જેકટની વિગતવાર માહિતી આપી ઘરોમાં લોકો મહત્તમ વોટર રિચાર્જના કાર્યમાં જોડાય તેવો અનુરોધ કર્યો હતો.રેઈન વોટર હાર્વેસ્ટીંગ વધુમાં વધુ લોકો સામેલ થાય તે માટે ઓદ્યોગિક એશો.ને જોડાવવા અંગે હાંકલ કરવામાં આવી હતી.જેમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ માટે વાપી ઈન્ડસ્ટ્રીઝ એશોસિયન ૩૦૦, સરીગામ ઈન્ડસ્ટ્રીઝ ૧૫૦ ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ ૧૫૦ તથા મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એશો. ૧૫૦ મળી કુલ ૭૫૦ બોરવેલ ( ટયુબવેલ ) બનાવવાનો લક્ષ્યાંક નકકી કરવામાં અવ્યો હતો. આ બેઠકમાં વલસાડ જિલ્લાના નવનિયુક્ત કલેકટર નૈમેષ દવે, વીઆઈએ -મુખ સતિષ ભાઈ પટેલ, માજી -મુખ યોગશભાઈ કાબરિયા, મિલનભાઈ દેસાઈ,એ.કે.શાહ, એસઆઈએ -મુખ નિર્મળ દુધાની, યુઆઈએના ભગવાન ભરવાડ સહિત વાપી,સરીગામઅને ઉમરગામના ઉદ્યોગકારો હાજર રહ્યા હતાં. અહીં ઉપસ્થિત તમામ લોકોએ જણાવ્યું હતું કે વહીવટી તંત્ર કહેશે ત્યાં બોરવેલ તૈયાર કરાશે વાપી વીઆઈએ -મુખ સતિષભાઈ પટેલે જણાવ્યું હતું કે ચાર ઔદ્યોગિક એસોસિએશન દ્વારા રેઈન વોટર હાર્વેસ્ટીંગ માટે કામગીરી કરવામાં આવશે.જયાં જયા તંત્ર કહેશે ત્યાં સ્થાનિકોને સાથે રાખી બોરવેલ ( ટયુબવેલ )નખાશે. રેઈન વોટર હાર્વેસ્ટીંગ વધુમાં વધુ લોકો સામેલ થાય તે માટે નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને કલેકટર નિમૈષ દવે દ્વારા સહયોગ આપવામાં આવી રહ્યો છે.વીઆઈએ બેઠકમાં નક્કી કરેલા આયોજન મુજબ આગળની કામગીરી હાથ ધરાશે. આજની આ બેઠકમાં ઉપસ્થિત રહેલા તમામ એસોસિએશનના સભ્યો તેમ જ ઉદ્યોગકારોએ તંત્રને સહકાર આપવા જણાવ્યું હતું અંતમાં આભાર વિધિ અને સમાપન વીઆઈએના હેમાંગભાઈ નાયાકે કરી હતી

### ઉમરગામ દુષ્કર્મ પ્રકરણ અંગે
## વલસાડમાં જાગૃત નાગરિકોએ મૌન રેલી કાઢી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨ :** પાંચ દિવસ અગાઉ ઉમરગામ તાલુકામાં ત્રણ વર્ષીય બાળકી ઉપર તેમના પિતાના મિત્રએ દુષ્કર્મ કરવાની ઘટના બનતા સમગ્ર જિલ્લામાં લોકોમાં ભારે રોષ ફેલાય ઉઠ્યો છે ત્યારે આગામી દિવસોમાં આવું કૃત્ય કરવાની કોઈની હિંમત પણ ન થાય તે માટે વલસાડમાં જાગૃત નાગરિકો દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર કેન્ડલ માર્ચ સાથે મૌન રેલી કાઢી હતી.

વલસાડ જિલ્લાના છેવાડે આવેલા ઉમરગામમાં પાંચ દિવસ અગાઉ ત્રણ વર્ષની બાળકીને પિતાના મિત્રએ બાથરૂમમાં લઈ જઈ યુવકે અડપલાં કરી દુષ્કર્મ કરવાની ઘટના બની હતી. તેમજ પશ્ચિમ બંગાળમાં આવેલી એક કોલેજમાં મહિલા ડોક્ટર સાથે સામુહિક દુષ્કર્મ બાદ તેની હત્યા કરવામાં આવી હતી. ત્યારે આવા નરાધમો સામે કડકમાં કડક કાર્યવાહી થાય તેની માંગ સાથે વલસાડ શહેરના મુખ્ય માર્ગો ઉપર લોકોએ કેન્ડલ માર્ચ યોજી હતી. કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યામાં વલસાડની મહિલાઓ અને જાગૃત નાગરિકો જોડાયા હતા. દેશમાં કોઈપણ બાળકી અને મહિલા સાથે દુષ્કર્મ આચરનાર તમામ આરોપીઓને કડકમાં કડક સજા મળે તેવી માંગ કરી હતી.

### દમણગંગા ટાઈમ્સ અખબારમાં પ્રકાશિત કરાયેલ અહેવાલ બાદ
## ધરમપુર નગરના ગૌરવ પથ માર્ગના ડિવાઈડર પર ઉગાડવામાં આવેલ કોનોકાર્પસ વૃક્ષો દૂર કરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૦૨:** ગૌરવ પથ વિસ્તારમાં આવેલ પાલિકાની કચેરી, લેડી વિલ્સન મ્યુઝિયમ, સાયન્સ સેન્ટર, મામલતદાર કચેરી, સ્ટેટ હોસ્પિટલ, એસએમ એસએમ હાઈસ્કૂલ, ગ્રંથાલય હોટલો, રેસ્ટોરન્ટો, કોચિંગ સેન્ટરો સહીત રહેણાંકોના આરોગ્ય સામે કોનો કાર્પસ વૃક્ષ જોખમ સાબિત થઈ શકે નો અહેવાલ દમણગંગા ટાઈમ્સ અખબારમાં પ્રકાશિત કરાયા બાદ ટૂંક સમયમાં જ નગરપાલિકા તંત્ર દ્વારા આરોગ્ય માટે જોખમી વૃક્ષને કાપી નાખતા ધરમપુર નગર સહિત આ વિસ્તારમાં આવેલ કચેરીઓ, હોસ્પિટલ, શૈક્ષણિક સંકુલમા અભ્યાસ કરનારા બાળકો, પર્યટકો સહિત રહેણાંકોએ હાશકારો અનુભવ્યો હતો.



રાજા રજવાડોનું ઐતિહાસિક ધરમપુર નગરના મહત્વના અને પોષ વિસ્તાર ગણાતા ગૌરવપથના ડિવાઈડર પર કોનો કાર્પસ જાતિના વૃક્ષોનો આશરે ચારેક વર્ષ પહેલા પાલિકા તંત્ર દ્વારા ઉચ્છેર કરવામાં આવતા પર્યાવરણ અને સ્વાસ્થ્ય માટે જોખમી તેમજ માનવ જીવન પર નકારાત્મક અસરો ગેરફાયદા ભૂગર્ભ જળ શોષી ડ્રેનેજ દીવાલોને નુકસાન પહોંચાડવા અંગે દમણગંગા ટાઈમ્સ અખબારમાં પ્રકાશિત કરાયેલ અહેવાલ બાદ પાલિકા તંત્રએ આ બાબતે ધ્યાન દોરી થોડાજ સમયમાં કોનોકાર્પસ વૃક્ષને કાપી નાખી દૂર કરાતા ધરમપુર પાલિકાના ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલીયાએ જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સ્વાસ્થયને ધ્યાનમા રાખી ડિવાઈડર અનુરૂપ નવા છોડવાનું રોપણ કરાશે જે અંગે દમણગંગા ટાઈમ્સના પ્રતિનિધિ સાથે ચર્ચા કરવામાં આવી હતી.




જોઈએ છે
Vacancy for receptionist (Female) at infinity imaging center, vapi intrested candidate can call at 6354811357 or 9727724257
જી-૧, ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી

## દાનહમાં રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડિયાની શરૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૦૨:** દાનહમાં હિન્દી પખવાડિયાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત હિન્દી નિબંધ, હિન્દી ભાષણ, હિન્દી કમ્પ્યુટર, હિન્દી ટિપ્પણી અને ડ્રાફ્ટ લેખન, હિન્દી દેશ ભક્તિ ગીત અને હિન્દી શ્રુતલેખન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. આજે હિન્દી પખવાડિયાના ઉદ્ઘાટન કાર્યક્રમ અને તે અંતર્ગત આયોજિત હિન્દી નિબંધ સ્પર્ધાનું આયોજન ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ, ડોકમરડી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદઘાટનમાં હિન્દી મદદનીશ અધ્યાપક ડો. અનીતા કુમારે સૌને આવકાર્યા હતા અને હિન્દી પખવાડિયાના આયોજન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યાર બાદ ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજના આચાર્ય ડો.ભગવાન ઝાનું ફૂલ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે મુખ્ય મહેમાન ડો.ભગવાન ઝા, આચાર્યએ તેમના અધ્યક્ષીય પ્રવચનમાં તમામ સહભાગીઓને અભિનંદન આપતા અને રાજભાષા હિન્દીના મહત્વ વિશે વિશેષ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજભાષા વિભાગ દ્વારા પ્રશંસનીય પ્રયાસો કરવામાં આવે છે. હિન્દી પખવાડિયા દ્વારા હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહ્યું છે. અને આ સ્પર્ધાઓનું આયોજન કરીને હિન્દીના પ્રચાર અને પ્રસારમાં સક્રિય ભૂમિકા ભજવી રહી છે. તેમણે હિન્દી પખવાડા અંતર્ગત આયોજિત હિન્દી સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે સૌને -ોત્સાહિત કર્યા હતા અને સૌને અભિનંદન પાઠવ્યા હતા. હિન્દી નિબંધ સ્પર્ધામાં સ્નાતક વર્ગ, કર્મચારી વર્ગ અને બિન સરકારી વર્ગના સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Tuesday 03, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

# મધુબન ડેમથી ઔદ્યોગિક એકમો દ્વારા રાજ્ય સરકારને વર્ષે રૂ. ૧૦૦ કરોડની આવક





**ખેતીવાડી- ઉદ્યોગો અને પ્રજા માટે જીવાદોરી સમાન ગણાતો વલસાડનો મધુબન ડેમ છલકાતા મન મોહક બન્યો : નવા નીરથી છલોછલ મધુબન ડેમનો નજારો સૌને હરખાવે તેવો, ચાલુ વર્ષે પાણીની તંગી નહી પડે એવી અનુભૂતિ**

આલેખન: જિજ્ઞેશ સોલંકી

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ જિલ્લાના ચાર તાલુકા વાપી, ઉમરગામ, પારડી અને કપરાડા તેમજ સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીના લાખો લોકો માટે પીવાના પાણીથી માંડીને ખેતીવાડી અને ઔદ્યોગિક એકમો માટે જીવાદોરી સમાન ગણાતો મધુબન ડેમ ધોધમાર વરસેલા વરસાદને પગલે છલોછલ થતા વધામણાં કરાયા છે. ડેમમાં નવા નીર આવતા આગામી વર્ષ દરમિયાન પાણીની તંગી વર્તાશે નહીં એવી અનુભૂતિ થઈ રહી છે.

વલસાડ જિલ્લાની ઓળખ સમાન ગણાતો મધુબન ડેમનું સૌંદર્ય બારેમાસ મન મોહી લે તેવુ છે પરંતુ ખાસ કરીને ચોમાસા દરમિયાન જ્યારે ડેમ છલોછલ હોય અને દસેય દરવાજામાંથી ધસમસતા પ્રવાહ સાથે પાણી છોડવામાં આવે તે નજારો સૌ ને હરખાવે તેવો હોય છે. દર વર્ષે વલસાડ જિલ્લામાં મૂશળધાર વરસાદ વરસતો હોય ત્યારે જિલ્લાના ચાર તાલુકા અને દમણ - દાનહની ખેતીવાડીને લીલીછમ રાખવામાં અને વાપી, ઉમરગામ, સરીગામ તેમજ સંઘ પ્રદેશના ઔદ્યોગિક એકમોને ધમધમતા રાખવા મધુબન ડેમ પર આધાર રાખવો પડે છે. આખુ વર્ષ દરમિયાન લાખો લોકોની તરસ છીપાવવા માટે પણ આ ડેમ લાઈફ લાઈન સમાન ગણાય છે. ત્યારે આ ડેમ છલોછલ થતા સ્વાભાવિક છે કે, ખેડૂતથી માંડીને ઉદ્યોગપતિ હોય કે સામાન્ય માણસ હર કોઈ ખુશીની લાગણી અનુભવે છે.

આ અંગે દમણગંગા યોજના વિભાગ-૧ ના મધુબન ડેમના એક્ઝિક્યુટીવ એન્જિનિયર એસ.એન.પટેલે જણાવ્યું કે, વર્ષ ૧૯૮૪ પહેલા મધુબન ડેમ ન હતો ત્યારે પાણીને લગતી અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો પરંતુ ૧૯૮૪માં આ ડેમ અસ્તિત્વમાં આવ્યા બાદ વાપી, ઉમરગામ, દમણ અને દાદરા નગર હવેલીમાં લોકોની પીવાની પાણીની તરસ તો બુઝાય પરંતુ સાથે સાથે ખેતીવાડી અને અનેક જીઆઈડીસીઓ ધમધમવા માંડતા વિકાસને નવી રાહ મળી હતી. અનેક લોકો રોજગારી મેળવી આર્થિક રીતે સધ્ધર બન્યા છે. મધુબન ડેમનું મૂલ્ય જેટલુ આંકીએ એટલુ ઓછુ છે. ચાલુ વર્ષે ડેમમાં નવા નીર આવવાની સાથે મધુબન ડેમ મોહક બનતા હર્ષની લાગણી અનુભવીએ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, ડેમની કુલ કેપેસીટી ૫૨૪.૮૬ MCM (Million cubic meters) છે. ડેમની રૂલ લેવલ સપાટી હાલમાં ૭૬.૦૦ મીટર છે. જ્યારે હાલનું વોટર લેવલ ૭૫.૯૦ છે. તા. ૧૫ ઓક્ટોબરથી ડેમનું રૂલ લેવલ ૭૯.૮૬ જાળવી રાખવામાં આવશે. ડેમના આજે તા. ૨૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ એક મીટર સુધી ચાર દરવાજા ખુલ્લા છે. જેમાંથી કેનાલ, નદી અને વીજળી ઉત્પાદન માટે હાલ ૪૦૨૨૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેની સામે પાણીની આવક ૧૭૦૦૪ ક્યુસેક છે. ચાલુ વર્ષ દરમિયાન તા. ૨૫ ઓગસ્ટને રવિવારે સૌથી વધુ ૯૮૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતુ.

દમણગંગા યોજના વર્તુળના અધિક્ષક ઈજનેર સ્નેહલ એમ. પટેલે જણાવ્યું કે, આ ડેમ લાખો જનતા, ખેતીવાડી અને ઉદ્યોગો માટે કરોડરજ્જુ ગણાય છે. ડેમમાં પાણીની સંગ્રહ ક્ષમતા ૫૨૪.૮૬ એમસીએમ છે.

જેમાંથી વર્ષ દરમિયાન ૧૯૬.૯૫ એમસીએમ પાણી રિલિઝ કરવામાં આવે છે. જેમાંથી ૭૨.૯૯ એમસીએમ ખેતીવાડી, ૨૯.૭૮ એમસીએમ ઉદ્યોગો માટે અને ૮.૨૫ એમસીએમ પીવા માટે આપવામાં આવે છે. જ્યારે ૭૬.૬૫ એમસીએમ તળાવ/ ટાંકીમાં સ્ટોરેજ કરાય છે. ઔદ્યોગિક એકમોને અપાતા પાણીથી રાજ્ય સરકારને વર્ષે અંદાજે રૂ. ૧૦૦ કરોડની આવક થાય છે.

ડેમના હાઈડ્રો પ્લાન્ટ દ્વારા દર કલાકે ૫. ૬ મેગાવોટ વીજળીનું ઉત્પાદન, સરકારને વર્ષે ૮૦ લાખની આવક

દમણગંગા યોજના વર્તુળના મધુબન ડેમના ડેપ્યુટી એન્જિનિયર નરેશભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ, મધુબન ડેમમાંથી વીજળી ઉત્પાદન (હાયડ્રો પ્લાન્ટ) માટે હાલમાં ૧૦૧૪ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે.

જેમાંથી દર કલાકે ૫.૬ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થાય છે. જે વીજળી કપરાડા તાલુકાના નાનાપોંઢા સ્થિત જેટકોને સપ્લાય કરવામાં આવે છે. જેમાંથી રાજ્ય સરકારને વર્ષે અંદાજે રૂ. ૮૦ લાખની આવક થાય છે.

# ગણદેવી પીપલ્સ બેંકના ડિરેક્ટર્સ માટેનો ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૨ :** ગણદેવી પીપલ્સ કો ઓપરેટિવ બેન્ક દ્વારા તેનો ડિરેક્ટરો માટેનો ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન સેલવાસ નરોલી ખાતે પલ્સ રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું. રિઝર્વ બેન્કના નિવૃત્ત મેનેજર અને ગણદેવીના જ મૂળ વતની અમદાવાદના જયેશભાઈ ચીમનલાલ ગાંધી એ બેંકના ડિરેક્ટરોને તેમની જવાબદારીઓ તેમની ફરજો અને તેમને જરૂરી એવા કાયદાઓ બેંકના કેટલાય ટેકનિકલ શબ્દો અને વિષયોનું ચર્ચા કરી સમજણ આપી હતી. સહકારી બેંકોની વધી રહેલી ડિપોઝિટ અને સહકારી બેંકો દ્વારા જન સમૂહનો વધુ વિશ્વાસ સંપાદન કરાઈ રહેવાનું જણાવી તેમણે ગણદેવી પીપલ્સ બેંકની




સિદ્ધિઓને વધાવી હતી જયેશભાઈ ગાંધીએ સી આર આર એસ એલ આર અને અન્ય બેન્કની સિદ્ધિઓને પણ વધાવી હતી. કઈ કઈ પેટા સમિતિઓ બનાવવી જોઈએ બેંક બેન્કિંગ સિવાય અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરી શકે છે અને કઈ કઈ સંસ્થાઓને દાનો આપી શકે છે તે બાબતે પણ તેમણે પ્રકાશ પાડ્યો હતો. પ્રોગ્રામના પ્રારંભે બેંકના ચેરમેન ગોપાલભાઈ ગોહિલે સૌને આવકારતા બેંકની ડિપોઝિટ રુ ૨૭૫ કરોડને પણ વટાવી ગઈ હોવાનું જણાવ્યું હતું. જેમાં ૧૭૬ કરોડનું ધિરાણ હોવાનું જણાવ્યું હતુ બેંકના મેનેજર જનરલ મેનેજર હિમાંશુભાઈ વૈદ્યે પુષ્પગુચ્છ આપી જયેશભાઈનું સન્માન કર્યું હતું. પ્રોગ્રામ દરમિયાન પ્રશ્નોત્તરીમાં બેંકના ડિરેક્ટર શો કિશોરભાઈ પટેલ પરેશભાઈ અદવર્યુ જ્યોતિબેન દેસાઈ ભાવનાબેન નાયક નિલેશભાઈ શર્મા પ્રજ્ઞેશભાઈ પટેલ મનીષભાઈ દેસાઈ કેયુરભાઈ વશી મિતેશભાઈ જોષી નિશિતભાઈ નાયક નિલેશભાઈ ગોઝલે ભુપેન્દ્રભાઈ ઉપાધ્યાય વગેરેઓએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

# વાંસ વત્તા સૂર એટલે વાંસળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૨ :** બદલાતા યુગ સાથે લોકમેળા પણ બદલાય રહ્યા છે. તેમ છતાં કૃષ્ણ યુગ થી જાણીતું ભારતીય વાદ્ય વાંસળી નો પ્રેમ આજે પણ અકબંધ છે. વાંસળી ની લંબાઈ ૧૨ ઈંચ થી ૪૦ ઈંચ જેટલી હોય છે અને ૬ થી ૭ કાણા હોય છે. કૃષ્ણ લીલા સાથે જાણીતી વાંસળીનો મધુર સૂર આજે પણ અકબંધ છે. બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરે શ્રાવણી મેળા માં લાખ્ખો શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યાં છે. ત્યારે વાંસળીનાં સુમધુર સૂર રેલાવતા વાંસળી વિક્રેતાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

# તોરણીયા ડુંગરથી હિમાલય સુધી આદિવાસી દિકરી કાજલનું શાનદાર સફર

**નવસારી જિલ્લાના વાંસદા તાલુકા નવતાડ ગામની દિકરી કાજલ મહાલાએ સતત ત્રીજી વખત હિમાલયની શિખરો પર વિજય પતાકા લહેરાવી**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૨ :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકા નવતાડ ગામ મૂળજીભાઈ મહલાની દિકરી કાજલે અદમ્ય સાહસ અને સફળ કૌશલ્યના ભાગરૂપે સંપૂર્ણ આદિવાસી સમાજને ગૌરવવંત બનાવ્યું છે. કાજલ હિમાલય ટ્રેકરની દરેક ફોર્મેટ પાર કરીને હિમાલય પરિભ્રમણ, નેશનલ કેમ્પ ૭૬, ૪૬ અને ત્રીજી વખત હિમાલયની શિખરો પર વિજય પતાકા લહેરાવી છે. સંપૂર્ણ ભારત માંથી સિલેક્ટેડ ટીમ તૈયાર થઈ હતી. જેમાં શારીરિક કસોટીનું માપન સાથે સાથે ટેસ્ટ માં ૫ કિલોમીટર દૌડ, ક્લાઈમ્બિંગ, રેપ્લિન, મૌખિક પ્રશ્નોત્તરી અને ફાઈનલ સિલેક્શનમાં પાસ થઈ ટોપ ટેનમાં કાજલને સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ટીમમાં સામેલ થતા હિમાલયના લેહ - લદાખ ખાતે ૧ ઓગસ્ટે થી ૨૫ ઓગસ્ટ સુધી પ્રયાણ કરી જેમાં લદાખ, મેન્ટોક - કાંગરી જેવા અતિ દુર્ગમ અને બરફના ચાદરો થી ઢંકાયેલા ટફ રૂટ ૧, ૨ અને ૩ આરોહણ અને અવરોહણ સફળ રીતે પૂર્ણ કર્યું હતું.

આ આદિવાસી દીકરીએ યશ એડવેન્ચર અને પર્વતારોહણ વાંસદાના માર્ગદર્શન હેઠળ તોરણીયા ડુંગર થી શરૂઆત કરી છેક હિમાલય સુધીની તમામ શિખરોને ખૂંદી વળી છે. હાલમાં જ મેન્ટોક કાંગરી (૬૨૫૦ મીટર) લદ્દાખમાં અભિયાનોની વાત કરતા જણાવ્યું હતું કે, વિશાળ ત્સો મોરીરી તળાવની પશ્ચિમ બાજુએ આવેલું આ શિખર કોર્ઝોક ગામમાંથી ૩-૪ દિવસમાં ચઢી શકાય છે. સમિટ માંથી તળાવની આજુબાજુના ચામસેર અને લંગસેર કાંગરી, ચાંગથાંગ ઉચ્ચ-દેશ અને દૂરના તિબેટના અદ્ભુત દૃશ્યો છે. સારા અનુકૂલન માટે, vQીસે થી ત્સો મોરીરી ટ્રેક, હેમિસ થી ત્સો મોરીરી ટ્રેક અથવા ઝંસ્કર થી ત્સો મોરીરી ટ્રેક સાથે ચઢાણને જોડવાનું શ્રેષ્ઠ જણાય છે.

આટલુ જ નહી રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વૃત્તિઓ વિભાગ રાજ્ય સ્તરે ખેલમહાકુંભ-૨૦૨૪ ક્લાઈમ્બિગ વોલ સ્પોર્ટ્સ ક્લાઈમ્બિંગ કોમ્પીટીશનમાં, સ્પીડ ક્લાઈમ્બિંગ, લીડ ક્લાઈમ્બિંગ અને બોલ્ડર ક્લાઈમ્બિંગ એમ ૩ પ્રકારની રમતમાં પણ કાજલ માહલાએ ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ મેળવ્યું છે. કાજલના આ વિશેષ એચિમેન્ટ માટે સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ સંસ્થાન માઉન્ટ આબુ રાજસ્થાન, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિરેન પટોડીયા તથા જિલ્લા રમત ગમત અધિકાર અલ્પેશ પટેલ તથા તેમના ઉજ્જવળ કાર્ય માટે ડૉ.વિજય પટેલ,સફળ ટ્રેકર (SOS) ૭૫૬૭૯૭૩૨૪૧ યશ એડવેન્ચર અને પર્વતારોહણ વાંસદા અને કલા સંવર્ધન પ્રગતિ મંડળ વાંસદા તેમજ સંપૂર્ણ ટીમ મેમ્બર દ્વારા આ દિકરી જીવનમાં ઉતારો ઉત્તર પ્રગતિ માટે તથા નવસારી જિલ્લાને ગૌરવ અપાવવા માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**મંગળવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરિત માણસગાન ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - વણ માધુરી (દમણથી), ૯.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૧૦.૩૦ અમદાવાદ વડોદરાથી પ્રસારિત કાર્યક્રમો, ૦૧. ૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. (સાજે પાંચ.૩૦ વાગ્યા સુધી) **સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭-૨૦ કિસાન વાણી (દમણથી), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ - સભા સમાપન

# ભગવાન શિવ નિલકંઠ કેમ કહેવાયા?



**અતિ વિપત્તિભરી સ્થિતિમાં બધા મહાદેવજી પાસે ગયા તથા પ્રાર્થના કરી કે વિશ્વને બચાવવા માટે આ ઝેરનો સ્વીકાર કરો. મહાદેવ હસ્યા અને સંપૂર્ણ વિશ્વની રક્ષા માટે પેલું હળાહળ કાળકૂટ ઉપાડીને નિર્લિપ્ત ભાવથી ગટગટાવી ગયા. ભયાક્રાન્ત સંસાર શાન્ત થયો ત્યારથી શંકરનું નામ મહાદેવ થયું**

મહાદેવનો કંઠભાગ નીલા રંગનો છે એટલે તેમને નીલકંઠ કહેવાય છે. તે અંગે દેવાસુરસંગ્રામની કથા જોઈએ. દેવ તથા અસુરોનો અનાદિથી સંગ્રામ ચાલ્યા કરે છે. એક વાર બન્નેએ મળીને સમુદ્રમંથન કરી રત્નો કાઢવાનું નક્કી કર્યું પણ સમુદ્રને મથવો શાનાથી? મંદરાચલ પર્વત ઉપાડી લાવ્યા જે રવૈયા તરીકે ગોઠવી દીધો પણ ગોઠવવો શેના ઉપર? તરત જ કચ્છપ પધરાવ્યો, તેના ઉપર મંદરાચલ મૂક્યો પણ હવે વલોવવો શાનાથી? તો વાસુકી નાગ લઈ આવ્યા આમ તૈયારી પૂરી થઈ.આવતી કાલે વલોણું વલોવવાનું શરૂ થશે.રાતે દેવો ચિંતાતુર વદને ભેગા થયા. ચિંતા છે કે જો વાસુકિનું મુખ આપણી તરફ આવ્યું તો તેના ઝેર-વમનથી આપણું સત્યાનાશ વળી જશે.દૈત્યો અવળચંડા છે, એ જરૂર આપણા તરફ મોઢું રખાવશે.બધા ચિંતાતુર છે તેવામાં આવી પહોંચ્યા નારદ. નારદ સનાતન પાત્ર છે. જ્યારે જુઓ ત્યારે હાજર.દેવોની ચિંતા જાણીને નારદે આશ્વાસન આપ્યું કે ચિંતા ન કરો. હું યોગ્ય વ્યવસ્થા કરું છું. રાત્રે બાર વાગ્યે તે દૈત્યોની છાવણીમાં ગયા.ત્યાં પણ બધા જાગતા હતા પણ ચિંતાના કારણે નહિ.ખાણીપીણી ચાલતી હતી.નારદને જોઈને બધા હરખાયા ઓહો ! નારદજી અત્યારે કેમ પધાર્યા ? નારદની વિશેષતા એ છે કે પક્ષ-વિપક્ષ બન્ને તેમને પોતાના ખાસ માણસ સમજે. બન્ને પક્ષોને આંગળાઓના ટેરવે નચાવી શકે તે નારદ થઈ શકે.થોડા આક્રોશ તથા ચિંતા સાથે નારદે કહ્યું ક્ષ્અરે ! તમને ખબર નથી શું? આવતીકાલે સમુદ્રમંથન થશે,તેમાં તમને નાના બાપના હલકા કુળના સમજીને પૂંછડું આપવાનું દેવોએ નક્કી કર્યું છે.માથું તો દેવો પાસે રહે કારણ કે તેઓ પોતાને મોટા બાપના કુળવાન માને છે એટલે સવારે તમારું નાક કપાવાનું છે. મારાથી રહ્યું ના ગયું એટલે તમને સાવધાન કરવા આવ્યો છું નારદની વાત સાંભળીને દૈત્યો ઊકળી ઊઠ્યા એ નહિ બને ! અમે પૂંછડું નહિ લઈએ, માથું જ લઈશું. નારદે જોયું કે કામ બરાબર થયું છે એટલે કહ્યું પણ સવારે ઝઘડો થશે તો શું કરશો? એમ કહેજો મને ન્યાયાધીશ તરીકે નીમી દેજો, હું જે નિર્ણય આપું તે બન્ને પક્ષને માન્ય રહે તેવી વ્યવસ્થા કરજો પછી હું નિર્ણય આપીશ. નારદજીની સલાહ સાંભળીને બધા ખુશખુશ થઈ ગયા વાહ ! નારદજી વાહ ! કાળી રાતે કામ કર્યું. દૈત્યો કૃતજ્ઞભાવથી નમી પડયા.નારદે વિદાય લીધી.આવ્યા પાછા દેવોના કેમ્પમાં. ચિંતાતુર દેવોને કહ્યું કે કામ થઈ ગયું છે. તમારે હવે આટલું કરવાનું સવારે વાસુકિનું મુખ તમારા પક્ષ તરફ રાખવાનું, દૈત્યો માગે તો પણ આપવાનું નહિ પછી કોલાહલ થાય અને દૈત્યો ન્યાયાધીશ તરીકે મારું નામ મૂકે તો તમારે માન્ય રાખવાનું પછી હું નિર્ણય આપીશ.

સવારે તેવું જ થયું. મંદરાચલને આંટો મારેલો વાસુકિ નાગ દેવો તરફ મુખવાળો હતો. દૈત્યો તરફ પૂંછડું હતું. દૈત્યોને નારદની ચેતવણી યાદ આવી, અને નારદની લાગણી બદલ કૃતકૃત્ય થવા લાગ્યા. દેવોએ કહ્યું કે ચાલો ત્યારે મંથન શરૂ કરીએ, દૈત્યોએ કહ્યું કે નહિ બને, અમે પૂંછડા તરફ રહેવાના નથી, અમારે તો મોઢાવાળો ભાગ જ જોઈએ. દેવોએ ના પાડી. બન્ને વચ્ચે ખરો ઉગ્ર વિવાદ ચાલ્યો. ત્યાં તો નારદ પધાર્યા. બન્નેએ મળીને તેમને જ નિર્ણય સોંપ્યો, અને નારદે નિર્ણય સંભળાવ્યો કે દૈત્યો મોઢા તરફ રહેશે. નિર્ણય સાંભળીને દૈત્યો રાજીરાજી થઈ ગયા.જે જોઈતું હતું તે જ મળ્યું. આ બાજુ દેવો પણ રાજીરાજી હતા.નારદની ચતુરાઈથી તે બહુ મોટા ભયથી બચી ગયા હતા. સમાજમાં ઘણા લોકો એવા હોય છે કે સીધી રીતે કહો તો માને નહિ પણ ઊંધી રીતે કહો તો જ માને.

મંથન શરૂ થયું. વાસુકિના ઝેરભર્યા શ્વાસોચ્છ્વાસથી ઘણા દૈત્યો મરવા લાગ્યા. મંથનમાં સર્વપ્રથમ ખદખદ કરતું હળાહળ ઝેર નીકળ્યું. ઝેરને જોતાં જ બધા ભાગ્યા કે અલ્યા રત્નો લેવા ગયા પણ આ તો ઝેર નીકળ્યું. આ ઝેર કોણ પચાવે ! બધા દોડયા ભગવાન વિષ્ણુ પાસે પણ તેમને તો પહેલાં જ કહી દીધું કે ઝેર પચાવવાનું કામ મારૂં નથી. મારૂં કામ તો બાળભોગ, રાજભોગ પચાવવાનું છે. બધા દેવો બ્રહ્મા પાસે ગયા પણ તે પણ તૈયાર થયા નહિ. ઝેર તો ત્રૈલોકને નાશ કરવા તૈયાર હતું. આવી અતિ વિપત્તિભરી સ્થિતિમાં બધા મહાદેવજી પાસે ગયા તથા પ્રાર્થના કરી કે વિશ્વને બચાવવા માટે આ ઝેરનો સ્વીકાર કરો.મહાદેવ હસ્યા અને સંપૂર્ણ વિશ્વની રક્ષા માટે પેલું હળાહળ કાળકૂટ ઉપાડીને નિર્લિપ્ત ભાવથી ગટગટાવી ગયા.ભયાક્રાન્ત સંસાર શાન્ત થયો ત્યારથી શંકરનું નામ મહાદેવ થયું.

અમૃત પીએ તે દેવ પણ પારકાં ઝેરને પીને પણ જે અમર રહે તે મહાદેવ. અમૃત પીનારા બધે જ હોય છે પણ ઝેર પીનારા ભાગ્યે જ મળતા હોય છે. ઝેર પીધા વિના મહાદેવ ના થવાય પણ મહાદેવે જે ઝેર પીધું તે પેટમાં ના જવા દીધું નહિતર નસેનસમાં ફેલાઈને મૃત્યુ નોંતરત, તેમજ ઝેરને પાછું થૂંકી ના દીધું પણ કંઠમાં રાખી લીધું એના કારણે કંઠ નીલા રંગનો થઈ ગયો તેથી તેમને નીલકંઠ કહેવાય છે. દૂષણ ભૂષણ બની ગયું.

ઝેરને પાછું થૂંકી દેવું તેનો અર્થ સમજ્યા? કડવી ઝેર જેવી વાત કોઈ સંભળાવે, તેને સામેથી બમણી કડવી વાતો સંભળાવવી, મેણાં મારવાં તે ઝેરને થૂંકી દેવા બરાબર છે. પરિણામે ઝેર વધ્યા જ કરે.

**આવત ગાલી એક હૈ, ઊલટત હોય અનેક,**
**કહે કબીરના ઊલટીએ, વહી એક કી એક..**

કોઈ ગાળ આપે ત્યારે એક જ ગાળ હોય છે, આપણે તેની ગાળ પાછી આપીએ તો તે પાછો અનેક ગાળો આપણને આપતો હોય છે. આમ ગાળની આપ-લે ચાલ્યા કરે તો કલહ મોટો થઈ જાય, તેના કરતાં તો કબીર કહે છે કે પેલી જે પ્રથમ એક ગાળ આવી છે તેને જ રાખી લેવી શું ખોટી? સંસારની કડવાશને પીધા વિના મહાદેવ ન થવાય. આ કડવાશને માત્ર પીએ જ નહિ, પચાવી જાણે તે જ મહાદેવ થાય.

મહાદેવ પેટમાં હળાહળ ઝેરને ઉતારી ગયા તેનો અર્થ સમજ્યા? કડવી વાતને માણસ મનમાં ઉતારે પછી તેને વાગોળી વાગોળીને દુઃખી થયા કરે,યાદ કરી કરીને કલેશ અનુભવ્યા કરે,મહિના તથા વર્ષો સુધી પેલું ઝેર પ્રસર્યા કરે. પૂરૂં જીવન ઝેરઝેર થઈ જાય એટલે કોઈની કડવી વાતની અસર ના થવા દેવી તથા સામી કડવી વાત ના આપવી. જે આવી હોય તેને સહન કરી ખંખેરી નાખવી, ગમ ખાઈ લેવો તે જ કલ્યાણકારી છે. આવું કરે તો કુટુંબને બચાવી શકે, ત્રણ લોકને બચાવી શકે. ગમ ખાવામાં આટલી બધી શક્તિ છે. (સ્વામી સચ્ચિદાનંદ)

**આલેખન:**
**વિનોદભાઈ માછી નિરંકારી**




## આજનું પંચાગ

**તા.** ૦૩-૦૯-૨૦૨૪, **વાર:** મંગળવાર, **તિથિ:** અમાસ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૫:૫૮ **સૂર્ય અસ્ત :** ૧૯:૨૭ **ચંદ્રરાશિ:** કુંભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.
**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.
**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.
**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.
**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.
**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.
**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.
**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

# ભિલાડમાં નિરંકારી દ્વારા રક્તદાન શિબિર : ૩૦૪ યુનિટ રક્ત એકત્રિત




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ,તા.૦૨:** ભિલાડ, સપ્ટેમ્બર ૦૧, ૨૦૨૪ નિરંકારી સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજના દૈવી ઉપદેશોની પ્રેરણાથી ૩૦૪ નિરંકારી ભક્તોએ ભિલાડમાં રક્તદાન કર્યું. નિરંકારી મિશનની ભિલાડ શાખામાં સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેજા હેઠળ ૦૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ સંત નિરંકારી સત્સંગ ભવન (તલવાડા) ખાતે આયોજિત રક્તદાન શિબિરમાં જી.એમ.આઈ.આર. એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલે ૧૩૨ યુનિટ રક્ત એકત્ર કર્યું અને વલસાડ રક્તદાન કેન્દ્રે ૧૭૨ યુનિટ રક્ત એકત્ર કર્યું.

ઉલ્લેખનીય છે કે સંત નિરંકારી મિશન સુરત ઝોન સતત રક્તદાન શિબિરોનું આયોજન કરીને શહેરમાં રક્તની અછતને દૂર કરવા અથાત પ્રયાસો કરી રહ્યું છે.

આ રક્તદાન શિબિરનું ઉદઘાટન દક્ષિણ ગુજરાતના પ્રભારી ઓમકારસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે નિરંકારી સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજના દિવ્ય ઉપદેશોને કારણે નિરંકારી ભક્તોમાં માનવ સેવાની ભાવના પ્રબળ બની છે જેના કારણે તેઓ નરસેવા નારાયણ પૂજાની ભાવનાથી રક્તદાનમાં સતત યોગદાન આપી રહ્યા છે.

ઉમરગામ તાલુકાના ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા તેમની ટીમે આ શિબિરની સૌજન્ય મુલાકાત લીધી હતી અને મિશનની પ્રશંસા કરી હતી. તેમજ ઘનોલી અને તલવાડા ગ્રામ પંચાયતના સરપંચ સવિતાબેન વાડકર, સરીગામના યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન રાકેશભાઈ રાય પણ ઉપસ્થિતિ રહી હતી.

આ અવસરે સો.વેલ્ફેર કોર્ડિનેટર, ઉમરગામ સેક્ટરના સયોજક તથા ભિલાડ શાખાના મુખી અને સેવાદળના અધિકારીઓએ રક્તદાન શિબિરમાં ઉપસ્થિત રક્તદાતાઓ સહિત તબીબ અને રક્ત અકત્રિત ડૉક્ટર તેમજ તેમની ટીમ અને તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આછવણીનું પ્રગટેશ્વર ધામ શિવમય થયું

**શ્રાવણના છેલ્લા સોમવારે વલસાડના નવરંગ ગૃપની ભક્તિ ટીમનું આછવણીમાં પ્રગટેશ્વર દાદાને ભક્તિમય ચરણ સ્પર્શ**



**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ,તા.૨:** પ્રગટ પ્રગટેશ્વર ધામ આછવણી ખાતે શ્રાવણ માસના છેલ્લા સોમવારે ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાના પરમ સાનિધ્યમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વહેલી સવારે એક કુંડી લગુરુદ્ર યજ્ઞ તેમજ પ્રગટેશ્વર મહાદેવનો અભિષેક કરાયો હતો. હર હર મહાદેવ ભમ ભમ ભોલે નાદથી સમગ્ર પરિસર ધાર્મિકમય બન્યું હતું. યજ્ઞ, અભિષેક સહિત દરેક પૂજાવિધિ શાસ્ત્રોક્ત રીતે ભૂદેવો કશ્યપભાઈ જાની અને ચિંતનભાઈ જોષીએ કરાવી હતી. આ વર્ષના શ્રાવણ માસની વિશેષતા એ હતી કે દર સોમવારે વરુણ દેવની કૃપાથી વરસાદે મન મૂકીને ભોલેનાથનો અભિષેક કર્યો હતો.

વલસાડના નવરંગ ગ્રુપની ભક્તિ ટીમે શૈલેષ જૈનના માર્ગદર્શન હેઠળ ચરણ સ્પર્શ નામનો અનોખો ગુરુ વંદના ભક્તિમય કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં ગાયક કલાકારો તરીકે વૈદિક પટેલ, પાયલ ભાવસાર, ચેતના કોડવની, અનુયાબેન વૈદ્ય, રીનાબેન, મિતેષ દેસાઈ, નિલેશ પટેલ, ચેતન પટેલ અને ભવ્યા કોડવાની જ્યારે એન.જી. ટીમમાં જીમીભાઈ, યોગેશભાઈ, વિનોદભાઈ, ભવિનભાઈ તેમજ પિયુષભાઈએ તેમનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ ભગવાન શિવના આશીર્વાદ સૌની ઉપર બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રગટેશ્વર મહાદેવના સાનિધ્યમાં કોઈ વસ્તુ માંગવામાં આવતું નથી સ્વયં થાય તે સત્યના સિદ્ધાંતો સાથે અહીં દરેક કામો સ્વયં થાય છે, એ જ સાચી ભક્તિ છે. આપણે ખેતરમાં જઈને કંઈ કામ ના કરીએ તો કોઈ ફળ મળતું નથી. તેવી જ રીતે તીર્થસ્થાનોમાં જઈને કોઈ દાન પુણ્યના કરીએ તો કોઈ ફળ મળતું નથી, જેથી તીર્થમાં જઈએ તો યથાશક્તિ દાન કરવું જોઈએ. તેમણે ભગવાન શિવના કાર્યક્રમમાં ઉપસ્થિત ભુદેવોનો આભાર વ્યક્ત કર્યો હતો. આજે રજૂ કરેલા ભક્તિમય કાર્યક્રમ ચરણ સ્પર્શના સંચાલક શૈલેષભાઈ જૈન અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

નવરંગ ગ્રુપના ડાયરેક્ટર શૈલેષભાઈ જૈનએ જણાવ્યું કે, આજનો ચરણ સ્પર્શ કાર્યક્રમ અહીંના પ્રગટેશ્વર શિવ પરિવાર જે દાદાને પગે પડી ચરણ સ્પર્શ કરે તેના ઉપરથી રાખવામાં આવ્યો છે. ભાવસાગરથી પાર કરવા માટે સાચા ગુરુની જરૂર છે, જે તમને પરભુદાદાના રૂપમાં મળ્યા છે. આપણે દાદાને દુઃખમાં યાદ કરીએ છીએ પણ જો સુખમાં યાદ કરીએ તો દુઃખ આવવાનો પ્રશ્ન જ નહીં આવે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

કથાકાર ભાસ્કરભાઈ દવે, ભુદેવ ચિંતનભાઈ જોશી તેમજ પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિ મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે. ખાંદવેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ મંદિર સેવા સમિતિ પ્રમુખ બીપીનભાઈ પરમારે સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા.

પાણીખડક હાઈસ્કૂલની બાળાઓએ ભગવાન શિવજીનો સુંદર ગરબો રજૂ કર્યો હતો. સોમવારની પૂર્વ સંધ્યાએ માસિક શિવરાત્રીની ઉજવણી પણ કરવામાં આવી હતી. આ અવસરે ચીખલીના ભજન મંડળે ભગવાન શિવના ભજનોની રમઝટ બોલાવી હતી. આ શુભ અવસરે પ્રગટેશ્વર સેવા સમિતિ પ્રમુખ બીપીનભાઈ પરમાર, મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે.ખાંદવે, મંત્રી હેમંતભાઈ પટેલ, ખજાનચી અમિતભાઈ પટેલ, પ્રગટેશ્વર મહિલા પ્રમુખ સીતાબેન પટેલ, પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલ, શિવ પરિવારના વિનોદભાઈ પટેલ(મામા), વિપુલભાઈ પંચાલ, અપ્પુભાઈ પટેલ, પ્રવિણભાઈ મિસ્ત્રી, કૃપાશંકર યાદવ, મયંકભાઈ બ્રહ્મભટ્ટ, કાંતિભાઈ દમણિયા, સોમાભાઈ આહિર, ભાવેશભાઈ સહિત ગુજરાત-મહારાષ્ટ્ર શિવ પરિવાર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વાપીની અથર્વ પબ્લિક સ્કૂલમાં રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવાયો





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૦૨:** વાપી ચણોદ સ્થિત જય પેકડાઈ માતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત, અથર્વ પબ્લિક સ્કૂલમાં તારીખ- ૨૯/૦૮/૨૦૨૪ ને ગુરુવારના દિને રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવવામાં આવ્યો હતો. આ ખેલ દિવસ ભારતના હોનહાર હૉકી ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મદિવસ નિમિત્તો સમગ્ર ભારત દેશની અંદર રાષ્ટ્રીય ખેલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ આશયથી અથર્વ પબ્લિક સ્કૂલમાં આ ખેલ દિવસ ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગને અનુલક્ષમાં વિદ્યાર્થીઓ માટે ઈન્ડોર ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્યત્વે ચૅસ અને કેરમ જેવી રમતો વિદ્યાર્થીઓને રમાડવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ આ રમતો રમવા માટે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા તથા ચૅરપર્સન લીના બોરસે દ્વારા વિદ્યાર્થીઓને ખેલ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા તેમણે જણાવ્યું હતું કે, રમતો રમવાથી માનસિક, શારીરિક અને બૌદ્ધિક વિકાસ થાય છે. તેમણે વિદ્યાર્થીઓને મેજર ધ્યાનચંદ વિશે પણ જાણકારી આપી હતી. શાળાના વ્યાયામ શિક્ષક અફઝલ સરે વિદ્યાર્થીઓ પાસે રાષ્ટ્રીય ખેલ દિવસને અનુરૂપ પ્રતિજ્ઞા લેવડાવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના એકેડેમીક ડાયરેક્ટર પિયુષ બોરસે પણ હાજર રહ્યા હતા. તેમણે પણ વિદ્યાર્થીઓને ખેલ અંગે જરૂરી માહિતી પૂરી પાડતા વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળાના શિક્ષકગણનો પણ ખૂબ યોગદાન પ્રાપ્ત થયું હતું.

# વાપીની આર.કે.દેસાઈ કોલેજમાં એક દિવસનો વર્કશોપ યોજાયો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી,તા.૦૨:** આર.કે.દેસાઈ કૉલેજ ઑફ કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગમાં એક દિવસનો વર્કશોપનો કાર્યક્રમ યોજાયો.જેમાં સ્પીકર તરીકે પ્રો. CA દિપક વેકરીયા હતા અને આ વર્કશોપમાં તેમનો વિષય "Financial Literacy" હતો.Financial Literacy એટલે કે આપણી બચત ને આપણે કઈ રીતે રોકાણ કરી શકીએ, કઈ જગ્યાએ કરવી જોઈએ અને કેવી રીતે કરવી જોઈએ એના વિશે ખુબજ સરળ ભાષા શૈલીની અંદર સમજૂતી આપી હતી. એટલુંજ નહીં પરંતુ ફાયનાન્સિયલની બાબતે જે સમસ્યાઓ સર્જાય છે તે સમસ્યાનો કઈ રીતે સામનો કરવો તે વિશે પણ સુંદર માહિતી પૂરી પાડી હતી અને આ વર્કશોપ ખાસ કરીને B.COMના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનું સંચાલન પ્રો. ચિત્રા શેઠ દેસાઈ તથા ડો. અમિત સોનવને એ કર્યું હતું.તેમજ આ કાર્યક્રમના કો-ઓર્ડિનેટર તરીકે કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો. શીતલ ગાંધીએ ફરજ નિભાવી હતી.આ કાર્યક્રમને સુકાન તરફ લઈ જવામાટે GS ગોહર શેખે આભાર વિધિ કરી હતી. આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા ઈન્ચાર્જ ડાયરેક્ટર ડો મિત્તલ શાહે તેમજ કોલેજના સમગ્ર અધ્યાયપકોએ શુભેચ્છા પાઠવી હતી.

# કપરાડાની ખડકવાળ પ્રાથમિક શાળામાં રક્તદાન કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ,તા.૨:** કપરાડા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ખડકવાળ ગામે ખડકવાળ પ્રાથમિક શાળામાં સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ, રોટરી વાપી રીવરસાઈડ, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર, RAINBOW WARRIORS DHARAMPUR, પાર્થ ટ્રેડર્સ વાપી અને ખડકવાળ પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય કાશીરામભાઈએ સ્વાગત પ્રવચન અને કપરાડા તાલુકાના બી.આર.સી કો.ઓ સંજયભાઈ દરજીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. RAINBOW WARRIORS DHARAMPUR ની અનોખી પરંપરા મુજબ વ્યક્તિ વિશેષ તરીકે દરેક રક્તદાન કેમ્પમાં રસોઈયા તરીકેની ફીમાં સેવા આપનાર શાંતારામભાઈનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. રક્તદાતાઓને પાર્થ ટ્રેડર્સ વાપી તરફથી ટુવાલ, સાકાર જીવન વિકાસ ટ્રસ્ટ મુંબઈ તરફથી ટીફીન બોક્ષ, રોટરી વાપી રીવરસાઈડ તરફથી દીવડી તથા થેલી, શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર તરફથી હેલમેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. ખડકવાળ શાળા પરિવાર તરફથી તમામ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે અરુણભાઈ અગરકર ટ્રસ્ટી (એન્જિનિયર એસોસીએશન વાપી), પાર્થિવ મહેતા (પાર્થ ટ્રેડર્સ વાપી), પરમેશ્વર બંગ (પ્રમુખ રોટરી વાપી), મનીષ ભાવસાર, ગૌતમ ભાવસાર, સોનલ ભાવસાર, કૃષિત શાહ, સંજય દરજી બી.આર.સી. કો. કપરાડા, જયેશ પાડવી (સી. કાર્યાધ્યક્ષ વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ), કિરણભાઈ ભોરસટ આચાર્ય ખરેડી, નીલોફર શેખ સી.આર.સી મનાલા, જયંતિ પટેલ શીતલ છાંયડો લાઈબ્રેરી નગરીયા, સ્નેહલ પટેલ કુસુમ ફાઉન્ડેશન જયેન્દ્રભાઈ ગાંવિત સરપંચ મનાલા, રાજેશભાઈ રાઉત સામાજિક કાર્યકર, નીતા પટેલ, દર્શના પટેલ, અશોક પટેલ તથા મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહી રક્તદાન કરી રક્તદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ખડકવાળ શાળા પરિવારના આચાર્ય કાશીરામભાઈ, ભાવનાબેન પટેલ, -ગતિબેન ટંડેલ, ભરતભાઈ, તેજસભાઈ તથા તમામ સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી કાર્યક્રમનું આયોજન તથા સંચાલન ખડકવાળ શાળા પરિવાર, બી.આર.સી કપરાડા, સી.આર.સી મનાલા તથા RAINBOW WARRIORS DHARAMPUR ના કો.ઓર્ડીનેટર શંકર પટેલે કર્યું હતું.

# વલસાડની વિવિધ શાળાઓમાં આરોગ્ય વિષયક જાગૃતિ માટે વકૃત્વ સ્પર્ધા યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ,તા.૨:** વલસાડની લોટસ હોસ્પિટલ દ્વારા તા. ૩૧ ઑગસ્ટના રોજ માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે ''શું માનસિક સ્વાસ્થ્ય શાળાનાં અભ્યાસ ક્રમમાં ફરજિયાત કરવું જોઈએ? અને ''શું બાળકોની સ્થૂળતા આપણા દેશની ગંભીર સમસ્યા છે ?'' વિષય પર વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં દીપેશ શાહ, ઉત્પલ દેસાઈ અને ભક્તિ શાહ નિણાર્યક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અનેક વિદ્યાર્થીઓ, વાલીઓ અને લોટસ હૉસ્પિટલના ડૉ. કલ્પેશ જોશી, ડૉ. અજિત ટંડેલ , સીઈઓ અંકિત રોય અને ચીફ એકાઉન્ટન્ટ નેહા ખેમાણી હાજર રહ્યા હતા. લોટસ હોસ્પિટલ તરફથી વિજેતાઓને ટ્રોફી, સર્ટિફિકેટ અને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા. વલસાડ નગરપાલિકાના સભ્ય હિતેષ પટેલ તરફથી વિજેતા સ્પર્ધકોને ચાંદીના સિક્કા ભેટ આપવામા આવ્યાં હતા, જેમાં અનુક્રમે દિત્યા તિવારી (સરસ્વતી સ્કૂલ), પ્રિયાંશી પટેલ (સરસ્વતી સ્કૂલ) અને હીર નાયક (શ્રી વલ્લભ સંસ્કાર ધામ) વિજેતા થયા હતા. તેમજ સાક્ષી બુચ (વલ્લભ આશ્રમ)ને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધા લોટસ હોસ્પિટલ તરફથી દર વર્ષે અલગ અલગ આરોગ્ય વિષય પર રાખવામાં આવશે. જેનો હેતુ બાળકોમાં આરોગ્ય વિષયક જ્ઞાન કેળવાય અને જાગૃતિ આવે એ માટેનો છે.

# ખેરગામ બરોડા બેંકના મેનેજરને વિદાયમાન અપાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા,તા.૦૨:** આદિવાસી વાંસદા તા.ના લિમ્બારપાડા ગામના વતની અને વર્ષોથી બીલીમોરા ખાતે સ્થાયી થયેલા રાજેન્દ્ર મગનભાઈ પટેલની બેંક ઓફ બરોડામાં પ્રથમ વખત ૧૯૮૪મા સત્યાગ્રહી ગામ કરાડી મટવાડમાં નિયુક્તિ થઈ હતી. બીલીમોરામા ૧૮ વર્ષ, દમણ ઓન્જલ માછીવાડ, ટાંકલ, બિગરીમાં મેનેજર અને પછી ડાંગ જિ.મા લીડ મેનેજર તરીકે આદિવાસી જિલ્લાની બધી બેંકોનું સુપરવિઝન જિલ્લા કલેકટર સાથે પરામર્શમાં રહી અવારનવાર કરતા હતા. ૪૦ વર્ષની નાણાંકીય સેવામાં છેલ્લા છ માસ માટે ખેરગામ બેંક ઓફ બરોડામાં જોઈન્ટ મેનેજર પદ ભોગવી ૩૧-૮-૨૪ એ ખેરગામ શાખા દ્વારા નિવૃત્તિ વિદાયમાનમાં બેંકના મેનેજર પ્રકાશ કુમાર, ધર્મ પત્ની ચંચળબેન બે દીકરી જમાઈ ખુશ્બુ-કરણ/ સુરભી પાર્થ સ્નેહીજનો તથા સૌ શુભેચ્છકો દ્વારા વિવિધ સ્મૃતિભેટ અર્પણ કરી નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી જેના પ્રતિભાવમાં રાજુભાઈએ વિશેષ સન્માન માટે સૌનો દિલથી આભાર માન્યો હતો, અંતમાં સૌએ ભોજનનો કર્યું હતું.

# વરસાદ તથા પુરના પાણી ઓસર્યા બાદ નવસારી જિલ્લામાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું રિપેરીંગ કામ હાથ ધરાયું

**(દમણગંગા ટાઈમ્સ)**

**નવસારી,તા.૦૨:** નવસારી જિલ્લામાં વરસાદ તથા પુરના પાણી ઓસર્યા બાદ જિલ્લા તંત્ર દ્વારા જનજીવન પૂર્વવત કરવા પૂરજોશમાં કામગીરી કરવામાં આવી હતી. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે નદીઓમાં પુરની સ્થિતિને પરિણામે જિલ્લામાં બિસ્માર થયેલા રસ્તાઓને મરામત કરવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાકીદે શરૂ કરવામાં આવી છે. વરસાદી પાણીના પ્રવાહને પરિણામે ધોવાણ પામેલા રસ્તાઓ ત્વરિત મરામત કરી લોક સમસ્યાઓનું નિયત સમયમર્યાદામાં નિરાકરણ લાવવા વહીવટી તંત્ર દ્વારા કામગીરી હાથ ધરાઈ છે. નવસારી માર્ગ અને મકાન વિભાગ હસ્તક આવેલ નવસારી સુપા બારડોલી રસ્તા ઉપરનો પૂર્ણા નદી ઉપરનો બ્રિજ નદીનું પાણી ઓવર ટોપિંગ થવાથી ક્ષતિગ્રસ્ત થયેલ રોડ પર મરામતની કામગીરી હાથ ધરી રેપિડ હાર્ડનિંગ કોન્ક્રીટ અને ગેબીયન વૉલનો ઉપયોગ કરી મરામતની કામગીરી પૂર્ણ કરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવેલ હતો. મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યને જોડતા મુખ્ય જીલ્લા માર્ગ માનકુનિયા આંકલાછ રોડ જેના એબટમેન્ટ વોલનો આંશિક ભાગ સ્કાઉરીંગ તથા પાઈપીંગ અસરના કારણે તૂટી જવા પામેલ હતો, જે તાત્કાલિક સ્લેબ ડ્રેઈન ડીસમેન્ટલ કરી ૬.૫ મી. જેટલી ઊંડાઈમાં ૧૫૦૦ મી.મી. ના પાઈપ-નાળા નાખી બંને તરફ ગેબીયન વોલ બનાવી ચાલુ વરસાદમાં વાહન વ્યવહાર પુર્વવત ચાલુ કરી દેવામાં આવેલ હતો. ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ દ્વારા મરામત કરવા-પાત્ર રસ્તાઓની રોજ-બરોજ મેટલ પેચ અને કોલ્ડ-મીક્ષ પેચ વડે મરામત કરવામાં આવે છે, વધુમાં આવતી કાલથી ડામર પેચની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

# નારગોલ ગામે વિશ્વ નાળિયેળી દિવસની ઉજવણી કરવામાં આવશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ,તા. ૦૨:** વિશ્વ નારિયેળ દિવસની ઉજવણીના ભાગરૂપે નવસારી કૃષિ યુનિવર્સિટી બાગાયત મહાવિદ્યાલય ખાતે એ. આઈ. સી. આર. પી. (પામ્સ) યોજના અને નાયબ બાગાયત નિયામક શ્રી વલસાડના સંયુક્ત ઉપક્રમે નારીયાળીની આધુનિક ખેતી પદ્ધતિ સમસ્યા અને સમાધાન શિર્ષક હેઠળ દક્ષિણ ગુજરાતના નારીયાળીની ખેતી કરતા ખેડૂત ભાઈ-બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન બીજી સપ્ટેમ્બર એટલે કે વિશ્વ નાળિયેરી દિવસના (WORLD COCONUT DAY) ભાગરૂપે આગામી તા. ૦૪/૦૯/૨૦૨૪ ના દિને સવારે ૯ઃ૦૦ કલાકે ભંડારી સમાજ નારગોલ સાંસ્કૃતિક ભવન જગદંબાધામ નારગોલ તા. ઉમરગામ જી. વલસાડ ખાતે કરવામાં આવનાર છે. યોજનાના ઈન્ચાર્જ ડોક્ટર પંકજ ભાલેરાવના જણાવ્યા મુજબ યોજનાર તાલીમમાં નારિયેળમાં ઉત્પાદન વધારવા માટેના મુખ્ય મુદ્દાઓ તેમજ બહુઉદેશ્યપાક પદ્ધતિ, નારીયાળીમાં રોગ-જીવાતોનો સંકલિત નિયંત્રણ, નારિયેળીમાં મૂલ્ય વર્ધન અને નારીયારી પાકમાં રાજ્ય સરકાર તરફથી મળતી વિવિધ સહાય યોજનાઓ જેવા વિવિધ વિષયો ઉપર મહાવિદ્યાલય તેમજ બાગાયત ખાતાના તજજ્ઞો મારફત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. સદર તાલીમ ડો. ઝેડ.પી. પટેલ કુલપતિ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના અધ્યક્ષપણા હેઠળ યોજાશે કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય રમણભાઈ પાટકર, અતિથિ વિશેષ તરીકે ડૉ. ટી.આર. અહલાવત-સંશોધન નિયામક નવસારી કૃષિ યુનિવર્સિટી, નારગોલ ગામના સરપંચ સ્વીટી યતીન ભંડારી, જે.આર. નાયક વિદ્યાર્થી કલ્યાણ નિયામક નવસારી કૃષિ યુનિવર્સિટી ઉપસ્થિત રહેશે. સમગ્ર વલસાડ જિલ્લાના નાળિયેળીની ખેતી તેમજ રસ ધરાવતા ખેડૂત ભાઈઓ બહેનો નારગોલ ગામે આયોજિત એક દિવસીય તાલીમમાં મોટી સંખ્યામાં ભાગ લેશે.

# કાકડમટી પ્રાથમિક શાળામાં ઉર્વશી ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક કીટ અપાયા



**(દમણગંગા ટાઈમ્સ)**

**કપરાડા,તા.૦૨:** કાકડમટી પ્રાથમિક શાળાના શિક્ષક દિગ્વિજયસિંહ રમણલાલ ઠાકોરના પ્રયત્નથી ઉર્વશી ફાઉન્ડેશન દ્વારા બાલવાટિકા તથા ધોરણ ૧ થી ૮ ના ૨૧૮ બાળકો માટે ધોરણ પ્રમાણે સ્કૂલબેગ, વોટર બોટલ, છત્રી, નોટબુક, ડ્રોઈંગ બુક, કલર, વાંચન પુસ્તકો, નંબર બુક, રમતના સાધનો તથા પ્રવૃત્તિઓ કરવા માટે એમ.એસ. પેપર, ક્રાફટ પેપર, ફેવીકોલ આપવામાં આવ્યાં હતા. શાળાના સ્ટાફ દ્વારા દરેક વિદ્યાર્થીઓને વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થયા. આ પ્રસંગે શાળાના આચાર્ય હિરલબેન પટેલે બધા વિદ્યાર્થીઓ અને સ્ટાફ વતી ઉર્વશી ફાઉન્ડેશનનો આભાર માન્યો તથા શાળાના શિક્ષક દિગ્વિજયસિંહનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

# પૂર્ણા નદીમાં જળસ્તર સંદર્ભે નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ અપીલ

**(દમણગંગા ટાઈમ્સ)**

**નવસારી,તા.૦૨:** ઉપરવાસમાં થયેલ ભારે વરસાદના કારણે પૂર્ણા નદી ની સપાટી વધશે. મહુવા ખાતે પૂર્ણા નદી ની સપાટી છેલ્લા ૨ કલાકમાં ૬ ફૂટ જેટલી વધી છે. જો સ્થાનિક વરસાદમાં વધારો થાય તો પૂર્ણા નદીનું જળસ્તર વધારે વધે એવી શક્યતા છે.

આજે રાત્રે ૨ વાગ્યે અમાસની મોટી ભરતી હોવાથી પાણી દરિયામાં ધીમે જાય તેવી પરિસ્થિતિ બનવા પામે એમ છે.

આ સંદર્ભે, નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ખાસ અપીલ કરવામાં આવે છે કે પૂર્ણા નદીની આસપાસ અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકો જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહે, સાવચેત રહે અને સુરક્ષિત સ્થળે ખસી જઈ સહકાર આપવા અનુરોધ કરવામાં આવે છે..

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com

# વિશેષ વાંચન

Tuesday 03, September 2024
દમણગંગા ટાઇમ્સ

## આજે રસોઈમાં શું બનાવું નાથ...!




સ્ત્રીઓ પુરુષ સમોવડી છે, એમાં બે મત નથી. છતાં સશક્તિકરણના ગમે એટલા વાવટા ફરકાવો, પણ જમવા ને જમાડવાની વાત આવે એટલે દુર્ગાનાં વાહન જેવી ગૃહ લક્ષ્મી પણ અબળા બની જાય. એટલા માટે કે, એ આર્ય સંસ્કારને વરેલી, આર્ય નારી છે. પરિવારને મનભાવન ભોજનના રસથાળ પીરસું એ સંસ્કાર એના લોહીમાં છે. એવી ટેકીલી કે, પરિવારને ભાવતા ભોજન જમાડું તો, રાતાપીળા થવાને બદલે, રાજીના રેડ રહે..! છતાં, કોઈ પણ વિકટ સમસ્યા સામે ઝઝૂમનારી નારી, રસોઈ બનાવવાની વાત આવે ત્યારે, આજે જમવામાં શું બનાવું ? એ પ્રશ્નથી મૂંઝારો અનુભવે એ પણ સત્ય છે. આ યક્ષ પ્રશ્ન સામે હારી જતી હોય એવી ઘણી નારીઓ હશે. આપણો જ નહિ, દુનિયાભરની વાઈફોનો આ 'problem' હશે. જ્યાં અલો અને અલી પુરતું સીમિત સામ્રાજ્ય હોય ત્યાં, ઓછાં ઝાપટા પડતા હશે, બાકી પ્રશ્ન પેચીદો તો હોય જ..! પણ જે હોલસેલ પરિવાર લઈને સંસાર હંકારે છે, ત્યાં આ રોજની માથાકૂટ ખરી. સ્વાભાવિક છે કે, જીભે જીભે સૌના ચટાકા અલગ તો રહેવાના..! એમાં જ્યારથી Fast food આવ્યું છે, ત્યારથી હાલતના અનેક ફાંટા પડવા માંડ્યા. વિચાર આવે કે, પાંચ-પાંચ પતિની પત્નીએ પાંચેયની ભાવતા ભોજનની લાગણી અને માંગણી કેવી રીતે સંતૃપ્ત કરી હશે? પત્ની રંકની હોય કે શ્રીમંતની, મહેલની હોય કે, ઝુંપડપટ્ટીની, આવા મૂંઝારામાંથી કોઈ બાકાત ના હોય, એવું ચમનીયાનું પણ માનવું ખરું..!

રસોઈનો વહીવટ ગૃહલક્ષ્મી સંભાળતી હોવાને નાતે, રસોડાની રાણીનો હવાલો પત્નીના હવાલે વધારે હોય. ક્યાંક રસોડાના રાજા કે, પગારદાર રાંધણહારી પાસે હોય તો એ એમની પોતાની જાહોજલાલીની વાત છે. એમાં આપણાથઈ કડછો નહિ હલાવાય. રસોડાની રાણીનો તાજ તો વાઈફના માથે જ ઝગારા મારતો હોય. પરિવારને ભાવતા ભોજન જમાડવાની પણ એક હોંશ હોય. પણ સ્વાવલંબી સ્ત્રી માત્ર આ જ એક પ્રશ્નમાં પરાવલંબી બની જાય..! પોતાના નિજાનંદની ઉથલપાથલ થઈ જાય..! માણસના mood ક્યારેય સીધી લીટીમાં રહેતા નથી. અને ભાવતી શાકભાજી પણ દરેક ઋતુમાં ઉપલબ્ધ હોતી નથી. એ વખતે ત્યારે દરેક હોંશીલી વાઈફના મગજમાં મંકોડા ચટકા મારવા માંડે કે, 'આજે જમવામાં સ્શું બનાવું..?' વ્રત ઉપવાસ કે બાધા આખડીના ઈલમોથી સારો ભરથાર મેળવી શાકાતો હશે, બાકી ભાવતા ભોજન ખવડાવીને રાજી રાખવામાં તો સોળ સોમવારના ઉપવાસ પણ નાકામિયાબ નીકળે. ત્યારે માથાનો દુખાવો વધે, શરીરે દુબળા પડી જવાય, કેડ, કમર ને ઘૂંટણના દુખાવા ને બહાનું મળી જાય, અને એક પણ વરસે ઉંમર વધતી નહિ હોવા છતાં, આપોઆપ વૃદ્ધાવસ્થા ઉભરવા માંડે જેવી સામાન્ય છતાં અસામાન્ય મુંઝવણ અનુભવવાની આવે. એ તો સીધી વાત છે ને કે, જમતી વખતે બધાના ચહેરા હરાભરા કબાબ જેવા રહેવા જોઈએ..! છતાં રસોડાની રાણીને રોજીંદો એક ડરતો રહે કે, લક્ઝરી ડાઈનીંગ ટેબલ ઉપર જમવા બેઠા પછી, વાનગી જોઈને કોઈનું મોંઢું વિકૃતતો નહિ થાય ને..? જોઈ આવું થાય તો, ગૃહ લક્ષ્મીનો જીવડો કપાય જાય. સંકાની વાત નથી પણ, અમુક ધંતુરા તો એવા પણ નીકળે કે, પૈણતી વખતે સાસરીવાળાએ આખી કન્યા બદલી નાંખી હોય એમ, ડાઈનીંગ ટેબલનો ત્યાગ કરી, છણકાવેડા પણ કરે..!

દેશ દેશના વાવટા અલગ હોય, એમ દરેકના મગજમાં ખાવાના ટેસ્ટ અલગ તો રહેવાના. આપણી ગૃહ વ્યવસ્થા જ એવી મલાજાવાળી છે કે, ઘરમાં જેનું ચલણ વધારે એની પસંદગીનું બધું રંધાય. પછી ઘરમાં ભલે કોઈ થાણાનો અમલદાર રહેતો હોય, તો પણ અથાણું ખાયને ઉભો થઈ જાય..! એટલે તો બધી હોટલો ધમધમે..! તાજા પરણેલાઓના હિસાબ જરા નોખા હોય. જ્યાં ખભે ખભા જોડેલા રાખીને જીવતા હોય, એકબીજા વગર પૂરા દેખાવાને બદલે અધૂરા રહેતા હોય, ત્યાં આવું બનતું ના પણ હોય. ત્યાં તો ' તું નથી તો હું નથી, ને હું નથી તો તું નથી' નું ગુલાબી પારાયણ જ ચાલતું હોય. પતિને કદાચ પૂછે તો ધંતુરો એમ પણ કહે કે, ક્તું કંઈ પણ બનાવ ને બેબી..! તારા હાથનો રોટલો તો એટલો મધુરો હોય કે, પાણીમાં બોળીને ખાઉં તો પણ 'રસમલાઈ' સાથે ખાતો હોય એવો લાગે, બોળેલી મેંદીને ભાજીનું શાક સમજીને પણ ખાય જાય..! ત્યારે પેલીને ખબર પડે કે,એની 'બેબી' માં મીઠાની પુરેપુરી તાણ છે..! તારા કપાળમાં કાંદા ફોડું...! અલો અને અલીમાં કોઈ ઝંઝટ જ નહિ. ચક્લી લાવી ચણાનો દાણો ને ચકો લાવ્યો દાળનો દાણો, એટલે ભાવતી ખીચડી તૈયાર..! મગજમાં બીજી કોઈ ખીચડી રંધાવાનો સવાલ જ નહિ આવે. અલો અલીનો જ વસવાટ હોય ત્યાં, અઘરા ઘાટ આવતા નથી, ને આવે તો છેડા છુટા થતા અચકાતા પણ નથી..! આ તો વિચાર આવ્યો કે, જ્યાં સહદેવ-દુર્યોધન-ભીષ્મ-શકુની-અર્જુન-ભીમ-યુધિષ્ઠર જેવો મલાજાવાળો હોલસેલ પરિવાર રહેતો હોય. ત્યાં ગૃહ લક્ષ્મીની હાલત કેવી થતી હશે..? શું ગૃહ-લક્ષ્મી મટીને ગૃહ-ચંડિકા જેવી બનતી હશે..? શાસ્ત્રએ સમજી વિચારીને જ લખ્યું હશે કે,

કાર્યેષુ દાસી, કરણેષુ મંત્રી,
ભોજ્યેષુ માતા, શયનેષુ રમ્ભા ।।
ધર્માનુકુલા ક્ષમયા ધરિત્રી,
ભાર્યા ચ ષાડ્ગુણ્યવતીહ દુર્લભા ।।

પછી તો શરીર પણ ઘરડું થાય ને દાદૂ..? લગન જેમ જુના થતા જાય, એમ ઢોળ ઉતરવા પણ માંડે, લાગણીઓને કાટ ચઢવા પણ માંડે, એકબીજાના જોડાયેલા ખભાનું અંતર ફૂટ-ફૂટ વધવા પણ માંડે. લગન એ અથાણાનો ટેસ્ટ થોડો છે કે, આખું વરસ એક સરખો રહે. મગજ ક્યારે છટકે ક્યાં ભટકે એનો ભરોસો નહિ..! ચાલ્યું ત્યાં સુધી બધું ચલણમાં, ને બગડ્યું એટલે ક્યાં તું નથી, ક્યાં હું નથી..! લગનનો માંડવો માતમમાં ફેરવાય જાય..! ગોર મહારાજને બદલે, વકીલના વધી જાય..!

પ્રશ્ન સાવ સીધો સરળ સંસ્કારી અને નિર્દોષ છે કે, આજે જમવામાં શું બનાવું..? જેનો ઉકેલ અઢાર પુરાણમાં પણ નહિ હશે. પણ પ્રશ્ન એવો પેચીદો કે, મગજને સ્થાન ભ્રષ્ટ કરી નાંખે. કુંડળીના સઘળા આંક ઉથલ પાથલ કરી નાંખે. ઝઘડવાનો ઈરાદો મુદ્દલે નહિ હોવા છતાં, ધરતીકંપ વગરના આંચકા આવવા માંડે. ઝઘડાનું ખાત મૂહર્ત થઈ જાય.. પતિ નાસ્પતિ અને ગ્રુહ-લક્ષ્મી ગ્રહણ-લક્ષ્મી લાગવા માંડે..! નાક ઉપર ભમરી ધામો નાંખવા માંડે. ઈચ્છા બહુત બુરી ચીજ હે મામૂ....! આજે રસોઈમાં શું બનાવું, એ પત્નીનો નિજાનંદ પ્રશ્નેમ છે. પ્રશ્નોતરીમાં પ્રશ્નેમની શુદ્ધિ છે. કકળીને ભૂખ લાગી હોય ત્યારે રસોઈની પસંદગી પુરુષ નક્કી કરી શકતો નથી, એમ સ્ત્રી પણ પતિનો પ્રેમ ઝંખવાય નહિ એ માટે એના સ્વામીની પસંગીની રસોઈ બનાવવાની તક ગુમાવવા માંગતી નથી. એ વાસ્તવિકતા છે..!

સો વાતની એક વાત, વાઈફ દેશી હોય કે વિદેશી..! જેનો જવાબ UNO પણ નહિ આપી શકે એવો આ ઈન્ટર નેશનલ પ્રશ્ન છે..! દુનિયાના કોઈપણ ખૂણે આ પ્રશ્ન તો પુછાત્તો જ હોય કે, 'આજે જમવામાં શું બનાવું..?!' ચાઈનાની વાઈફ પણ પૂછે કે, Nei si, jintian chi shenme…!

**લાસ્ટ બોલ**

ચમનીયો કહે, મારી વાઈફ મારા વગર ક્યારેય જમતી નથી
ઓહ...! પતિવ્રતા લાગે છે..!
કપાળ...! હું રાંધુ તો એ જમે ને..?
તારા કપાળમાં કાંદા ફોડું..!

## હેલ્મેટો મોટરસાઈકલ સાથે મોટરગાડી અને સાઈકલ સવારી માટે જરૂરી


**આસપાસ**
- ગિરિશ પટેલ, વાપી

રામલાલ અને શ્યામલાલ વહેલી સવારે ઉઠીને ચાલવા નિકળ્યા અને વાતો કરવા માંડ્યા..

**રામલાલ**- ગામમાં શું નવાજુની ચાલે છે, મારા ભઈ ?

**શ્યામલાલ**- તંબૂરો ! હોળી સમયે જતા રહેલા વાપી રેલ્વેઓવરબ્રિજના કામદારો દિવાળી પછી પણ આવશે કે નઈ ? એ વિશે ગેરંટીનું પાટીયું લઈને ફરતા ટોળામાંનું એક પણ કોઈ કરતાં કોઈ જાતની ગેરંટી આપતું નથી

**રામલાલ**- ત્રણ મહિનામાં અન્ડરબ્રિજ બનવાની જાહેરાત તો કરેલી ને !

**શ્યામલાલ**- તઈણ વર્ષેય કશો પાર આવે એવું લાગતું નથી. કોઈ ખુલાસો જ કરતું નથી.

**રામલાલ**- અડચણરૂપ જમીન સંપાદન પ્રક્રિયામાં અવરોધ નડતો હોવાની કેફિયત વિશે પ્રેસનોટનો પ્રચાર અને પ્રસાર થયો તો હતો.

**શ્યામલાલ**- ભઈ, વરસાદમાં પલળી પલળીને બધા કલાકારો ઠંડા થઈ ગયા હોય એવું ઠંડું વાતાવરણ છે. ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ વિશે ખોંખારો ખાઈને કોઈ બોલવાની હિંમત પણ કરતું નથી.

**રામલાલ**- એમાંય મેન્ડટ આવેલું હશે ? ચુપ રહેવાનું.

**શ્યામલાલ**- ચૂંટણી હોય ત્યારે બાંય ચઢાવીને અને કોલર ટાઈટ કરીને ચારેકોર ફરતાં ગામનાં ઠેકેદારો વંડી ઠેકીને ક્યાંક જતા રહ્યા લાગે છે. ગામના વિકાસકાર્યોના ભૂમીપૂજનમાં ફોટાઓ પડાવવા દોડાદોડ કરી મૂકતા કલાકારોએ જનતા સમક્ષ આ બાબતે ખુલાસો કરવો જ જોઈએ.

**રામલાલ**- 'ધીરજ નાં ફળ મિઠાં' હોય એ નાનપણમાં સાંભળ્યું નથી ?

**શ્યામલાલ**- જો, ખાડાઓમાંથી રસ્તો શોધવાની તકલીફ સુપ્રિમકોર્ટના જડ્જને પણ પડી, જે વિશે સેલવાસમાં એમણે જાહેરમાં જણાવ્યું કે અમે તો ક્યારેક જ બહાર જતા હોઈએ છીએ, પણ રોજબરોજ રસ્તે પસાર થતાં નાગરીકોને થતી તકલીફ બાબતે તંત્રએ વિચારવું જોઈએ.

**રામલાલ**- હા ! એ તો મેં પણ વાંચ્યું. આપણે ત્યાં તો મિનિસ્ટરો આવે ત્યારે એ જે કોઈ રસ્તે પસાર થવાના હોય તે તમામ ખાડાઓ રાતોરાત પુરાઈ જતા હોય છે. રોડ શો માં તો રોડ સોળે શણગાર કરી રેડી થઈ જાય છે. સેલવાસે આપણી પાસે એ શીખવું જોઈએ.

**શ્યામલાલ**- એવું જ શીખવો. ગુજરાત ક્વીનને વલસાડથી વાપી ખેંચી લાવવા માટેની બૂમો મારી મારીને એક આખી પેઢી થાકી ગઈ. હવે નવી સોશ્યલ મિડીયાપ્રેમી પેઢી વલસાડમાં ટ્રેન બીજા પ્લેટફોર્મ પર ઉભી રહેશે, એના ફટાકડા ફોડે છે.

**રામલાલ**- તને કોઈ જાતનો સંતોષ જ નથી. કાયદાનું લોકો પાલન ના કરે અને ટ્રાફિકજામ સર્જાય તો એમાં કોઈ શું કરે ? જો, મોટરસાઈકલ ચલાવનાર માટે હેલ્મેટ ફરજિયાત જ હતી, હવે એનું કડક ચેકિંગ થશે. લોકોને તો પોલીસ રોકીને ચલણ ફાડે તો જ કાયદાનો અમલ કરવો છે.

**શ્યામલાલ**- હેલ્મેટનું તો નામ જ ના લઈશ, ડોબા ! તમારે હેલ્મેટ પહેરાવવી જ હોય તો મોટરસાયકલ સાથે મોટરગાડી વાળાને પણ પહેરાવી દો. ભંગાર થઈ ગયેલા ઉબડખાબડ રોડ પર વાહન ચલાવતાં કોઈ પણ કાર આખેઆખી હાલકડોલક થાય છે. સાઈકલ પરથી પણ પડી જઈએ તો વાગે કેટલું બધું ? છોલાઈ જાય બધું, મારા ભઈ.

**રામલાલ**- અગાંઉ કહ્યું હતું ને કે 'સવાસો ઈંચ વરસાદમાં રસ્તા તો તુટવાના જ.' એવા રસ્તા રિપેર ના થાય ત્યાં સુધી ગાડીઓના ટાયર એવા ખાડાઓમાં પડવાથી ગાડી હાલકડોલક થાય જ ને !

**શ્યામલાલ**- તે જવાબ દિધો હતો ને કે ' વરસાદી પાણીનું વહેલ રોકશો તો નુકશાની થશે '. તું ગાડી હાલકડોલકની ક્યાં માંડે છે ? ગાડીમાં બેસેલા લોકોની ચિંતા તો કર.

**રામલાલ**- લે, એ બધા તો આરામથી ગાડીમાં બેઠાં જ હોય ને ? એ ક્યાં ભીંજાવાના કે ખાડામાં પડવાના હતા.

**શ્યામલાલ**- તારા બાપાનું કપાળ ! ગાડી ખાડામાં પડે એટલે ગાડીમાં બેસેલા બધાના માથા આમથી તેમ ભટકાય. ગાડીમાં દરવાજા બાજું બેઠેલાના નસીબમાં મોટો ખાડો આવી જાય તો ગાડીના દરવાજાના કાચમાં એનું માથું જોરથી ભટકાય છેં. નાનું છોકરૂ ખોળામાં હોય તો એ પણ હવામાં ઉછળે છે.

**રામલાલ**- ઓહ ! એવું બધું થતું હશે ?

**શ્યામલાલ**- હાસ્તો, ગામના ખખડધજ રોડ પર આંટા મારો તો બધા અનુભવ થશે. વિકાસની વાર્તાઓ કરવી સહેલી છે, વાસ્તવિકતા કડવી છે.

**રામલાલ**- વિકાસની વાત કટાક્ષમાં ના કરીશ. વિકાસ થયો જ છે. વિકાસ ઊડવા માંડ્યો છે.

હા, ગાડી અવળા પાટે ખરી ...પણ ખોટે પાટે નથી..સબકા સાથ સબકા વિકાસ... આપણો વિકાસ ગામડામાંથી શહેરો ભણી પણ દોડ્યો છે. પહેલાં ગામના બસ સ્ટેશન પર રોજ પૂછવું પડતું કે ૬ ની બસ કેટલા વાગે ઉપડશે? અને હવે આ વિકાસ ગંદી અને ખખડધજ બસો છોડી હવે ચોખ્ખી ચણાક,નિયમિત અને નવી નક્કોર બસોમાં બેઠાં બેઠાં મુસાફરી કરવા લાગ્યો છે.

**શ્યામલાલ** - એ વાત થોડે અંશે સાચી તો છે.

**રામલાલ**- ગંદાં ગોબરાં ધર્મ સ્થાનો અને પ્રવાસન સ્થળો હવે ચોખ્ખાં ચટ અને બેનમૂન બનાવી દીધાં છે. જ્યાં સુવ્યવસ્થિત પાર્કિંગ અને હોટલ, રેસ્ટોરન્ટો પણ દેખાઈ રહ્યા છે.

**શ્યામલાલ**- સો ટકા સંમત છું, એ બાબતે. હાલના ટુકા વેકેશનમાં બધા ત્યાં ગયા પણ હશે.

**રામલાલ**- તો પછી ? વિકાસ મોટા મોટા પહોળા હાઈવે પર સ્પીડમાં દોડે છે. અમદાવાદ - બરોડા એક્સપ્રેસ વે પર વિના બ્રેકે ૧૪૦ની સ્પીડમાં દોડે.

ખટાખટ નહીં પણ ટનાટન હાઈવે પર દોડે છે.

**શ્યામલાલ**- હા, પણ મોંઘો મોંઘો ટોલ ચુકવીને !

**રામલાલ**- આખી દુનિયામાં રસ્તા પર ટોલ નાકું હોય જ છે.

**શ્યામલાલ**- અસલી કે નકલી ?

**રામલાલ**- મુદ્દો ભટકાવ નહી. જો વિકાસ તો ડબલ ટ્રીપલ લેયરના બ્રિજ ઉપર પર પણ જોવા મળી જશે. વિકાસ એરકંડિશન્ડ બીઆરટીએસમાં આરામ દાયક અપડાઉન કરીને પણ અનુભવાશે.

**શ્યામલાલ**- હા ભઈ હા ! પરિવર્તન થયું જ છે.

**રામલાલ**- બોમ્બ ધડાકા અને કરફ્યુ ભૂતકાળ બની ગયા છે એટલે નિર્ભય બનીને વિકાસ રાતે પણ રિવર ફ્રન્ટો પર અને અટલ બ્રિજ પર લટાર મારવા નીકળે છે.

**શ્યામલાલ**- દમણ દરિયા કિનારે પણ રાત્રે લટાર મારવા નિકળાય પણ ટેબલ છોડી લથડીયાં ખાતું ખાતું જાય કોણ ? હા, રઢિયાળી રાતે કારની છત પર બેસેલા હિરો કે ખુણામાં લપાઈને શાંતિક્રિડા કરતા કપલ ક્યારેક ઈન્સ્ટાગ્રામ પર ઝડપાતા જોવા મળે છે.

**રામલાલ**- વાપી સિવાય લેક બ્યુટિફિકેશન પણ ઘણી બધી જગ્યાએ શરૂ થયું છે. ટ્રેનો પણ ચોખ્ખી ચટ અને નિયમિત દોડવા લાગી છે. ટ્રેનોમાં ચોખ્ખાઈ ના હોય તો તમે તરત જ કોલ કે મેસેજ કરો તો સફાઈવાળા દોડતાં આવે છે.

**શ્યામલાલ**- હા ભઈ, વિકાસને સાબરમતીમાં સી પ્લેન અને ભરૂચના દરિયામાં રો રો ફેરી તથા ધોલેરા સર ના અભરખા પણ જાગેલા હતા ને ?

**રામલાલ**- ભૂલોમાંથી જ શિખાય ને ! જો બુલેટ ટ્રેનની તૈયારી પણ કરી જ દીધી છે. વિકાસ રીંગરોડો ફરતે ચકરડી મારતો જોઈ શકાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી જગ આખાને દેખાવા માંડ્યું છે. સરદાર સરોવરની મોટી મોટી નહેરોથી ખેતી થાય છે. વિકાસ મોટાં મોટાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં રમતોની સ્પર્ધાઓમાં દેખાય છે. શાળા મહાશાળાઓમાં, એસી સ્માર્ટક્લાસોમાં અને ઓનલાઈનમાં પણ દેખાવા માંડ્યો છે. હવે તો આપણે સંપૂર્ણ કોમ્પ્યુટરયુગમાં પહોંચી ગયા હોઈએ એવું લાગે છે.

**શ્યામલાલ**- હા, ભઈ હા ! નામબદલી કરીને જ સ્ટેડિયમોનો વિકાસ થયો છે. જેમાં હવે ઓલમ્પિક પણ રમાશે. કોમ્પ્યુટરો પણ દેશમાં હમણાં જ આવ્યા લાગે છે ?

**રામલાલ**- કોમ્પ્યુટરો પહેલા આવ્યા હતા, પણ ડિજીટલયુગ હવે આવ્યો છે. હવે મોટી મોટી બેન્કો ખુલવા માંડી અને તેમાંથી મસ મોટી લોનો મળે છે, દેશને વિકાસ કરવા ! અનેક મોટાં મોટાં કારખાનાં સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરો વેગવાન બન્યા. સોલાર ફાર્મ બનવા માંડ્યાં અને ઘર ઘર પર સોલાર રૂફ ટોપ ચડી ગયાં.

**શ્યામલાલ**- એ વાત સાચી. અદાણીગૃપનો પણ મોટો સોલાર પ્લાન્ટ આવી રહ્યો છે. જે સૌથી સસ્તો ભાવ આપી બાકી બધા સાથે જબરજસ્ત સ્પર્ધા કર્યા વગર જ માર્કેટમાં છવાઈ જશે. જે ધારાવી ડેવલોપમેન્ટ કરવા દેશે તો ત્યાં પણ કલાકારી કરશે.

**રામલાલ**- હવે સીએનજી, પીએનજી અને ઈલેક્ટ્રિક વ્હિકલ ફાસ્ટ ટ્રેક પર આવી ગયા છે.

**શ્યામલાલ**- એ વાહનો ચલાવવા માટે જરૂરી ઈંધણના ભાવ પણ ફાસ્ટટ્રેક પર જ હોય છે. સંપૂર્ણ જીએસટી તો ઉઘરાવવાનો જ !

**રામલાલ**- આકર્ષક વિશાળ મોલ મલટીપ્લેક્સ વિકાસને વેગ આપવા લાગ્યાં. ખિસ્સું કપાવાનો ડર નીકળી ગયો છે, કારણ કે હવે કેશલેશ ડિજીટલ પેમેન્ટ લોકપ્રિય બની ગયું છે.

**શ્યામલાલ**- એમાં ને એમાં એટીએમમાં ફરતા કલાકારો કોઈકના કાર્ડની કોપી કરીને સાઈબર ફ્રોડ પણ કરવા માંડ્યા. સાઈબર ક્રાઈમ વાપી વિસ્તારમાં વધુ નોંધાઈ રહ્યા હોવા છતાં એની ઓફિસ વલસાડથી વાપી લવાતી નથી. અને તે આજે આડેધડ વિકાસની વાતો પર આટલું બધું લાંબુ લાંબુ ભાષણ સવાર સવારના કેમ ઠોકી દીધું ? સામે કોઈ બોલે નહીં એટલે બસ એકતરફી ઝૂડે જ રાખવાનું ??

**રામલાલ**- પંદરમી ઓગષ્ટના મેરેથોન પ્રવચનને સાંભળીને પ્રેરણા મળી છે.

**શ્યામલાલ**- તો મારી પણ ટુકી ટચ વાર્તા સાંભળી લે. હેલ્મેટો મોટરસાઈકલ સાથે મોટરગાડી અને સાઈકલ માટે પણ ફરજિયાત કરી નાખો. સાઈકલ પરથી પડીયે તોય હાડકાં અને માથા ભાંગી જાય એવા ખાડાઓનું ચારેતરફ સામ્રાજ્ય છે, પછી એ ખાડાઓમાં કપચી જેવા પથરાઓ પણ પાથરવામાં આવશે. પડી જઈએ તો છોલઈ જવાય ને, મારા ભઈ !!

## સૌથી સફળ સંગીતકાર - પ્યારેલાલ

**સપ્ટેમ્બરના સિતારા**
- નરેશ કાપડીઆ

સૌથી વધુ હિન્દી ફિલ્મોમાં સંગીત આપનાર બેલડી લક્ષ્મીકાંત પ્યારેલાલ માંના પ્યારેલાલજી આજે ૬૦ વર્ષના થયા. ૩ સપ્ટેમ્બર, ૧૯૪૦ના રોજ મુંબઈમાં જન્મેલા આ સંગીતકારે ૧૯૬૩થી ૧૯૯૮માં સાથી લક્ષ્મીકાંતજીની કાયમી વિદાય સુધી ૭૫૦ જેટલીફિલ્મોમાં સંગીત આપ્યું છે. રાજ કપૂર, દેવ આનંદ, બી.આર. ચો-ા, શક્તિ સામંત, મનમોહન દેસાઈ, યશ ચોપ્રા, બોની કપૂર, રાજ ખોસલા, સુભાષ ઘાઈ, એલ. વી. પ્રસાદ કે મનોજ કુમાર સહિતના તમામ મહાન ફિલ્મકારો સાથે તેમણે સફળ સંગીત નિયોજન કર્યું છે.

પ્યારેલાલ જાણીતા ટ્રમ્પેટ પ્લેયર પંડિત રામપ્રસાદ શર્મા (બાબાજી) ના દીકરા છે, જેમની પાસે દીકરાને પ્રાથમિક તાલીમ મળી છે. પ્યારેલાલ ૮ વર્ષની ઉંમરથી રોજ દસેક કલાક વાયોલીન વાદન કરતા. તેમના વાયોલીન શિક્ષક એન્થોની ગોન્સાલ્વિસની સ્મૃતિમાં જ 'માય નેમ ઈસ એન્થોની' ગીત બનાવ્યું હતું. બાર વર્ષની ઉંમરથી તો આર્થિક તંગીને કારણે પ્યારેલાલે રણજીત સ્ટુડીઓ જેવાં સ્ટુડીઓઝમાં વાયોલીન વાદન શરૂ કરવું પડ્યું હતું. પ્યારેલાલના સગા ભાઈ ગોરખ શર્માએલક્ષ્મી-પ્યારેના અનેક ગીતોમાં ગિટાર વાદન કર્યું છે.

તેમના સાથી લક્ષ્મીકાંતે માત્ર ૧૦ વર્ષની ઉંમરે લતાજીના રેડીઓ ક્લબના કાર્યક્રમમા મેન્ડોલીન વગાડ્યું હતું. લતાજીએ તેમને શાબાશી આપી હતી. મંગેશકર પરિવાર દ્વારા બાળકો માટે ચાલતી 'સૂરીલ કલા કેન્દ્ર' મ્યુઝિક એકેડમીમાં લક્ષ્મીકાન્ત અને પ્યારેલાલ બાળપણમાંશીખતાંહતાં. તેઓની આર્થીક સ્થિતિ વિશે જાણ્યા બાદ ખુદ લતાજીએ આ બંને કલાકારો માટે નૌશાદ, સચિનદેવ બર્મન અને સી. રામચંદ્રને સિફારીશ કરી હતી.

સરખી આર્થિક સ્થિતિ અનેહમઉમ્ર હોવાને કારણેઆ બંને બહુ સારા મિત્રો બની રહ્યાં હતાં. તેઓ એક-બીજાને સંગીતનું કામ અપાવતા અને તક મળે ત્યારે સાથે પણ વગાડતાં. બાળપણના આસંગીત ગોઠીયા કલાકો સ્ટુડીઓ રેર્કોડિંગમાં સાથે ગાળતા હતાં. તેમના ત્યારના સાથીઓમાં શિવકુમાર (સંતુર) અને હરિ-સાદ (બાંસુરી) પણ હતાં.

હાલની એક મુલાકાતમાં પ્યારેલાલે અન્નુ કપૂરને જણાવ્યું હતું કે તેઓ વેસ્ટર્ન સ્ટાઈલનું ખૂબ સારું વાયોલીન વાદન પહેલેથી કરતા હતા. એક સમયે તેઓ વિયેનાની સિમ્ફની ઓરકેસ્ટ્રાના વાયોલીન વાદક રૂપે જોડાવાના પણ હતા, ત્યારે લક્ષ્મીકાંતે તેમને તેવું ન કરીને પોતાની સાથે રોકી રાખ્યા બાદ તેમની ગઝબની સંગીત યાત્રા શરુ થઈ હતી.તેમને મળતાં મહેનતાણાથીતેઓને સંતોષ નહોતો થતો. એક વાર તો તેમણે મુંબઈ છોડીને ચેન્નાઈમાં સંગીત વાદન પણ કરી જોયું, છતાં ત્યાં પણ એવી જ હાલત હોવાથી તેઓ મુંબઈ પરત થયાં.પ્યારેલાલ બોમ્બે ચેમ્બર ઓરકેસ્ટ્રા અને પારનજ્યોતિ એકેડમીમાં જઈને પોતાનું વાયોલીન વાદન સુધારતા. ત્યાના તેમના સાથીઓમાં ગુડી સિરવાઈ, કુમી વાડિયા, મેહલી મહેતા અને તેમના તેજસ્વી દીકરા ઝુબીન મહેતા હતાં.

ત્યારના ઓ.પી. નૈય્યર અને શંકર જયકિશન સિવાયના લગભગ તમામ મોટા સંગીતકારોના વાદ્યવૃંદમાં આ બંને સંગીતકારોએ વગાડ્યું છે. લક્ષ્મીકાંતે તો પચાસના દાયકામાં શંકર જયકિશનના ગીતોમાં મેન્ડોલીન વાદન કર્યું છે.૧૯૫૩માં તેઓ કલ્યાણજી-આનંદજીના સહાયક સંગીતકાર રૂપે દસ વર્ષ સુધી કાર્યરત રહ્યાં. સચિનદેવની'ઝીદ્દી' અને રાહુલદેવની પહેલી ફિલ્મ 'છોટે નવાબ'માં તેમણેમ્યુઝિક એરેન્જ કર્યું હતું. રાહુલદેવ તેમના મિત્ર રહ્યા. 'દોસ્તી'ના બેગીતોમાં રાહુલદેવે માઉથઓર્ગન વગાડ્યું છે. રાહુલદેવના સંગીતવાળી ફિલ્મ 'તેરી કસમ' (૧૯૮૨)માં 'દિલ કી બાત' ગીતમાં લક્ષ્મીકાંત પડદા પર સંગીતકાર રૂપે દેખાયા પણ હતા.લક્ષ્મીકાન્ત પર શંકર જયકિશનની ખુબ અસર હતી. લક્ષ્મી-પ્યારે (એલ.પી.)ની શરૂઆતની ફિલ્મોમાં એસ.જે. જેવું જ સંગીત રહેતું. એકવાર તો શંકરે પોતાનું સંગીત લક્ષ્મી-પ્યારે જેવું ન લાગે માટે પોતાનું ઓરકેસ્ટ્રા વર્ક બદલ્યું હોવાનું પણ કહેવાય છે.

એલ.પી. ને મળેલી પહેલી ફિલ્મ બની જ નહીં. જોકેતેમની રજુ થયેલી પહેલી જ ફિલ્મ બાબુભાઈ મિસ્ત્રીની 'પારસમણી'થી તેઓહીટ બન્યાં. લતાજી અને રફી સાહેબે તેમના ઓછા બજેટ છતાં એલ.પી.ને સાથ આપ્યો. લક્ષ્મી-પ્યારેએ હંમેશા 'એ' ગ્રેડના ગાયકો સાથે જ કામ કર્યું. લતા, આશા અને રફીએ તેમના સંગીતમાં સૌથી વધુ ગાયું છે. કિશોર કુમારે પણ તેમને ખુબ સહકાર આપ્યો. તેમના સંગીતમાં કિશોરદાએ ૪૦૨ અને રફીએ ૩૮૮ગીતો ગાયા છે. તેમની શરૂઆતની ફિલ્મોમાં'દોસ્તી' (૧૯૬૪)માં અજાણ્યા સુધીર-સુશીલ જેવા કલાકારો હતાં છતાં એલ.પી.ના સંગીતને કારણે ફિલ્મ હીટ થઈ હતી. તે વર્ષે શંકર જયકિશનની'સંગમ' અને મદન મોહનની'વોહ કૌન થી?' સામે એલ.પી.ને શ્રેષ્ઠ સંગીતકારનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.

લક્ષ્મી-પ્યારેના સંગીતમાં ભારતીય અને પાશ્ચાત્ય સંગીતનો સુમેળ રહેતો. પણ તેમના લોકગીતો અને ઉપશાસ્ત્રીય ગીતો ખુબ લોકપ્રિય રહ્યાં. 'શાગીર્દ' અને 'કર્ઝ' માં તેમણે રોક-એન-રોલ અને ડિસ્કો સંગીત પણ આપ્યું.


આ સંગીતકારોનો મહત્વનો સુમેળ ગીતકાર આનંદ બક્ષી સાથે રહ્યો. હિન્દી ફિલ્મ ઈતિહાસના ઘણાં લોકપ્રિય ગીતો આ સુમેળ દ્વારા બન્યાં. આ ગીતકાર-સંગીતકારની ટીમે અઢીસોથી વધુ ફિલ્મોના ગીતોના સર્જન કર્યા છે.સૌથી વધુ ફિલ્મોમાં સંગીત આપનારા લક્ષ્મીકાંત-પ્યારેલાલના સંગીતવાળી ફિલ્મોમાંથી સૌથી વધુ ફિલ્મોના ગીતો આનંદ બક્ષીએ લખ્યાં છે. એલ.પી.ના'દોસ્તી' પછીના તમામ એવોર્ડ વિજેતા ગીતોના ગીતકાર આનંદ બક્ષી જ છે. તો સુપર સ્ટાર રાજેશ ખન્નાના અભિનયવાળી ૨૬ ફિલ્મોના સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ રહ્યાં છે.

આ મહાન સંગીતકારોની કેટકેટલી ફિલ્મો યાદ કરીએ? દોસ્તી, જીને કી રાહ, મિલન, દો રાસ્તે, બોબી, રોટી કપડા ઔર મકાન, અમર અકબર એન્થોની, એક દુજે કે લીયે, સત્યમ શિવમ સુન્દરમ, સરગમ, કર્ઝ, નામ, નગીના, તેઝાબ, રામ લખન, સૌદાગર, ખલનાયક એમની કેટલીક બ્લોક બસ્ટર સફળતા હતી. પ્યારેલાલના સંગીતના ટોપ ટેન ગીતોં ચાહુંગા મૈ તુઝે (દોસ્તી), બડી મસ્તાની હૈ (જીને કી રાહ), સાવન કા મહિના (મિલન), બિંદિયા ચમકેગી (દો રાસ્તે), હમ તુમ એક કમરે મેં (બોબી), હાય હાય યે મજબૂરી (રોટી કપડા ઔર મકાન), હોની કો અનહોની કર દે (અમર અકબર એન્થોની), તેરે મેરે બીચ મેં (એક દુજે કે લીયે), સત્યમ શિવમ સુન્દરમ (શીર્ષક ગીત), પરબત કે ઈસ પાર (સરગમ), મેરી ઉંમર કે નૌજવાનો (કર્ઝ), એક દો તીન (તેઝાબ) કે ચોલી કે પીછે ક્યા હૈ (ખલનાયક) તેમના વર્ષોમાં સતત ગુંજતા રહેલાં.

સપ્ટેમ્બરના સિતારા – નરેશ કાપડીઆ

## આજનો દિવસ — નરસિંહરાવ દિવેટીયા

(૩, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૫૯)



પંડિત યુગના જાજરમાન કવિ, વિવેચક અને ભાષાશાસ્ત્રી એવા નરસિંહરાવ દિવેટીયા જન્મ અમદાવાદમાં ૩, સપ્ટેમ્બર, ઈ.સ. ૧૮૫૯ ના રોજ થયો હતો. શ્રીમંત પરિવારમાં જન્મ થયો હોઈ શિક્ષણ-પ્તિ માટે તેમને કોઈ અવરોધોનો સામનો કરવો પડેલો ન હતો. તેમના પિતા ભોળાનાથે ફારસી અને સંસ્કૃત ભાષાઓ શીખવા માટે ખાસ વ્યવસ્થા કરી હતી. તેઓ મુંબઈની એલ્ફિસ્ટન્સ કોલેજમાં દાખલ થયેલા. અહીં મણિલાલ ત્રિવેદી અને કેશવ હર્ષદ ધ્રુવ તેમના સહાધ્યાયીઓ હતા. તેઓ કોલેજના પહેલા અને બીજા વર્ષમાં અસફળ રહેલા. બે વર્ષ નાપાસ થવાથી તેઓ ઈ.સ. ૧૮૮૧ માં બી.એ. થયેલા. નવાઈની વાત તો એ બનેલી કે બે વાર નાપાસ થયેલા તેમણે સંસ્કૃત વિષયમાં યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે આવી યુનિવર્સિટીનું 'ભાઉદાજી' પારિતોષિક મેળવેલું. આવી સિદ્ધિ મેળવનાર તેઓ પ્રથમ ગુજરાતી હતા.

એમ.એ. ના અભ્યાસ દરમ્યાન તેમણે સનદી નોકરીમાં દાખલ થઈ મહેસૂલ ખાતામાં ઊંચો હોદો મેળવેલો. તે પછી તેમની બદલી દક્ષિણ ભારતમાં થયેલી. દક્ષિણ ભારતનું અનુપમ કુદરતી સૌંદર્ય જોઈ એમની હૃદયવીણા ઝંકૃત થઈ ઊઠેલી. એ હૃદયગત અનુભૂતિમાંથી એમણે સજર્યાં હતાં 'કુસમમાળા'નાં કાવ્યો. ઈ.સ. ૧૯૧૨ માં એમણે સરકારી નોકરી છોડી દીધેલી પછી તેઓ મુંબઈમાં સ્થાયી થયેલા. મુંબઈ સરકારે તેમની માનાર્હ ધોરણે ગુજરાતીના અધ્યાપક પદે નિમણૂંક કરેલી. તેમણે એ પદ પર સોળ વર્ષો સુધી ફરજ બજાવેલી. એમનું અંગત જીવન સંઘર્ષપૂર્ણ અને વિષાદમય રહેલું. તેમણે પરિવારનાં પાંચ સ્વજનો એક પછી એક ગુમાવેલાં છતાં ઈશ્વર પ્રત્યેની એમની શ્રદ્ધામાં કદી ઓટ આવેલી નહીં. અનેક વસમા આઘાતો સહન કરનાર તેમને ગાવું પડયું છેઃ 'આ વાઘને કરુણ ગાન વિશેષ ભાવે.' મર્મવેધી આઘાતોને લઈ એ પ્રભુભક્તિ તરફ વળેલા. પ્રાર્થનાસમાજની વિચારધારાએ એમના સંસ્કારો સમૃદ્ધ બનાવ્યા હતા. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કુસુમમાળા' ઈ.સ. ૧૮૮૭માં પ્રગટ થયો હતો. તેઓએ તેમની કવિતામાં અંગ્રેજ કવિ વર્ડઝવર્થની જેમ માનવહૃદયના વિભિન્ન ભાવોને નિસર્ગ સાથે સંયોજે છે. તેમની કવિતાઓ નખશિખ ઊર્મિની કવિતાઓ છે. ગોવર્ધનરામે તો નરસિંહરાવના ચંદા કાવ્યને સરસ્વતીચંદ્ર-૧માં સ્થાન આપી એમનું ગૌરવ વધાર્યું છે. 'હૃદયવીણા' (૧૮૯૬), 'નુપૂરઝંકાર'(૧૯૧૪), 'સ્મરણસંહિતા'(૧૯૧૫) અને 'બુદ્ધચરિત'(૧૯૩૪) એમના બીજા જાણીતા કાવ્યસંગ્રહો છે. સ્મરણસંહિતા નરસિંહરાવની કવિતાનો કીર્તિકળશ છે. મંગલ મંદિર ખોલો... નરસિંહરાવનું અમર પ્રાર્થનાકાવ્ય બન્યું છે. તેમનાં વિવેચનો 'મનોમુકુર' ના ચાર ગ્રંથોમાં સંગ્રહાયાં છે. જ્ઞાનબાલના તખલ્લુસથી તેમણે વિવર્તલીલા નામનો નિબંધસંગ્રહ તેણે આપ્યો છે. તેમનાં વિવેચનોમાં વિષયનું સૂક્ષ્મ અને માર્મિક અન્વેષણ થયેલું દેખાય છે. ભાષાશાસ્ત્ર પરનાં તેમનાં પ્રવચનો 'ગુડરાતી લેંગ્વેજ એન્ડ લિટરેચર' ગ્રંથમાં સંગ્રહાયાં છે. એમનાં એ વ્યાખ્યાનો ત્યારે તેમને ભારતના શ્રેષ્ઠ ભાષાશાસ્ત્રી તરીકે પ્રસ્થાપિત કરી દીધા હતા. ખરેખર તેઓ ગુજરાતી ભાષાના જાગૃત પહેરેગીર હતા. 'સ્મરણમુકુર' (૧૯૨૬) માં પ્રસિદ્ધ વ્યક્તિઓનાં સ્મૃતિચિત્રો આલેખાયાં છે. ઉપરાંત 'વિવર્તલીલા', 'અભિનયકલા' અને 'રોજનીશી' તેમનાં અન્ય જાણીતાં પુસ્તકો છે. આવા સમર્થ ભાષાશાસ્ત્રી અને કવિ નરસિંહરાવ ઈ.સ. ૧૯૧૫ માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે વરાયા હતા. ગુજરાતી ભાષા અને સાહિત્યના ભીષ્મપિતા એવા આ પ્રબુદ્ધ સર્જકનો જીવન સિતારો ૧૪, જાન્યુઆરી, ઈ.સ. ૧૯૩૭ના રોજ આથમી ગયો હતો.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

# વલસાડ શહેરમાં શ્રીજીની મૂર્તિ આગમન અને મંડપોમાં ડેકોરેશન કામગીરી શરૂ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** ગણેશ ચતુર્થી ના તહેવારને માત્ર ગણતરીના દિવસો બાકી રહેતા ગણપતિ મંડળ ના સંચાલકો દ્વારા બાપાની મૂર્તિનું બુકિંગ અને મંડપો તેમજ ડેકોરેશનની તડામાર તૈયારીઓ વલસાડ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કરવામાં આવી રહી છે. કેટલાક મંડળો દ્વારા બાપાની મૂર્તિનું વાજતે ગાજતે આગમન પણ કરવામાં આવી રહ્યું છે.

પ્રથમ પૂજનીય શ્રી ગણપતિ ગજાનંદ મહારાજની આગામી તાઃ ૦૭/૦૯/૨૦૨૪ ના શનિવારના રોજ ગણેશ ચતુર્થી નો તહેવાર આવે છે. ગણેશ ચતુર્થી તહેવારને મહારાષ્ટ્રની સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં ધામધૂમથી ભક્તિભાવ માહોલમાં ઉજવણી કરવામાં આવતી હોય છે. ગણેશ ચતુર્થી ના તહેવારને ગણતરીના દિવસો બાકી રહ્યો છે.

જેથી વલસાડ શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં બાપાની મૂર્તિનું ડીજે ઢોલ નગારા સાથે આગમન કરવામાં આવી રહ્યું છે. વલસાડ શહેર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં નાના મોટા મંડળ આવેલા છે. વલસાડ શહેરમાં ઠેર ઠેર ગણપતિ બાપાની મૂર્તિનું વેચાણ થઈ રહ્યું છે. ગણપતિ બાપા ની અવનવી ડિઝાઈન અને કલર આકર્ષણ જમાવતી મૂર્તિઓનું બુકિંગ ભક્તો દ્વારા કરવામાં આવી રહ્યું છે. વલસાડ જિલ્લા કલેકટર દ્વારા મૂર્તિની ઊંચાઈ બાબતે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. મંડળના સંચાલકો દ્વારા વલસાડ કે અન્ય જગ્યાએ ગણપતિ બાપાની મનગમતી મૂર્તિઓ ઓર્ડર મુજબ બનાવી તૈયાર કરતા બુકિંગ કરી રહ્યા છે. તો બીજી તરફ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ગણપતિ બાપાના મંડપોની અંદર ડેકોરેશન કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. વલસાડ જિલ્લા કલેકટર દ્વારા ગણપતિ બાપાની પ્રતિમાની ઊંચાઈ બાબતે જાહેરનામું બહાર પાડ્યા બાદ વલસાડ શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા મોટા કે નાના મંડળો દ્વારા બાપાની મૂર્તિ નિયમ મુજબ લાવી રહ્યાં હોવાનું જોવા મળ્યું હતું.

# ડુંગરીમાં ગેસ આધારિત સ્મશાનભૂમિમાં જનરેટર તથા ૨૪ કલાક એક માણસ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** વલસાડના ડુંગરી ગામે હાઈવે કિનારે વર્ષો જૂની જર્જરીત સ્મશાન ભૂમિ મેં ગામના દાતાએ ૩૦ લાખનું દાન કરી ગેસ આધારિત સ્મશાન ભૂમિનું નાણામંત્રીના હસ્તે લોકાર્પણ કરાયા બાદ સ્મશાન ભૂમિમાં લાઈટ માટે ટ્રસ્ટ દ્વારા નવું જનરેટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

વલસાડ તાલુકાના ડુંગરી ગામે હાઈવે કિનારે આવેલા વર્ષો જૂની જર્જરીત સ્મશાન ભૂમિને દાતાઓના દાન થકી ડુંગરી સાર્વજનિક સ્મશાન ભૂમિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલી સ્મશાન ભૂમિનું લોકાર્પણ નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ડુંગળી સ્મશાન ભૂમિને ગેસ આધારિત સ્મશાનભૂમિ બનાવતા ડુંગરીના આજુબાજુ આવેલા કાંઠા વિસ્તારના ગામોના લોકોને મોટી રાહત મળી છે. જોકે સ્મશાન ભૂમિમાં અવારનવાર લાઈટ જવાનો કે સાંજે આવેલા મૃતદેહને અગ્નિદાહ આપવામાં તકલીફો પડતી હોય જેને ધ્યાનમાં રાખીડુંગરી સાર્વજનિક સ્મશાનભૂમિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવી ગેસ આધારીત ભઠી માટે વિશાળ કેપેસીટી વાળા ઝનરેટરની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. આ જનરેટરનું ફીટીંગ અને તેમાં વપરાતો સામાન ડુંગરી રેલીયા ફળિયાના કનુભાઈ પટેલે ફ્રી સેવા આપી હતી.

ડુંગળીને ગેસ આધારિત સ્મશાન ભૂમિમાં ૨૪ કલાક એક માણસ હાજર રહે તે માટે ડુંગરી સાર્વજનિક સ્મશાન ભૂમિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. હવેથી ડુંગરી સ્મશાન ભૂમિમાં જનરેટર અને માણસની વ્યવસ્થા કરતા અગ્નિસંસ્કાર માટે લવાતા મૃતદેહ સાથે આવતા ડાઘુઓને મોટી રાહત મળશે.

# ગણપતિ આગમન અને વિસર્જન માટે સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ થતા ગણેશ ભક્તો ખુશ

ગણપતિ ઉત્સવમાં ગણપતિના આગમન કે વિસર્જન માટે ગણેશ મંડળના સંચાલકોએ મામલતદાર પ્રાંત અધિકારીની ઓફિસ સહિત અલગ અલગ જગ્યાએથી અરજદારોએ પરવાનગી મેળવવા માટે ભારે તકલીફો પડતી હોવા અંગેની વલસાડ જિલ્લા ઈન્ચાર્જ કલેક્ટરને કરવામાં આવતા તેમણે ગણેશ ઉત્સવ માટેની જરૂરી તમામ પ્રકારની પરવાનગીઓ સિંગલ વિન્ડો સિસ્ટમના મધ્યમથી એક જ જગ્યાએથી મળી રહે તે માટે હુકમ કરવામાં આવ્યો હતો.જે માટે મામલતદાર અને એસિક્યુટિવ મેજિસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવ્યા બાદ મામલતદાર કચેરી માંથી આગમન અને વિસર્જનની પરવાનગી સિંગલ વિન્ડો માંથી મળતા ગણેશ ભક્તોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

મહારાષ્ટ્રની સાથે સમગ્ર દેશમાં ગણપતિ મહોત્સવને લોકો ભારે ઉત્સાહ પૂર્વક મનાવવામાં આવે છે. જેમાં ખાસ કરીને ગુજરાતમાં પણ ગણેશ મહોત્સવ રંગે ચંગે અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. આગામી તા. ૭ મી સપ્ટેમ્બરના રોજ ગણેશ મહોત્સવ છે. વલસાડ જિલ્લામાં ગણેશ મહોત્સવ ને લઈ ગણેશ ભક્તો દ્વારા તળા માર તૈયારીઓ કરી રહ્યા છે. વલસાડ પંથકમાં નાના મોટા ૨૦૦થી વધુ મંડળો આવેલા છે. ગણેશ મહોત્સવ નિમિત્તે વિવિધ મંડળો અને આયોજકો દ્વારા બાપાની મૂર્તિનું આગમન અને બાપાની મૂર્તિનું વિસર્જન સમયે ડીજે સાઉન્ડ, લાઉડ સ્પીકર કે રેલી વિસર્જન યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જતા હોય છે. ગણપતિ બાપાની મૂર્તિનું આગમન અને વિસર્જન માટે સરકારના નિયમ મુજબ પરવાનગી લેવામાં આવતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પરવાનગી લેવા માટે લોકો સરકારી કચેરી એવી પ્રાંત અધિકારી, વલસાડ સીટી કે રૂરલ પોલીસ મથક, વલસાડ મામલતદાર કચેરીમાં અલગ અલગ પરવાનગી મેળવવાની હોય છે. જોકે શાંતિ સમિતિને કે ગણેશ મંડળોની મળેલી મિટિંગમાં સિંગલ વિન્ડો સિસ્ટમ પરવાનગી આપવા માટેની માંગણી કરવામાં



**વલસાડનો પત્ર**
**કમલેશ હરિયાવાલા, વલસાડ**

આવી હતી. જે માંગણીને ધ્યાનમાં રાખી વલસાડ જિલ્લા ઈન્ચાર્જ કલેક્ટર અનસુયા જહાએ થોડા મહિના અગાઉ હુકમ કર્યો કે સભા તથા લાઉડ સ્પીકરની પરવાનગી માટે જે તે વિસ્તારના કાર્યપાલક મેજીસ્ટ્રેટ ને અધિકૃત કરવામાં આવેલ છે. તેમજ સરઘસ/રેલીની પરવાનગી માટે જે તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવેલ છે. પરંતુ ગણપતિ ઉત્સવ માટેની વિવિધ પ્રકારની પરવાનગીઓ અલગ-અલગ જગ્યાએથી લેવામાં અરજદારો ને મુશ્કેલીઓ પડતી હોય છે. જેથી ગણપતિ ઉત્સવ માટેની જરૂરી તમામ પ્રકારની પરવાનગીઓ સીગલ વિન્ડો સીસ્ટમના માધ્યમથી એક જ જગ્યાએથી મળી રહે તે માટે આગોતરૂ આયોજન કરવા માટે સૂચના આપી હતી. જે અંગે ચાલુ વર્ષ ૨૦૨૪ દરમિયાન યોજાનાર ગણપતિ ઉત્સવ દરમિયાન લેવામાં થતી સભા/ સરઘસ તથા લાઉડ સ્પીકર જેવી વિવિધ પરવાનગીઓ આપવા ટ્રાફીક, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ધ્યાને લઈ સબંધિત સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટના માર્ગદર્શન હેઠળ જે તે વિસ્તારના મામલતદાર અન એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવે તેમજ દરેક મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરીમાં સબંધિત પોલીસ સ્ટેશનના એક કર્મચારીને નિયુકત કરવાની કાર્યવાહી સબંધિત નાયબ પોલીસ અધિક્ષકએ કરવાની રહેશે. જિલ્લાના તમામ મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ ઓએ તેઓની કચેરીમાં આ કામગીરીના સંકલન માટે નાયબ મામલતદાર કક્ષાના કર્મચારીને જવાબદારી સોપવાની રહેશે અને તમામ પ્રકારની પરવાનીઓ માગણી થયેથી દિન-૩ માં (રજાના દિવસો સિવાય) અપાઈ જાય તે માટેની વ્યવસ્થા કરવા માટે વલસાડ જિલ્લા પોલીસ વડા સબ ડિવિઝનલ રજીસ્ટ્રેટ વલસાડ પારડી ધરમપુર તમામ નયબ પોલીસ વડા વલસાડ વાપી તેમજ તમામ પોલીસ મથકના પી.આઈ.પી.એસ.આઈ.ને હુકમની અમલવારી કરવા માટે જણાવ્યા બાદ વલસાડ મામલતદાર કચેરીમાંથી આગમન વિસર્જન તેમજ સભા / સરઘસની પરવાનગી આપવામાં આવતા ગણેશ ભક્તોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

# વલસાડની લોટસ હોસ્પિટલમાં વકૃત્વ સ્પર્ધા યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** માધ્યમિક શાળાઓના માટે શું માનસિક સ્વાસ્થ્ય શાળાઓનાં અભ્યાસમાં ફરજિયાત કરવું જોઈએ ? અને શું બાળકોની સ્થૂળતા આપણા દેશની ગંભીર સમસ્યા છે ?, વિષયો પર વકૃત્વ સ્પર્ધાનું આયોજન વલસાણની લોટસ હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી પ્રમાણપત્ર અને ચાંદીના સિક્કા ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યાં હતાં.

વલસાડની જાણીતી એવી લોટસ હોસ્પિટલ દ્વારા માધ્યમિક શાળાઓનાં માટે, શું માનસિક સ્વાસ્થ્ય શાળાઓનાં અભ્યાસમાં ફરજિયાત કરવું જોઈએ ? અને શું બાળકોની સ્થૂળતા આપણા દેશની ગંભીર સમસ્યા છે ?, વિષયો પર વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડની વિવિધ શાળા ઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં દીપેશ શાહ, ઉત્પલ દેસાઈ અને ભક્તિ શાહ નિણાર્યક તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને લોટસ હૉસ્પિટલનાશરૂઆત ડૉ. કલ્પેશ જોશી, ડૉ. અજિત ટંડેલ, સી.ઈ.ઓ. અંકિત રોય અને ચીફ એકાઉન્ટન્ટ નેહા ખેમાણી હાજર રહ્યા હતા. લોટસ હોસ્પિટલ તરફ થી વિજેતાઓને ટ્રોફી, સર્ટિફિકેટ અને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા અને વલસાડ નગરપાલિકાના સભ્ય હિતેષભાઈ તરફ થી વિજેતા સ્પર્ધકોને ચાંદીના સિક્કા ભેટ આપવામા આવ્યાં હતા અને જેમાં અનુક્રમે દિત્યા તિવારી ( સરસ્વતી સ્કૂલ ), પ્રિયાંશી પટેલ ( સરસ્વતી સ્કૂલ ) અને હીર નાયક (શ્રી વલ્લભ સંસ્કાર ધામ ) વિજેતા થયા હતા. તેમજ સાક્ષી બુચ (વલ્લભ આશ્રમ ) ને આશ્વાસન ઈનામ આપવામાંઆવ્યું હતું. આ સ્પર્ધા લોટસ હોસ્પિટલ તરફથી દર વર્ષે, અલગ અલગ આરોગ્ય વિષય પર રાખવામાં આવશે. આનો હેતુ બાળકોમાં આરોગ્ય વિષયક જ્ઞાન કેળવાય અને જાગૃતિ આવે એ છે.

## ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા

# વલસાડમાં ગણેશ ઉત્સવની સાથે શિવ કથાનો ૮ મીથી પ્રારંભ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ ઉત્સવ ની સાથે શ્રી શિવકથા નું ૮ મી સપ્ટેમ્બર થી આયોજન કરવામાં આવ્યું છે. શિવ કથામાં વલસાડના જાણીતા કથાકાર મિતેશભાઈ જોશી કથાનું રસપાન કરાવશે.

વલસાડ શાકભાજી માર્કેટમાં વર્ષોથી ચાલતી વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા વર્ષોથી ગણેશ મહોત્સવ, ગણપતિ જન્મ જયંતી, કથાઓ, હોરર શો, તથા અન્ય તહેવારોની ઉજવણી શાકભાજી માર્કેટના નાના મોટા વેપારીઓ સાથે મળી ઉજવણી કરતા હોય છે. જોકે એક વર્ષ અગાઉ વલસાડ શાકભાજી માર્કેટને નગરપાલિકા દ્વારા તોડી નાખવા અગાઉ આ માર્કેટના વેપારી અને માજી નગરપાલિકા પ્રમુખ રાજુ મરચાએ વેપારી મિત્રો સાથે મળી ભગવાન સત્યનારાયણની કથા અને મહાપ્રસાદ આયોજન કરવામાં આવ્યું હતું. જોકે આ વર્ષે વલસાડ ન્યુ શાકભાજી મિત્ર મંડળ આયોજિત ગણપતિ બાપાની મૂર્તિ ની સાથે આ વર્ષે ભગવાન શંકરની મોટી મૂર્તિ સ્થાપન કરવામાં આવી છે. જોકે ન્યુ શાકભાજી મિત્ર મંડળ દ્વારા ગણપતિ મંડપમાં શ્રી શિવ કથા આગામી તા. ૮ /૯/૨૦૨૪ ના રોજ થી પ્રારંભ થનાર છે. આ શિવ કથા નો રસપાન વલસાડમાં જાણીતા કથાકાર મિતેશભાઈ જોશી રસપાન કરાવશે. આ શિવ કથા ની પોથી યાત્રા તારીખ ૮/ ૯/ ૨૦૨૪ ના રવિવારે બપોરે ૨:૦૦ કલાકે શ્રી ભીડભંજન મહાદેવ મંદિર થી પ્રસ્થાન કરી ગણપતિ મંડપ કથાના સ્થળે જશે. આ તથા દરરોજ બપોરે ૨ કલાકથી સાંજે ૫:૩૦ કલાક સુધી ચાલશે. વલસાડ શાકભાજી માર્કેટમાં રાખવામાં આવેલી શિવ કથાનો લાભ લેવા ભક્તોને માજી પ્રમુખ રાજુ મરચા એ જણાવ્યું છે.

## માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# રાબડામાં વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા નોટબુકોનું નિઃશુલ્ક વિતરણ કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** વલસાડના રાબડા ગામે આવેલામાં વિશ્વંભરી તીર્થ યાત્રા ધામમાં ચાલતામાં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગામની માધ્યમિક સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને યુનિફોર્મ અને નોટબુકોનું વિનામૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

વલસાડ તાલુકાના રાબડા ગામે આવેલા માં વિશ્વંભરી તિર્થયાત્રા ધામ માં આજરોજ તા.૦૨-૦૮-૨૦૨૪ને સોમવારના રોજ માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગામની માધ્યમિક સ્કુલના વિદ્યાર્થીઓને યુનીફોર્મ તથા નોટબુકોનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાભાવી સંસ્થા દ્વારા દરવર્ષે તહેવાર પર ગામના ૨૦૦થી વધુ નિરાધાર પરિવારોને નિંશુલ્ક અનાજની કીટ પણ આપવામાં આવે છે. આ સંસ્થા દ્વારા આમ અનેક સેવાકીય પ્રવૃતિ કરવામાં આવી રહી છે.

વિદ્યાર્થીઓને યુનિફોર્મ તથા નોટબુકો વિતરણના આ કાર્યક્રમમાં માં વિશ્વંભરી તિર્થયાત્રા ધામના સંસ્થાપક મહાપાત્ર, લોકસેવક સંઘના પ્રમુખ રાજુભાઈ પટેલ, માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મેનેજીંગ ટ્રસ્ટી કિરીટભાઈ ડેડાણીયા, રમેશભાઈ ડોબરિયા અને માધ્યમિક પ્રિન્સીપાલ વૈશાલીબેન તથા અન્ય શિક્ષકગણ તેમજ રાબડા ગામના સરપંચ કિન્નરીબેન ભદ્રેશભાઈ, ગામના અગ્રણીઓ શૈલેષભાઈ, સુમનભાઈ, માજી સરપંચ જસવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. કપરાડા અને ધરમપુર જેવાં આર્થિક પછાત વિસ્તારમાંથી અહીં માધ્યમિક સ્કુલમાં અભ્યાસ અર્થે આવતાં વિદ્યાર્થીઓમાં આ યુનિફોર્મ તથા નોટબુકોના વિતરણથી આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

**‘દમણગંગા ટાઈમ્સ’**

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત

## ૬૫ લાખના ખર્ચે બનેલ

# ફણસવાડામાં સ્મશાનભૂમિનનું સાંસદ અને ધારાસભ્યના હસ્તે લોકાર્પણ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** વલસાડ તાલુકાના ફણસવાડા ગામે કૈલાશધામ હિન્દુ સ્મશાનભૂમિ ફણસવાડા, અટગામ, કલવાડા, કોચવાડા, મૂળી ટ્રસ્ટ સંચાલિત નવનિર્મિત કૈલાશધામ હિન્દુ સ્મશાનભૂમિ ૬૫ લાખના ખર્ચે તૈયાર કર્યા બાદ વલસાડના સાંસદ અને ધરમપુરના ધારાસભ્યના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વલસાડ તાલુકાના ગામે કૈલાસધામ હિન્દુ સ્મશાન ભૂમિ ફણસવાડા અટગામ, કલવાડા કોચવાડા મુળી ટ્રસ્ટ સંચાલિત નવનિર્મિત કૈલાશધામ હિન્દુ સ્મશાન ભૂમિ ૬૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જે સ્મશાન ભૂમિનું વલસાડ ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ફણસવાળા ગામે કૈલાશધામ હિન્દુ સ્મશાન ભૂમિ બનાવવામાં આવતા આજુબાજુના ગ્રામજનોને તેનો લાભ મળશે. સ્મશાન ભૂમિનું લોકાર્પણ વિધિમાં વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંત ભાઈ કંસારા, ફણસવાડા ગામના માજી સરપંચ હીનાબેન શિરીષભાઈ પટેલ, ખજુરડી ગામના સરપંચ સ્નેહલભાઈ પટેલ, મુળી, ફણસવાડા, કોચવાડા, કલવાડા, અટગામ ગામના સરપંચો, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સભ્યો માજી સરપંચો ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

# પારનેરાની મા. શાળામાં વનઔષધી વનસ્પતિનું પ્રદર્શન ખુલ્લુ મુકાયુ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** લસાડ તાલુકાના પારનેરા ગામની સાર્વજનિક માધ્યમિક શાળા ખાતે વન ઔષધી વનસ્પતિઓનું પ્રદર્શન, અગત્સ્ય અને અતુલ ફાઉન્ડેશનના સહયોગથી રાખવામાં આવ્યું હતુ. જેમાં વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડો. રાજેશ્રીબેન ટંડેલના હસ્તે પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તેમના દ્વારા ઔષધી વનસ્પતિની માહિતી અને ઓપન લેબ પ્રોજેક્ટની માહિતી આપી સાથે સાથે સંવેદના પેટીની સમજ બાળકોને ઉંડાણપૂર્વક આપી હતી.

ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાની તૈયારી માટેની માહિતી પણ આપવામાં આવી. શાળાના કોમ્પ્યુટર લેબનું ઉદઘાટન પણ એમના હસ્તે કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારી એ ઈલેક્ટ્રોનિક્સ અને એપરલ જેવા વોકેશનલ સબ્જેક્ટની લેબની પણ મુલાકાત લીધી હતી. આ સમયે શાળાના પ્રમુખ રાજુભાઈ પટેલ તથા ગામના સરપંચ ભરતભાઈ પટેલ, શાળાના આચાર્ય કિરીટકુમાર શાળાના શિક્ષકો તેમજ અગત્સ્યના રીઝનલ હેડ નિમેષભાઈ પટેલ (નવસારી) અને અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. આ તબક્કે જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજેશ્રીબેન ટંડેલનો શાળા પરિવાર દ્વારા આભાર માન્યો હતો.

## કુસુમ ફાઉન્ડેશન સરોધી દ્વારા

# વલસાડ જિલ્લાના શ્રેષ્ઠ કામગીરી કરતા શિક્ષકોનું સન્માન કરાયું




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ,તા.૨:** સરોધી કા મહારાજા પ્રેરિત કુસુમ ફાઉન્ડેશન દ્વારા શિક્ષકોને સન્માન કરવાનો કાર્યક્રમ સાર્વજનિક હાઈ સ્કુલ ડુંગરીમાં યોજવામાં આવ્યો હતો.જેમાં કુસુમ ફાઉન્ડેશનના સંચાલક સ્નેહલભાઈ અને આનંદભાઈ એ કુસુમ ફાઉન્ડેશન દ્વારા થતા વિધવા માટે ઘર યોજના, આર્થિક સહાય યોજના, અનાજ વિતરણ, દફતર વિતરણ વગેરે જેવી સેવાકીય પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી હતી.

વલસાડ જિલ્લાના શ્રેષ્ઠ કામગીરી કરતા ૨૩ જેટલા શિક્ષકોને શિક્ષા શ્રેષ્ઠી સન્માન વલસાડ રૂરલ પીઆઈ ભાવિક જીતીયા, ડૉ. કિરણભાઇ આચાર્ય પીટીસી કોલેજ વાપી, રીતેશભાઈ આચાર્ય ડુંગરી હાઈસ્કૂલ, રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક ડી એન ટંડેલ, ઉંટડી સાયન્સ વિભાગના ટ્રસ્ટી કમલેશભાઈ, સરોધી પુર્વ સરપંચ વિજયભાઈના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં સન્માનિત શિક્ષકો પોતાના ક્ષેત્રમાં લાખો રૂપિયાનું દાન લાવ્યા, જરૂરિયાત મંદોની સેવા કરી હતી. રાજ્ય - રાષ્ટ્રીય - આંતર રષ્ટ્રીય કક્ષાએ વિદ્યાર્થીઓને લઈ ગયા હોય એવા બાહોશ શિક્ષકોને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનવામાં આવ્યાં હતાં.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Tuesday 03, September 2024

## રેશનિંગ અનાજ વિતરણમાં ગેરરીતિ રોકવા નક્કર આયોજનનો અભાવ

નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ ૨૦૧૩ મુજબ ગુજરાતમાં બીપીએલ, એપીએલ અને અંત્યોદય મળીને ૭૪ લાખથી વધુ રાશન કાર્ડ અને ૩.૬૦ કરોડ જેટલા ગરીબ લાભાર્થીઓને સરકાર દ્વારા અનાજ પૂરું પાડવામાં આવતું હોવાની માહિતી જાહેર થઈ છે. અન્ન અને નાગરિક પુરવઠાની કામગીરી બાબતે લોકોની ફરિયાદમાં વર્ષ ૨૦૨૧ માં ૩૪ જિલ્લાઓમાંથી ૭૦૨૬ ફરિયાદો મળેલ. એટલે કે વર્ષ ૨૦૨૦ની સરખામણીમાં ૧૪૫ ફરિયાદો વધી છે. વર્ષ ૨૦૨૩ માં ૩૪ જિલ્લાઓમાંથી ૨૨૫૨૫ ફરિયાદો એટલે વર્ષ ૨૦૨૨ની સરખામણીમાં ૧૭૨.૭૦ ટકા વધુ ફરિયાદો ઉભી થઈ છે. આમ વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૩ સુધી ફરિયાદની સંખ્યા ૧૭૨૧ થી વધીને ૨૨૫૨૫ સુધી પહોંચી ગઈ; આમ ૫ વર્ષમાં અન્ન અને નાગરિક પુરવઠાની કામગીરી સામે નોંધવામાં આવેલ ફરિયાદની વૃદ્ધિ ૧૩૦૮.૮૩ ટકા થઈ ! આ આંકડાઓ એ રીતે ચોંકાવનારા છે કે આ સામાન્ય નાગરિકો કે જેમની પાસે કોઈ સારી ટેક્નોલેજી ઉપલબ્ધ ન હોય, ભણેલા ગણેલા ન હોય, આખો દિવસ મજુરી કામમાં વ્યસ્ત હોય એવા લાભાર્થીઓ જો આટલી ફરિયાદ નોંધાવતા હોય તો ખરેખર લોકોને મોટી મુશ્કેલીઓ વેઠવી પડતી હશે એવી ચિંતા ઉભી થઈ છે. આ પાંચ વર્ષમાં પૈકી વર્ષ ૨૦૨૧માં તપાસ દરમિયાન કુલ ૪૨૫૫ ક્ષતિઓ મળી, જેમાં ૨.૭૬ કરોડનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો. ૪.૩૩ કરોડનો દંડ વસૂલ કર્યો. ૨૭૭ પરવાના મોકૂફ, ૭૦ પરવાના રદ કર્યા. કુલ ૧૮ પોલીસ કેસ અને ૧૦ પી.બી.એમ. કેસ થયાં. દંડમાં ૧૧૨.૭૬ની વૃદ્ધિ થઈ. એજ રીતે વર્ષ ૨૦૨૩ માં તપાસ દરમિયાન કુલ ૬૨૦૪ ક્ષતિઓ મળી, જેમાં ૯.૩૬ કરોડનો મુદામાલ જપ્ત થયો. ૬.૦૮ કરોડનો દંડ વસૂલ્યો. ૨૦૦ પરવાના મોકૂફ કર્યા, ૪૮ પરવાના રદ કર્યા. કુલ ૧૮ પોલીસ કેસ અને ૨૦ પી.બી.એમ. કેસ થયાં. પોલીસ કેસમાં ૨૨૩.૫૨ુની વૃદ્ધિ થઈ. આમ છેલ્લા ૫ વર્ષમાં દંડમાં ૪૪૭.૩૩ ટકા સુધીની વૃદ્ધિ થઈ. પોલીસ કેસ/ પી.બી.એમ. કેસમાં ૫૦૦ુ સુધીની વૃદ્ધિ થઈ. સામાન્ય અને ગરીબ નાગરિકોને મળવા પાત્ર અનાજ સગે-વગે કરીને કાળા બજારમાં વેચી મારનાર વ્યાજબી ભાવના દુકાનદારો અને ગોડાઉન માલિકોનો ત્રાસ છેલ્લા ૫ વર્ષમાં ૫ ગણો વધી ગયો છતાં ગેરરીતિઓ અટકાવવા કોઈ નક્કર આયોજન થતું નથી. મોટી સંખ્યામાં અનાજ વિતરણ થતું હોય અને મોટા પ્રમાણમાં ગેરરીતિઓ થાય તો તેનો ભોગ ગરીબ લોકો જ બને. ગરીબ નાગરિકોને મળવા પાત્ર અનાજ સગે-વગે કરીને કાળા બજારમાં વેચી મારનાર વ્યાજબી ભાવના દુકાનદારો અને ગોડાઉન માલિકો પાસેથી નથી પકડાયું તે અનાજ માટે પણ ચિંતા ઉભી થઈ છે! લાભાર્થીઓને લાભ મળે તે માટે ઘણા કાયદાઓ હાલમાં છે જ; જરુર છે તેના અમલની. આ ગેરરીતિઓને ડામવા જાગૃત નાગરિકે અસરકારક સૂચનો કર્યા છે તેમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ રાશન દુકાનથી દર મહીને મળવા પાત્ર અનાજનો જથ્થો; તકેદારી સમિતિ બધી વિગતો જાહેર જનતા આસાનીથી નિહાળી શકે તે રીતે મૂકવી.

### ખેડૂતોની આવક વધારવા લેવાયો મોટો નિર્ણય

# કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ખેડૂતો સાથે જોડાયેલી ૭ યોજનાઓને મંજૂરી

**પ્રથમ ડિજિટલ એગ્રીકલ્ચર મિશન છે, તે કૃષિ માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે છે : ૨૮૧૭ કરોડના રોકાણથી ડિજિટલ એગ્રીકલ્ચર મિશન તૈયાર થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨: કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ખેડૂતો સાથે જોડાયેલી ૭ યોજનાઓને મંજૂરી મળી ગઈ છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે ખેડૂતોના જીવનમાં સુધાર અને તેની આવક વધારવા માટે કેબિનેટે સોમવારે ૭ મોટા નિર્ણયો લીધા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં કૃષિ ક્ષેત્ર સાથે સંબંધિત આ ૭ કાર્યક્રમો માટે આશરે ૧૪,૦૦૦ કરોડ રૂપિયાને મંજૂરી આપવામાં આવી છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું- પ્રથમ ડિજિટલ એગ્રીકલ્ચર મિશન છે, તે કૃષિ માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા માટે છે. ૨૮૧૭ કરોડ રૂપિયાના રોકાણથી ડિજિટલ એગ્રીકલ્ચર મિશન તૈયાર થશે.

**ખેડૂતોને મોદી સરકારની આ ભેટ**

૧-તેમણે કહ્યું કે, કેન્દ્રીય કેબિનેટે ખોરાક અને પોષણના પાક વિજ્ઞાનને સમર્પિત રૂ. ૩,૯૭૯ કરોડની યોજનાને મંજૂરી આપી છે.

૨- કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, કેન્દ્રીય કેબિનેટે ૨,૮૧૭ કરોડ રૂપિયાના ડિજિટલ એગ્રીકલ્ચર મિશનને મંજૂરી આપી છે.

૩- તેમણે કહ્યું, કેબિનેટે કૃષિ શિક્ષણ અને વ્યવસ્થાપનને મજબૂત કરવા માટે રૂ. ૨,૨૯૨ કરોડની જોગવાઈ સાથેના કાર્યક્રમને મંજૂરી આપી છે.

૪-સરકારે ટકાઉ પશુધન સ્વાસ્થ્ય માટે રૂ. ૧,૭૦૨ કરોડની યોજનાને મંજૂરી આપી.

૫- કેન્દ્રીય કેબિનેટે બાગાયતના વિકાસ માટે ૮૬૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે.

૬- કૃષિ વિજ્ઞાન કેન્દ્રો માટે રૂ. ૧,૨૦૨ કરોડની ફાળવણી મંજૂર.

૭-કુદરતી સંસાધન વ્યવસ્થાપનને મજબૂત કરવા માટે રૂ. ૧,૧૧૫ કરોડની યોજનાને પણ મંજૂરી આપવામાં આવી છે.

**કેબિનેટની બેઠકમાં આ નિર્ણયને મળી મંજૂરી**

- કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના સાણંદમાં એક સેમીકંડક્ટર એકમ સ્થાપિત કરવા માટે કેનેસ સેમીકોન પ્રાઈવેટ લિમિટેડના પ્રસ્તાવને મંજૂરી આપી છે. પ્રસ્તાવિત એકમ ૩૩૦૦ કરોડ રૂપિયાના રોકાણથી સ્થાપિત કરવામાં આવશે. આ એકમની ક્ષમતા પ્રતિદિન ૬૦ લાખ ચિપની હશે.

- આ એકમમાં બનેલી ચિપ વિવિધ પ્રકારે ઉપયોગમાં લેવાશે, જેમાં ઔદ્યોગિક, ઓટોમોટિવ, ઈલેક્ટ્રિક વાહન, ઉપભોક્તા ઈલેક્ટ્રોનિક્સ, દૂરસંચાર મોબાઈલ ફોન વગેરે જેવા ક્ષેત્ર સામેલ છે.

-કેબિનેટે ૩૦૯ કિમી લાંબી નવી લાઈન પ્રોજેક્ટને મંજૂરી આપી: મુંબઈ અને ઈન્દોર - બે મુખ્ય વ્યાપારી હબ વચ્ચે ટૂંકી રેલ કનેક્ટિવિટી પૂરી પાડવા.

### ૧૭ હજાર લોકોને બચાવ્યા, ૨.૭ લાખ અસરગ્રસ્ત

# તેલંગાણા-આંધ્રપ્રદેશમાં પૂર અને વરસાદે તબાહી મચાવી

**પૂર અને વરસાદને કારણે તેલંગાણામાં અત્યાર સુધીમાં ૯ અને આંધ્રપ્રદેશમાં ૮ લોકોના મોત થયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨: તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. તેલંગાણાના ખમ્મમ જિલ્લામાં ૧૧૦ ગામ ડૂબી ગયા છે, જ્યારે આંધ્ર પ્રદેશમાં ૧૭ હજાર લોકોને બચાવીને સુરક્ષિત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા છે.પૂર અને વરસાદને કારણે તેલંગાણામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા છે, જ્યારે આંધ્ર પ્રદેશમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સંજોગોમાં આંધ્ર-તેલંગાણા બોર્ડર પાસે ગારિકપાડુમાં પાલેરુ પુલને ભારે નુકસાન થયું છે. બ્રિજનો એક ભાગ ધોવાઈ જવાને કારણે નેશનલ હાઈવે પરનો વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે, જેના કારણે અનેક લોકોને રસ્તા પર સૂઈને રાત વિતાવવી પડે છે.આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ કહ્યું છે કે વિજયવાડા શહેરના ઘણા ભાગોમાં પૂરના કારણે ૨.૭ લાખથી વધુ લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. નાયડુએ કહ્યું કે રવિવાર રાત સુધી પ્રકાશમ બેરેજમાંથી ૯.૭ લાખ ક્યુસેક પૂરનું પાણી છોડવામાં આવ્યું હતું. આ પ્રકારનું પૂર છેલ્લે ૧૯૯૮માં આવ્યું હતું. ત્યારબાદ પ્રકાશમ બેરેજમાંથી ૯.૨૪ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આ વખતે છોડવામાં આવેલ પાણી ૫૦ હજાર ક્યુસેક વધુ છે.તેલંગાણાના ઘણા ભાગોમાં વિનાશકારી પૂરની વચ્ચે, એક પીડિત પરિવારના બચાવની વાર્તા પ્રકાશમાં આવી છે. ખમ્મમમાં સ્થાનિક લોકોએ એક પરિવારને બચાવી લીધો છે. ખમ્મામની રહેવાસી અકુલા રાનીએ કહ્યું, 'સંબંધીઓએ તરવૈયાઓની મદદથી ખમ્મામમાં ફસાયેલા અમારા પરિવારને બચાવ્યો. પોલીસ અને પ્રશાસનમાંથી કોઈ અમારી મદદ કરવા આવ્યું નથી.'સ્ઢ અનુસાર, તેલંગાણા, વિદર્ભ સિવાય, કોસ્ટલ આંધ્રપ્રદેશ, રાયલસીમા, કર્ણાટક અને મરાઠવાડામાં ભારેથી અતિ ભારે વરસાદની અપેક્ષા છે. આ સાથે કેરળ, કોસ્ટલ મહારાષ્ટ્ર અને મધ્ય મહારાષ્ટ્રના વિસ્તારોમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. આ અંગે હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તે જ સમયે, આજે પૂર્વ મધ્યપ્રદેશ, ઓડિશા અને છત્તીસગઢ, પૂર્વ રાજસ્થાન, ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે.

### કેરળમાં RSSની બેઠકમાં ઉઠાવવામાં આવ્યો મુદ્દો

# 'હિન્દુત્વનો મુદ્દો જાતિઓમાં વિભાજન અટકાવશે'

**કેરળમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની બેઠક ચાલી રહી છે, આ બેઠકમાં ભાજપ ઉપરાંત સંઘના ૩૨ સહયોગી સંગઠનોના લોકો સામેલ છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

કેરળ, તા.૨: કેરળના પલક્કડમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની બેઠક ચાલી રહી છે. ૩૧ ઓગસ્ટથી શરૂ થયેલી આ સંઘની બેઠકનો આજે (૨ સપ્ટેમ્બર) છેલ્લો દિવસ છે. જેમાં ભાજપ સહિત સંઘના ૩૨ સહયોગી સંગઠનો સાથે જોડાયેલા લોકોએ ભાગ લીધો હતો. ૧ ઓગસ્ટના રોજ આ બેઠકમાં સામાજિક સમરસતા પર લાંબી ચર્ચા થઈ હતી.બેઠક દરમિયાન, વિપક્ષ દ્વારા છેલ્લા ઘણા વર્ષોમાં ઉઠાવવામાં આવેલી જાતિ આધારિત વસ્તી ગણતરીની માંગ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ મુદ્દે સંઘનું માનવું છે કે સામાજિક સમરસતા હેઠળ હિન્દુત્વના મુદ્દા સાથે સમાજને જાતિઓમાં વહેંચાતા અટકાવી શકાય છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૪ની ચૂંટણી પછી સંઘ અને તેના સહયોગી દળો વચ્ચે આ પહેલી સંકલન બેઠક છે.સંઘ શતાબ્દી વર્ષમાં પંચ પરિવર્તન - સામાજિક સમરસતા, પારિવારિક જ્ઞાન, પર્યાવરણ સંરક્ષણ, રાષ્ટ્રીય ઓળખ અને નાગરિક ફરજના આધારે દેશવ્યાપી સામાજિક પરિવર્તનનું આયોજન કરી રહ્યું છે. શતાબ્દી વર્ષમાં સંઘ પંચ પરિવર્તન અંતર્ગત સામાજિક સમરસતામાં દેશવ્યાપી પરિવર્તન માટે અભિયાન ચલાવશે.સંઘની સંકલન બેઠકમાં સરકાર્યવાહ દત્તાત્રેય હોસાબલે દ્વારા સામાજિક સમરસતાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો અને સંઘના અનેક અધિકારીઓ અને સંઘની સહયોગી સંસ્થાઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર રાજ્યોના કેન્દ્રીય અધિકારીઓએ પણ બેઠકમાં પશ્ચિમ બંગાળમાં થયેલી હિંસાની વિગતો શેર કરી હતી.બેઠકમાં, જેપી નડ્ડા અને ભાજપ મહાસચિવ (સંગઠન) બીએલ સંતોષે પાર્ટીના સભ્યપદ અભિયાન અને આંતરિક ચૂંટણીઓની વિગતો શેર કરી હતી. બેઠક દરમિયાન જેપી નડ્ડા સંઘ પ્રમુખ ભાગવત અને અન્ય સહિત સંઘના ટોચના અધિકારીઓને પણ મળ્યા હતા.સંઘના અધિકારીઓ અને જેપી નડ્ડા વચ્ચેની આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ હતી, કારણ કે લોકસભા ચૂંટણી પહેલા જેપી નડ્ડાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે પાર્ટી હવે આત્મનિર્ભર છે અને તેને સંઘના સમર્થનની જરૂર નથી.

### પેરાલિમ્પિક ગેમ્સમાં

# યોગેશ કથુનિયાએ ડિસ્કસ થ્રોમાં જીત્યો સિલ્વર મેડલ

**ભારતે પેરિસ પેરાલિમ્પિક્સનો આઠમો મેડલ જીત્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

પેરિસ, તા.૨: પેરિસ પેરાલિમ્પિક ગેમ્સ ૨૦૨૪માં ભારતીય ખેલાડીઓનું જોરદાર પ્રદર્શન ચાલુ છે. શૂટિંગ અને બેડમિન્ટન બાદ હવે એથ્લેટિક્સમાં પણ મેડલ આવી રહ્યા છે અને આ ક્રમમાં ભારતના યોગેશ કથુનિયાએ પુરુષોની ડિસ્કસ થ્રો ह्व-૫૬ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો છે. આ સાથે ભારતે પેરિસ પેરાલિમ્પિક્સનો આઠમો મેડલ જીત્યો છે. એટલું જ નહીં યોગેશે સતત બીજી પેરાલિમ્પિક ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો છે.

ભારતે આ મેડલ પેરિસના સ્ટેડ ડી ફ્રાન્સમાં આયોજિત પેરાલિમ્પિક્સની એથ્લેટિક્સ ઈવેન્ટમાં જીત્યો હતો. યોગેશે સોમવાર, ૨ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી ह्व-૫૬ કેટેગરીની ડિસ્કસ થ્રો ઈવેન્ટમાં ૪૪.૨૨ મીટરના થ્રો સાથે મેડલ જીત્યો હતો. ખાસ વાત એ છે કે યોગેશે આ થ્રો તેના પહેલા જ પ્રયાસમાં કર્યો હતો, જે તેને મેડલ જીતવા માટે પૂરતો હતો.

યોગેશે સતત બીજી પેરાલિમ્પિક ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો છે. આ પહેલા તેણે ટોક્યો ગેમ્સમાં પણ આ જ મેડલ જીત્યો હતો. આ સિઝનમાં યોગેશનો પણ આ સર્વશ્રેષ્ઠ થ્રો હતો. જોકે તેણે ટોક્યોમાં આનાથી વધુ ફેંક્યા હતા. ત્યારબાદ તેણે ૪૪.૩૮ મીટર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

ભારતને પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં એથ્લેટિક્સમાં આ ચોથો મેડલ મળ્યો છે. તેની પહેલા, પ્રીતિ પાલે તેની ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરની કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. નિષાદ કુમારે મેન્સ હાઈ જમ્પમાં સિલ્વર મેડલ જીત્યો હતો. નિષાદે સતત બીજી પેરાલિમ્પિક્સમાં પણ સિલ્વર જીત્યો હતો. હવે યોગેશે પણ પોતાની સફળતાનું પુનરાવર્તન કર્યું છે. હરિયાણાના બહાદુરગઢની રહેવાસી કથુનિયા ૯ વર્ષની ઉંમરે ગુઈલેન-બાર સિન્ડ્રોમનો શિકાર બન્યો હતો, જેના કારણે તે લકવાગ્રસ્ત થઈ ગયો હતો. પછી તેની માતા મીના દેવીએ પોતે ફિઝિયોથેરાપીની તાલીમ લીધી અને આગામી ૩-૪ વર્ષમાં તેના પુત્રને અમુક અંશે સક્ષમ બનાવ્યો, જેનાથી તેના સ્નાયુઓને થોડી શક્તિ મળી.

# માતા વૈષ્ણો દેવી ભવન માર્ગ પર ભૂસ્ખલન થતાં ૨ મહિલાના મોત

**ઘણા દિવસોથી થઈ રહેલા વરસાદના કારણે હિમકોટિ માર્ગ પર ભૂસ્ખલન : જૂના સાંઝીછત માર્ગથી યાત્રા હાલમાં ચાલું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

જમ્મુ, તા.૨: માતા શ્રી વૈષ્ણોદેવી ભવન માર્ગ પર સોમવારે એક મોટી દુર્ઘટના થઈ ગઈ. પંછી હેલીપેડ નજીક ભૂસ્ખલન થયું છે. તેમાં બે મહિલા શ્રદ્ધાળુનાં મોત થઈ ગયા છે. એક છોકરી પણ ઘાયલ થઈ ગઈ છે. માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ તરફથી રાહત અને બચાવ કાર્ય શરુ કરવામાં આવ્યું છે. જોકે, યાત્રા પર રોક લગાવી નથી. બીજા રુટથી યાત્રા ચાલી રહી છે. શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડના સીઈઓએ પુષ્ટિ કરી છે કે મંદિરના રસ્તા પર પથ્થર પડવા અને ભૂસ્ખલનની ઘટના બની છે.

ભૂસ્ખલનની જાણકારી મળતા જ શ્રાઈન બોર્ડની આપદા પ્રબંધન ટીમ તરત ઘટનાસ્થળે પહોંચી ગઈ. અધિકારીઓએ જણાવ્યું કે, બપોરે લગભગ ૨ વાગ્યેને ૩૫ મિનિટ પર ભવનથી ત્રણ કિમી આગળ પંછી નજીક ભૂસ્ખલન થયું છે. જેના ઉપર લોખંડનો એક ભાગ તૂટી ગયો છે.

આ દુર્ઘટનામાં મૃતક મહિલાની ઓળખાણ જ્ઞાનપુર ગલી નંબર ગુરદાસપુર રહેવાસી સુદર્શનની પત્ની સપના અને યૂપીની કાનપુરની રહેવાસી નેહા તરીકે થઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી થઈ રહેલા વરસાદના કારણે હિમકોટિ માર્ગ પર ભૂસ્ખલન થયું છે. જૂના સાંજીછત માર્ગથી યાત્રા હાલમાં ચાલું છે.

આ અગાઉ ૧૫ ઓગસ્ટે દક્ષિણી દેવરી નજીક શ્રી માતા વૈષ્ણો દેવી યાત્રા માર્ગ પર ભૂસ્ખલન થયું હતું. જેમાં તીર્થયાત્રીઓ માટે પવિત્ર મંદિરની યાત્રા હંગામી ધોરણે બંધ થઈ ગઈ હતી. આ ઘટના આ વિસ્તારમાં ભારે વરસાદની વચ્ચે થઈ હતી. જેમાં કોઈ જાનહાનિ થઈ નહોતી.

### ઓડિશામાં પણ ભારે વરસાદની સ્થિતિ

# ગુજરાત સહિત ૨૦ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જારી

**ગુજરાતમાં વરસાદના કહેર બાદ હવે આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં ભારે તબાહીનો મંજર જોવા મળી રહ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨:ગુજરાતમાં વરસાદના કહેર બાદ હવે આંધ્ર પ્રદેશ અને તેલંગણામાં ભારે તબાહીનો મંજર જોવા મળી રહ્યો છે. આ બંને રાજ્યોમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પાદ પૂર આવી ગયા છે. અનેક જિલ્લાઓ ભયંકર પૂરની ઝપેટમાં આવી ગયા છે. બંને રાજ્યોમાં રોડ માર્ગ અને રેલ માર્ગ બંને ખરાબ રીતે પ્રભાવિત થયા છે. વારંગલ અને વિજયવાડા માર્ગ પર પહેલેથી જ ૧૦૦થી વધુ ટ્રેનો રદ કરાઈ છે. આ સાથે જ બંને રાજ્યોને જોડનારા અનેક માર્ગ સંપૂર્ણ રીતે બંધ થઈ ગયા છે. ભારે વરસાદની ચેતવણીને જોતા તેલંગણા અને હૈદરાબાદમાં તમામ શાળાઓ બંધ કરવાના આદેશ અપાયા છે. આ સાથે જ ઓડિશામાં પણ ભારે વરસાદની સ્થિતિ છે.

આંધ્ર પ્રદેશઅને તંલગણાના અલગ અલગ શહેરોમાં પૂરનો કોહરામ જોવા મળી રહ્યો છે. હૈદરાબાદમાં પણ ડેમનું પાણી ઓવરફ્લો થઈને રસ્તાઓ પર આવી ગયું છે. જ્યારે વારંગલમાં તો પૂરથી ખરાબ સ્થિતિ સર્જાઈ છે. આંધ્ર પ્રદેશના વિજયવાડામાં ભારે વરસાદ બાદ સ્થિતિ બગડી ગઈ છે. ઠેર ઠેર પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સ્થિતિ એવી છે કે સમગ્ર વિજયવાડા શહેર પાણીમાં ડૂબાડૂબ જોવા મળી રહ્યું છે. વરસાદ એટલો જોરદાર પડ્યો છે કે ત્યાં રસ્તાઓ પર ઊભેલી અડધો ડઝન જેટલી બસો પણ પાણીમાં ડૂબી છે. ત્યારબાદ જે બસો જ્યાં ઊભી હતી ત્યાં જ ઊભી રહી ગઈ.

ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ(સ્ઢ)એ ૨૦ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. જેમાં તેલંગણા, આંધ્ર પ્રદેશ અને ઓડિશા ઉપરાંત ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ચંડીગઢ, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, કેરળ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, મણિપુર, અસમ, નાગાલેન્ડ, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ, અને મેઘાલય સામેલ છે. દેશની રાજધાની દિલ્હીમાં પણ મોડી રાતે વરસાદ પડ્યો છે. રાજ્ય હવામાન ખાતાએ ગુજરાતમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ૫ દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે કેટલાક સ્થળો પર અતિભારે વરસાદ પડી શકે છે. વડોદરા અને છોટા ઉદેપુર અતિભારે વરસાદની આગાહી કરાઈ છે. આણંદ, ભરૂચ, નર્મદામાં ભારે વરસાદની આગાહી, સુરત, તાપી, વલસાડ, ડાંગ, પંચમહાલ, અમરેલી, ભાવનગર, દાહોદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

# પે[redacted]તેશનો પહેલો મેડલ

**પેરા-બેડમિન્ટન ખેલાડી નિતેશ કુમારે મેન્સ સિંગલ બેડમિન્ટન SL3માં જીત્યો**

[redacted]

નિતેશકુમારના નામે હતો. તેણે આ સેટ ૨૧-૧૪થી જીત્યો હતો. આ સાથે જ બીજા સેટમાં જોરદાર પ્રદર્શન કરવા છતાં તેને ૧૮-૨૧થી હારનો સામનો કરવો પડ્યો હતો. એક સમયે આ સેટ ૧૬-૧૬થી બરાબર હતો, પરંતુ અહીં નિતેશ કુમાર પાછળ રહી ગયો. આ પછી તેણે ત્રીજા સેટમાં જોરદાર વાપસી કરી અને સેટ ૨૩-૨૧થી જીતીને મેચ જીતી લીધી. પરંતુ આ સેટ જીતવા માટે તેને ઘણી મહેનત કરવી પડી હતી. બંને ખેલાડીઓ એક-એક પોઈન્ટ માટે અંત સુધી લડતા બહાર આવ્યા હતા. કેટલાક પ્રસંગોએ, ગ્રેટ બ્રિટનના ડેનિયલ બેથેલ આગળ આવ્યા, જો કે નીતિશે ધીરજ રાખી અને ગોલ્ડ મેડલ જીત્યો. પેરાલિમ્પિકમાં નિતેશનો આ પહેલો મેડલ પણ છે.

# દક્ષિણ ચીન સાગરમાં ચીન અને ફિલિપાઈન્સ [redacted] અથડામણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ફિલિપાઈન્સ, તા.૨: ફિલિપાઈન્સ અને ચીને શનિવારે એકબીજા પર દક્ષિણ ચીન સાગરમાં જાણીજોઈને એકબીજાના કોસ્ટ ગાર્ડ જહાજને મારવાનો આરોપ લગાવ્યો હતો. રોઈટર્સ અનુસાર, શનિવારે વિવાદિત દક્ષિણ ચીન સાગરમાં બંને દેશોના કોસ્ટ ગાર્ડ જહાજો પર એકબીજાના જહાજોને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ ઘટના સબીના શોલ પર બની હતી. લાંબા સમયથી ચાલી રહેલી દુશ્મનાવટ વચ્ચે બંને વચ્ચે એક મહિનામાં આ પાંચમો દરિયાઈ મુકાબલો છે.ફિલિપાઈન કોસ્ટ ગાર્ડના પ્રવક્તા જય ટેરીએલાએ પ્રેસ કોન્ફરન્સમાં શનિવારની અથડામણનો વિડિયો બતાવ્યો અને કહ્યું કે ચાઈનીઝ કોસ્ટ ગાર્ડ વેસેલ ૫૨૦૫ એ કોઈ પણ ઉશ્કેરણી વગર ફિલિપાઈન્સના જહાજને સીધું અને જાણી જોઈને ટક્કર મારી હતી.અથડામણથી ફિલિપાઈન્સના સૌથી મોટા કોસ્ટ ગાર્ડ જહાજ, ૯૭-મીટર (૩૨૦-ફૂટ) ટેરેસા મેગબાનુઆને નુકસાન થયું હતું, પરંતુ કોઈ કર્મચારીને ઈજા થઈ ન હતી, ટેરિએલાએ જણાવ્યું હતું.ટેરિએલાએ જણાવ્યું હતું કે "ચીની કોસ્ટ ગાર્ડ દ્વારા ઉત્પીડન, ધાકધમકી અને કાર્યવાહીમાં વધારો [redacted] તાઈવાન અને વિયેતનામ દ્વારા દાવો કરાયેલા ભાગોનો પણ સમાવેશ થાય છે. જળમાર્ગના આ ભાગ દ્વારા દર વર્ષે ૩ ટ્રિલિયન ડોલરનો વેપાર થાય છે. આ સમગ્ર વિસ્તાર તેલ અને કુદરતી ગેસના ભંડાર તેમજ માછલીના ભંડારથી સમૃદ્ધ માનવામાં આવે છે. ૨૦૧૬ માં, આર્બિટ્રેશનની કાયમી અદાલતે શોધી કાઢ્યું હતું કે ચીનના વ્યાપક દાવાઓનો કોઈ કાનૂની આધાર નથી, જેને બેઈજિંગે નકારી કાઢ્યો હતો.સાથે જ આ ઘટના પર અમેરિકાએ ચીનની ટીકા કરી છે. ફિલિપાઈન્સમાં યુએસ એમ્બેસેડરે સંધિ સાથી ફિલિપાઈન્સ માટે વોશિંગ્ટનનું સમર્થન મેળવ્યું. "યુનાઈટેડ સ્ટેટ્સ પીઆરસી (પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના) દ્વારા આંતરરાષ્ટ્રીય કાયદાના બહુવિધ ખતરનાક ઉલ્લંઘનની નિંદા કરે છે, જેમાં આજની ઈરાદાપૂર્વકની તોડફોડનો સમાવેશ થાય છે," એમ્બેસેડર મેરીકે કાર્લસને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું.

### જો કોઈ દોષિત હોય તો પણ બુલડોઝરથી ઘર તોડી ન શકાય: સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨: બુલડોઝરના મામલામાં આજે સુપ્રીમમાં સુનાવણી થઈ છે. સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યો છે કે શું કોઈનું ઘર એટલા માટે તોડવામાં આવે છે કારણ કે તે આરોપી છે કે પછી તેને દોષિત ઠેરવવામાં આવ્યો છે. સોમવારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે કોઈનું પણ ઘર તોડી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે આજે સ્પષ્ટપણે કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ દોષિત હોય તો પણ કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયાને અનુસર્યા વિના તેનું ઘર તોડી શકાય નહીં.

ડિમોલિશનની કાર્યવાહી સામેની અરજી પર સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે કોઈના ઘરને માત્ર એટલા માટે તોડી શકાય કે તે આરોપી છે. સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે તે કોઈપણ અનધિકૃત બાંધકામને રક્ષણ નહીં આપે. ડિમોલિશનની કાર્યવાહી સામેની અરજી પર સુનાવણી ૧૭ સપ્ટેમ્બરે નક્કી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે સમગ્ર દેશ માટે માર્ગદર્શિકા નક્કી કરવાનો પ્રસ્તાવ કરીએ છીએ.

સૌથી વધારે બુલડોઝર ઉત્તર પ્રદેશમાં ચાલ્યા છે. ઉત્તર પ્રદેશ બાદ ભાજપ શાસિત રાજ્યોએ બુલડોઝર ચલાવ્યા છે. હવે આ કેસમાં નવી ગાઈડલાઈન આવે તેવી પણ સંભાવના છે. જમીયત ઉલેમા-એ-હિંદ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ કહ્યું કે જો સરકાર ખાતરી આપે કે બુલડોઝર જસ્ટિસના નામે કોઈ પગલાં લેવામાં આવશે નહીં તો સમગ્ર વિવાદનો અંત લાવી શકાય છે.

દમણગંગા ટાઇમ્સ
દમણ[redacted] આશાધામ સ્કૂલ
પ[redacted] નં. ૯૮૨૫૧
[redacted]mail.com
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

# અન્ય સમાચારો

Tuesday 03, September 2024
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

## હોન્ડમાંથી દારૂ ભરેલ ટેમ્પા સાથે એકની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૨:** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર અવર નવર વાહનોમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે ત્યારે હોન્ડ ગામની હદમાંથી નવસારી એલસીબી પોલીસે દારૂ ભરેલ એક ટેમ્પો ઝડપી પાડી પાંચ લાખનો દારૂ ૧૦ લાખનો ટેમ્પો એક નંગ મોબાઈલ મળી કુલ્લે રૂપિયા ૧૫.૦૭.૮૦૦નો મુદામાલ કબજે કરી ટેમ્પો ચાલકની ધરપકડ કરી છે જ્યારે બે શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર નવસારી એલસીબી ટીમના એ.હેકો લલિત અશોકભાઈ તથા અ.હેકો ગણેશ દિનુભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે વાપી તરફથી એક આઈસર ટેમ્પો નંબર એમએચ ૧૬ સીડી ૨૫૮૭માં દારૂનો જથ્થો સુરત તરફ લઈ જવામાં આવી રહ્યો છે જે બાતમીના આધારે એલસીબી પોલીસની ટીમ ને.હા નંબર ૪૮ ઉપર હોન્ડ ગામના પાટીયા પાસે વોચ રાખી હતી તે દરમિયાન બાતમી વાળો ટેમ્પો નજરે પડતા તેને આંતરીને ટેમ્પાની તલાસી લેતા ટેમ્પાની કેબીન પાછળ દાલામાં બનાવેલ ચોર ખાનામાંથી વિસ્કીની બોટલ તથા ટીન બીયર કુલ નંગ ૨૯૧૬ જેની કિંમત રૂપિયા ૫.૦૨. ૮૦૦ તેમજ એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫,૦૦૦ અને રૂા.૧૦,૦૦,૦૦૦ નો ટેમ્પો મળી કુલ્લે રૂપિયા ૧૫.૦૭.૮૦૦ નો મુદામાલ કબજે કરી ટેમ્પો ચાલક જગદીશ ઉર્ફે ચંદુ બાબુ બીસનોઇ ઉ.વ. ૨૬ રહે. સોનાળી ગામ તા. સેડવા જી. બાડમેર રાજસ્થાનની ધરપકડ કરી છે જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર નવલારામ કૃષ્ણરામ ચૌધરી (જાટ) મૂળ રહે. દૂધુ ગામ તા. ચોટણ જી. બાડમેર રાજસ્થાન હાલ રહે. મનોર જી. પાલઘર મહારાષ્ટ્ર તેમજ પલસાણાથી હજીરા રોડ ઉપર દારૂ લેવા આવનાર એક અજાણ્યો ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના વિદ્યાર્થીઓએ મેળવેલ સિદ્ધિ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૨:** પ્રભાત સ્કોલર્સ એકેડમી સેલવાસ દ્વારા ''ડાન્સ'' મેનિઓ અંતર્ગત ડાન્સ પ્રતિયોગિતાનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગિતામાં શ્રી એલજી હરિઆ મલ્ટિપર્પઝ શાળાના બાળકો દ્વારા નારી શક્તિને ઉજાગર કરતુ લોકનૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધોરણ નવની વિદ્યાર્થીની ઓ શ્રેયા પાટીલ, દૃષ્ટિ બારહટે અને ધોરણ અગિયારની વિદ્યાર્થીની ઓ અનુક્રમે અંશિકા મિશ્રા, પૂજા બિશ્નોઈ, પ્રાચી ઝા, જાન્વી ભાટકર, નૂપુર બેરા, ચૈતન્ય રૈયા, શ્રેયા નાયર, અભિનયા અનિલ કુમાર, અક્ષયા સસી, પ્રિયા ઉપાધ્યાય એ ભાગ લઈ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. શાળા ના મેનેજમેન્ટ અને આચાર્યા શ્રીમતી બીની પૌલે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીનીઓ તેમજ તેમની માર્ગદર્શક શિક્ષિકાઓ શ્રીમતી પૂનમ નારખેડે અને અભિલા સુજનને અભિનંદન પાઠવ્યા હતા.

## ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકાનાં ગામડાઓમાં મુશળધાર વરસાદનાં પગલે આભ ફાટયુ

### ડાંગ જિલ્લાનાં વઘઈ પંથકમાં આભ ફાટતા ભેંસકાતરીથી વ્યારાને જોડતા રાજય ધોરીમાર્ગ પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ઠપ્પ થયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા. ૦૨:** રાજયનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ફરી વરસાદી માહોલ જામ્યો છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં થોડાક દિવસથી વરસાદી માહોલે વિરામ લીધો હતો. આજરોજ સોમવારથી ફરી ડાંગ જિલ્લામાં વરસાદ જામતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. સોમવારે દિવસ દરમ્યાન ડાંગ જિલ્લાનાં વઘઈ, ઝાવડા, ભેંસકાતરી, કાલીબેલ, બરડીપાડા, સુબિર, લવચાલી, સિંગાણા, આહવા, બોરખલ, ગલકુંડ, સહિત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં મુશળધાર વરસાદ ખાબકતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી. જ્યારે સાપુતારા પંથકમાં મધ્યમ સ્વરૂપેનો વરસાદ પડ્યો હતો. ડાંગ જિલ્લાનાં આહવા, સુબિર અને





વઘઇ પંથકમાં મુશળધાર વરસાદનાં પગલે લોકમાતાઓમાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદી ઘોડાપુર પ્રવાહની સાથે ગાંડીતુર હાલતમાં વહેતી જોવા મળી હતી. ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકા પંથકનાં ગામડાઓમાં સોમવારે ધોધમાર સ્વરૂપેનો વરસાદ પડતા ઝાવડા સહીત ભેંસકાતરી પંથકનાં ગામોમાં લોકોનાં ઘરોમાં પાણી ભરાઈ જતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ડાંગ જિલ્લાનાં આહવા, વઘઇ અને સુબિર પંથકોનાં ગામડાઓમાં સોમવારે શ્રીકાર વર્ષા થતા નીચાણવાળા વિસ્તારોમા પાણી ભરાયા હતા. ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જામતા વઘઇનો ગીરાધોધ, ગિરમાળનો ગીરાધોધ સહીત નાના મોટા જળધોધ અખૂટ પાણીનાં જથ્થા સાથે નીચે ખાબકતા દ્રશ્યો રમણીય બન્યા હતા. ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં ગામડાઓમાં સોમવારે દિવસ દરમ્યાન અનરાધાર વરસાદ ખાબકતા ભેંસકાતરીથી વ્યારાને જોડતા રાજય ધોરીમાર્ગ પર પાણી ભરાયા હતા. જેના પગલે કલાકો સુધી વાહન વ્યવહાર ખોરંભે ચડ્યો હતો.આ દરમ્યાન સુબિર પીપલદહાડ રોડ સહિત પીંપરી કાલીબેલ-ભેંસકાતરી માર્ગ ઉપર વૃક્ષો ધરાશયી થવા સાથે માટીનો મલબો રોડ પર ધસી પડતા વાહનવ્યવહાર અવરોધાયો હતો. તેમજ વન વિસ્તારમાં ઠેર ઠેર વીજલાઈનો ઉપર વીજ પ્રવાહ ખોરવાયો હતો. ડાંગ જિલ્લામાં સોમવારે સાંજની સ્થિતિએ ૧૩ જેટલા ગ્રામ્ય માર્ગો અવરોધાયા. જેથી જિલ્લા વહીવટી તંત્રે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. ડાંગ જિલ્લા પંચાયત હસ્તકનાં ૧૩ જેટલા ગ્રામ્ય માર્ગો, વરસાદી પાણીને લઈ, અવરોધાયા છે. જેમાં સુબિર તાલુકાના (૧) કાકડવિહીરથી ખેંરિન્દ્રા-ચમારપાડા રોડ, સહિત આહવા તાલુકાના (૧) બોરખલ-ગાયખાસ-ચવડવેલ રોડ-૧, (૨) બોરખલ-ગાયખાસ-ચવડવેલ રોડ-૨, (૩) ભવાનદગડ-ધુલચોંડ-આમસરવલણ રોડ, તથા વઘઇ તાલુકાના (૧) ખાતળ ફાટકથી ઘોડી રોડ, (૨) માછળી-ચિખલા-દિવડ્યાવન રોડ-૧, (૩) માછળી-ચિખલા-દિવડ્યાવન રોડ-૨, (૪) વાઝટઆંબા-કોયલીપાડા રોડ, (૫) ઘોડવહળ વી.એ.રોડ, (૬) આહેરડી-બોરદહાડ રોડ, (૭) મોટી દાબદર-લહાન દાબદર-નાનાપાડા રોડ ચે.૨/૧૦૦ થી ૨/૨૦૦, (૮) મોટી દાબદરલહાન દાબદરનાનાપાડા રોડ ચે.૨/૧૦૦ થી ૨/૨૦૦, અને (૯) કાલીબેલ-પાંઢરમાળ-વાંકન રોડ, ક્યાંક કોઝ વે ઓવર ટોપિંગ થવાથી, તો ક્યાંક સ્લેબ ડ્રેઇન ઓવર ટોપિંગ થવાને કારણે અવરોધાયા છે. જેથી જિલ્લા વહીવટી તંત્રે અવરોધાયેલા માર્ગે અવરજવર કરતા વાહન ચાલકો, રાહદારીઓ, પશુપાલકો અને ખેડૂતોને સાવચેતીના ભાગરૂપે આ માર્ગોનો ઉપયોગ નહિ કરવા, અને સૂચવેલ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.ડાંગ જિલ્લાનાં ડિઝાસ્ટર વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સાપુતારા પંથકમાં ૨૯ મિમી અર્થાત ૧.૦૬ ઈંચ, આહવા પંથકમાં ૧૧૬ મિમી અર્થાત ૪.૬૪ ઈંચ, સુબિર પંથકમાં ૧૬૧ મિમી અર્થાત ૬.૪૪ ઈંચ, જ્યારે સૌથી વધુ વઘઇ પંથકમાં ૨૧૦ મિમી અર્થાત ૮.૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો..

---

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં**

રજી.નં. ૭૮/૨૦૨૪

**અરજદાર :-** **રમીલાબેન નાગરજી પટેલ**
રહે. બરઈ આગ્રવાડ ફળિયા તા.પારડી
**વિરૂધ્ધ**
**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી બરઈ
તા.પારડી જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી રમીલાબેન નાગરજી પટેલ, રહે. બરઈ અઆગ્રવાડ ફળિયા તા.પારડી જી.વલસાડનાએ તેઓના માતા શાંતિબેન પ્રાણુભાઈ માલીનું મરણ તા. ૦૬-૦૮-૨૦૦૦ના રોજ મોજે બરઈ, તા. પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા. પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજૂ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**નંએમએજી/જન્મ/મરણ/રજી.નં.૭૮-૨૦૨૪/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી**
**તા.પારડી જી.વલસાડ**

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

---

**અમિત ચૌધરી (GAS) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કોર્ટમાં**

**અરજદારશ્રી : જાનુભાઈ ધાકલભાઈ ખાડમ**
રહે. સિલ્ધા, નાયકપાડા તા. કપરાડા જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને**
**તલાટી- કમ મંત્રી સિલ્ધા**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી જાનુભાઈ ધાકલભાઈ ખાડમ રહે. સિલ્ધા, નાયકપાડા તા.કપરાડા, જી.વલસાડનાઓએ તેમના દાદા સૌનેભાઈ લાડકેભાઈ ખાડમનું તા.૧૭-૦૮-૨૦૦૩ના રોજ મરણ મોજે.સિલ્ધા, તા.કપરાડા, જી.વલસાડ ખાતે મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી ધરમપુર જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૧૬૪/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી,**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર,**
**તા.ધરમપુર, જિલ્લા.વલસાડ.**
**તા.૦૨/૦૯/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહિં/-**
**અમિત ચૌધરી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**અમિત ચૌધરી (GAS) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કોર્ટમાં**

**અરજદારશ્રી : જાનુભાઈ ધાકલભાઈ ખાડમ**
રહે. સિલ્ધા, નાયકપાડા તા. કપરાડા જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને**
**તલાટી- કમ મંત્રી સિલ્ધા**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી જાનુભાઈ ધાકલભાઈ ખાડમ રહે. સિલ્ધા, નાયકપાડા તા.કપરાડા, જી.વલસાડનાઓએ તેમના દાદી સંગીતાબેન સૌનેભાઈ ખાડમનું તા.૦૯-૧૦-૨૦૦૫ના રોજ મરણ મોજે.સિલ્ધા, તા.કપરાડા, જી.વલસાડ ખાતે મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી ધરમપુર જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૧૬૨/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી,**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર,**
**તા.ધરમપુર, જિલ્લા.વલસાડ.**
**તા.૦૨/૦૯/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહિં/-**
**અમિત ચૌધરી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**અમિત ચૌધરી (GAS) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કોર્ટમાં**

**અરજદારશ્રી : પંકજભાઈ શંકરભાઈ બરુડીયા**
રહે. મોટાપોંઢા તા.કપરાડા
હાલ રહે. મોટીતંબાડી તા.વાપી જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને**
**તલાટી- કમ મંત્રી મોટાપોંઢા**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી પંકજભાઈ શંકરભાઈ બરુડીયા રહે. મોટાપોંઢા તા.કપરાડા જી.વલસાડ હાલ રહે. મોટી તંબાડી તા.વાપી જી.વલસાડનાઓએ તેમના દાદી જીવલીબેન ઝીંગરુભાઈ બરુડીયાનું તા.૧૫-૦૭-૧૯૮૭ના રોજ મરણ મોજે.મોટાપોંઢા તા.કપરાડા, જી.વલસાડ ખાતે મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી ધરમપુર જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૧૪૧/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી,**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર,**
**તા.ધરમપુર, જિલ્લા.વલસાડ.**
**તા.૦૨/૦૯/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહિં/-**
**અમિત ચૌધરી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**અમિત ચૌધરી (GAS) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કોર્ટમાં**

**અરજદારશ્રી : જાનુભાઈ ધાકલભાઈ ખાડમ**
રહે. સિલ્ધા, નાયકપાડા તા. કપરાડા જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને**
**તલાટી- કમ મંત્રી સિલ્ધા**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી જાનુભાઈ ધાકલભાઈ ખાડમ રહે. સિલ્ધા, નાયકપાડા તા.કપરાડા, જી.વલસાડનાઓએ તેમના દાદા કાકડભાઈ સૌનેભાઈ ખાડમનું તા.૨૫-૦૫-૨૦૧૦ના રોજ મરણ મોજે.સિલ્ધા, તા.કપરાડા, જી.વલસાડ ખાતે મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી ધરમપુર જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૧૫૯/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી,**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર,**
**તા.ધરમપુર, જિલ્લા.વલસાડ.**
**તા.૦૨/૦૯/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહિં/-**
**અમિત ચૌધરી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**અમિત ચૌધરી (GAS) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કોર્ટમાં**

**અરજદારશ્રી : જાનુભાઈ ધાકલભાઈ ખાડમ**
રહે. સિલ્ધા, નાયકપાડા તા. કપરાડા જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને**
**તલાટી- કમ મંત્રી સિલ્ધા**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી જાનુભાઈ ધાકલભાઈ ખાડમ રહે. સિલ્ધા, નાયકપાડા તા.કપરાડા, જી.વલસાડનાઓએ તેમના દાદી સગુનીબેન કાકડભાઈ ખાડમનું તા.૨૦-૧૨-૨૦૦૭ના રોજ મરણ મોજે.સિલ્ધા, તા.કપરાડા, જી.વલસાડ ખાતે મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ધરમપુર, પ્રાંત કચેરી ધરમપુર જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/મરણ/રજી નં.૧૬૦/૨૦૨૪**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ધરમપુરની કચેરી,**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધરમપુર,**
**તા.ધરમપુર, જિલ્લા.વલસાડ.**
**તા.૦૨/૦૯/૨૦૨૪**

(કોર્ટનો સિક્કો)

**સહિં/-**
**અમિત ચૌધરી**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Department of Land Acquisition- Dadra and Nagar Haveli**

**NOTICE**

**Purpose: Publishing the Preliminary Notification under section 11 of the RFCTLARR Act, 2013 for Development of Khanvel Junction .**

**No.LAQ/Development/KhanvelJunction/2023/333/LAO/2024**
**Dated:- 27.08.2024.**
**Village: Khanvel**

**Note: Details can be downloaded from https://cdn.s3waas.gov.in/s35878a7ab84fb43402106c575658472fa/uploads/2023/10/2023102742-1.pdf or by scanning the QR code.**

**Land Acquisition Officer, Dadra & Nagar Haveli**

NO : IP/DMN/2/5/2024-25/611 DATE : 2/9/2024

---

**Dadra & Nagar Haveli Planning and Development Authority**
**"A" Wing, Second Floor, District Secretariat,**
**Silvassa, DNH**
**NOTICE**

https://cdn.s3waas.gov.in/s35878a7ab84fb43402106c575658472fa/uploads/2024/09/2024090136.pdf

Purpose: E- Tender (Online) Invitation Notice No.02 of 2024-25 for "Construction of record room in the basement – I at District Secretariat building, Silvassa" (2nd Call).

**Notification no –** DNHPDA/102(103)/RR/DSB/2024/1182

**Note: Details can be downloaded by scanning the QR code.**

**Executive Engineer, DNHPDA,**
**Dadra & Nagar Haveli.**

NO : IP/DMN/2/5/2024-25/610 DATE : 2/9/2024















# દમણગંગા ટાઈમ્સ






## આત્મલક્ષ્મી મેળવવાનું અમૃત ચોઘડિયું

'તમસો મા જ્યોતિર્ગમય' એ ભારતીય સંસ્કૃતિની આરતી છે. જીવનનો સંદેશ છે કે અંધકારમાંથી પ્રકાશમાં જવું. પર્યુષણનું પર્વ પ્રકાશમાં જવાનો... પ્રકાશમાં જીવવાનો અને પ્રકાશના ગુણગાન ગાવાનો દિવ્ય સંદેશ પાઠવે છે. આત્મશુદ્ધિ આત્મોન્નતિનું પ્રથમ પગથિયું છે.

આત્મશુદ્ધિ માટે આત્મનિરીક્ષણ જરૂરી છે. આ દિશામાં સમજીને કરેલું પ્રતિક્રમણ ખૂબ જ ઉપયોગી થાય છે. પરમ પૂજ્ય હરિભદ્રસૂરિજીના હીરાકણી જેવા તેજસ્વી શબ્દો મને સહજ યાદ આવે છે. 'પ્રમાદને વશ થઈને પોતાના મૂળ સ્થાનેથી પરસ્થાને ગયેલા જીવનું પોતાના મૂળ સ્થાને પાછા ફરવું તે છે પ્રતિક્રમણ.' પૂજ્ય મહાત્મા ગાંધી કહે છે, 'આચાર વિના વિચાર વાંઝિયો છે.' માટે ઉન્નત વિચારો કરવા – એ જેટલું અગત્યનું છે તેટલું જ અગત્યનું તેનો અમલ છે. ભારતના લોકો ચરણને નહીં, આચરણને પૂજે છે. જીવન અને જગતમાં કેટલું જ્ઞાન મેળવ્યું તે અગત્યનું નથી પરંતુ એ માર્ગે આપણે કેટલું ચાલ્યા સંસ્કૃતા વા છે, "મનસા વાચા કર્મણા વાધુનાં એકરુપતા"

## બીલીમોરામાં ટેન્કર અડફટે વાછરડાનું મોત : ટેન્કરમાંથી શંકાસ્પદ બાયો ડીઝલ મળ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨ :** ગણદેવી-બીલીમોરા મુખ્યમાર્ગ ઉપર રવિવાર મોડી સાંજે ટેન્કર ચાલકએ વાછરડાને ટક્કર મારતા મોત નિપજ્યું હતું. લોકોએ ટેન્કર ચાલકને પોલીસ હવાલે કર્યો હતો. દરમ્યાન ટેન્કરની ચકાસણીમાં શંકાસ્પદ બાયો ડીઝલનો જથ્થો મળી આવ્યો હતો. ગણદેવી મામલતદારએ રૂા.૨.૯૯ લાખનાં જથ્થા સાથે કુલ રૂા.૧૨.૯૯ લાખનો મુદ્દામાલ સીઝ કરી, પ્રાયોગિક પરીક્ષણ સાથે




કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શંકાસ્પદ બાયોડિઝલનો જથ્થો ધોલાઈ બંદરે જતો હતો.

ગણદેવીથી બીલીમોરા તરફ આવતા દેવસર ગામે પટેલ ઈન્ટીરિયર શો રૂમ સામે પુરપાટ ઝડપે દોડી રહેલા ટેન્કરએ એક વાછરડાને ટક્કર મારી હતી. જેને પગલે વાછરડાનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જેને પગલે લોકો દોડી આવ્યા હતાં. દરમ્યાન ટેન્કર ચાલક લાજવાને બદલે દાદાગીરી ઉપર ઉતરી આવ્યો હતો. પરીણામે લોકો એ બીલીમોરા પોલીસને જાણ કરી હતી. પોલીસે ટેન્કર ચાલક રસીક ગોવિંદ રાઠવા (૩૬) રહે. સુરત, મૂળ રહે. વડોદરાની ધરપકડ કરી હતી અને ટેન્કર નં. ડીડી ૦૧ એચ ૯૨૬૩ની તલાશી લીધી હતી. જેમાં ટેન્કર ચાલક ૩૯૯૭ લીટર શંકાસ્પદ બાયો ડીઝલનો જથ્થો કાંઠા વિસ્તારનાં ધોલાઈ બંદરે બોટવાળાને આપવા જતો હોવાનું ખુલ્યું હતું. જેને પગલે પોલીસે ગણદેવી મામલતદાર જગદીશ ચૌધરીને જાણ કરી હતી. તે સાથે મામલતદાર કચેરીનાં અધિકારીઓ હરકતમાં આવ્યા હતાં અને રૂા. ૨.૯૯ લાખની કિંમતનું ૩૯૯૭ લીટર શંકાસ્પદ બાયોડિઝલ, રૂ.૧૦ લાખનું ટેન્કર મળી કુલ રૂા. ૧૨.૯૯ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો હતો. જે સાથે જિલ્લા પુરવઠા વિભાગને કાગળો રવાના કરાયા હતાં. પ્રાયોગિક પરીક્ષણ બાદ કાનૂની કાર્યવાહી હાથ ધરાશે.

## વલસાડનાં નાટ્યકાર સતીષ દેસાઈનું સન્માન






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વલસાડ જીલ્લો જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં નાટ્યકલા ક્ષેત્રે પાછલા ચાર દાયકાથી સક્રિય અને એના વિકાસમાં નોંધપાત્ર પ્રદાન કરનારા વલસાડના જાણીતા નાટ્યકાર અને સમાજસેવી સતિષચંદ્ર અમૃતલાલ દેસાઈને તાજેતરમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજાયેલા એક ભવ્ય કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવો વ્રતજીના હસ્તે સંસ્કાર ભારતી દ્વારા વિશેષ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. વલસાડના સતિષભાઈ દેસાઈએ વલસાડમાં નાટ્યકલાને સમર્પિત રંગ પૂજા થિયેટર્સ નામની સંસ્થા દ્વારા વલસાડ અને આસપાસમાં અનેક યુવાઓને નાટ્ય કલાક ક્ષેત્રે અભિનયથી લઈને એના વિવિધ ભાષાઓમાં તૈયાર કર્યા છે અને એક વાતાવરણ સર્જ્યુ છે. રંગ પૂજા થિયેટર દ્વારા યોજાતી નાટ્ય સ્પર્ધા સમગ્ર રાજ્યમાં એક પ્રતિષ્ઠા મેળવી છે. તેમના નેજા હેઠળ રંગ પૂજા થિયેટર્સના કલાકારોએ રાજ્ય સ્તરોએ અનેકના ટેસ્ટ સ્પર્ધાઓમાં વલસાડનો ડંકો વગાડ્યો હતો. તેમને સન્માનથી વલસાડનું ગૌરવ પણ વધ્યું છે. સતિષભાઈ દેસાઈને અગાઉ પણ અનેક એવોર્ડ મળી ચૂક્યા છે. તેમણે લખેલા નાટકોનું પુસ્તક પણ પ્રકાશિત થઈ ચૂક્યું છે.

## પારડીમાં ગણેશોત્સવ અને ઈદે મિલાદ પર્વ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૨ :** પારડીમાં આવેલ યુનિટી હોલમાં આજરોજ ગણેશ ઉત્સવ અને ઈદે મિલાદ પર્વ આવનારા દિવસોમાં હિન્દુ મુસ્લિમ સમાજ દ્વારા ઉજવણી થનાર હોય જે માટે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. પારડી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર જી.આર. ગઢવીના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જે બેઠકમાં હિંદુ મુસ્લિમ બંને સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતાં. આગામી દિવસોમાં યોજાનારા ગણેશ ઉત્સવ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર જી.આર. ગઢવીએ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું તેમણે કહ્યું હતું કે ગણેશ મંડપમાં સીસીટીવી કેમેરા મુકવા જેથી કોઈ ગુનો થતો હોય તો અટકાવી શકાય છે. સાથે આગથી બચવા માટે ફાયર સેફ્ટીના સાધનો મૂકવાના રહેશે. ગણેશ મંડપમાં જુગાર જેવી ગેરકાનૂની રમત રમવા નહીં અને દારૂ કે અન્ય નશો કરવું નહીં જો આ રીતે કરતા પકડાશે તો કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવશે એવી ચેતવણી આપી હતી. સાથે વિસર્જનના દિવસે ટ્રાફિકનો ધ્યાન રાખવા અને સમયસર ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરી દેવા માટે અપીલ કરી હતી જેથી ચોક્કસ વ્યવસ્થા જાળવી શકાય છે. એ જ રીતે મુસ્લિમ ભાઈઓ ઈદે મિલાદ જે ૧૬ તારીખે થનાર હોય એમણે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને હોસ્પિટલ જ્યાં હોય ત્યાં વાજીન્દ્ર ન વગાડવા માટે સુચના આપવામાં આવી હતી અને શાંતિપૂર્ણ રીતે ગણેશ ઉત્સવ અને ઈદે મિલાદ બંને પર્વની ઉજવણી થાય એ માટે તેઓએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. બીજી તરફ ગણેશ ઉત્સવ દરમિયાન થનાર દરેક કાર્યક્રમ અંગેની મંજૂરી લેવાની રહેશે એ માટે અરજી કરવાની રહેશે. અરજી કર્યાથી તાત્કાલિક પરમિશન આપવામાં આવશે. આ શાંતિ સમિતિમાં તાલુકાના ગ્રામ પંચાયતના સરપંચ ભાજપ-કોંગ્રેસના અગ્રણી, નેતાઓ પારડી અને ગામડાઓના ગણેશ મંડળના સંચાલકો પારડી પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં અને જિલ્લા કલેકટરએ બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરી પરમિશન લેવા માટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## ફણસવાડાના આધેડનું કાર અકસ્માતે મોત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા ૨ :** વલસાડના ફણસવાડા ગામે રહેતો ૫૩ વર્ષીય ઈસમ ગઈકાલે મોડી સાંજે સાઈકલ પર કલવાડા હાટ બજારમાં શાકભાજી લેવા જતી વખતે કલવાડા ગામેથી પસાર થતી ઈકો કાર સાથે ટક્કર લાગતા રોડ પર પડી જતા કાર ચાલકે અડફેટમા લેતા ફણસવાડા ગામના વિસમને માથામાં તથા શરીરના ભાગે ઈજા પહોંચતા ૧૦૮માં વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

વલસાડ તાલુકાના ફણસવાડા ગામના પહાડ ફળિયામાં સુમનભાઈ ગાંડાભાઈ પટેલ ઉંમર વર્ષ ૫૩ રહે છે. ગઈકાલે મોડી સાંજે ૭:૦૦ કલાકે કલવાડા ગામે ભરાતા હાટ બજારમાં શાકભાજી લેવા માટે સાયકલ પર ગયા હતા. તે દરમિયાન કલવાડા ગામના વસંતભાઈ ભીખુભાઈ આહીરના ઘર પાસેથી સાયકલ લઈ પસાર થતી વખતે વલસાડથી જતી એક ઈકો કાર નંબર ડીડી ૦૩ જે ૧૯૪૯ સાથે ટક્કર લાગતા સુમનભાઈ પટેલ રોડ પર પડી જતા ખેરગામ તરફથી પૂર ઝડપે આવતી એક અલ્ટો કાર નંબર જીજે ૧૫ સીએ ૫૦૮૯ કાર ચાલકે રોડ પર પડેલા સુમનભાઈ પટેલને અડફેટમાં લેતા તેને માથા, હાથ પગ છાતીના તથા શરીરના અન્ય ભાગે ગંભીર ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં તાત્કાલિક વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સુમનભાઈ ગાંડાભાઈ પટેલનું સારવાર દરમિયાન મોડી રાત્રે મોત નિપજ્યું હતું. જે અંગે મરણ જનારના પુત્ર રોહીતકુમાર સુમનભાઈ પટેલે વલસાડ રૂરલ પોલીસ મથકમાં અલ્ટો કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## વલસાડના ડો. રાધિકાબેન ટીક્કુને 'ધનવંતરી માનવતા પૂજારી' એવોર્ડથી સન્માનિત કરાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** વલસાડ જિલ્લામાં તબીબી ક્ષેત્રે પોતાની સેવા પૂરી પાડી રહેલા ડો. રાધિકાબેન ટીક્કુને તાજેતરમાં ધનવંતરી માનવતાના પૂજારી એવોર્ડથી સુરતમાં સન્માનિત કરવામાં આવ્યા હતાં.



સુરતના સમૃદ્ધિ હોલ ખાતે સુરતના ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના માજી પ્રમુખ ડો. પારુલ વડગામા અને જાણીતા તબિબ ડો. જગદીશ સખીયાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સન્માન સમારંભમાં તેમને તબીબી ક્ષેત્રે સુદીર્ઘ સેવા અને સંશોધનો સહિતની અન્ય સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ માટે સન્માનિત કરવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે ડો. રાધિકા ટીક્કુ વડોદરાની એમએસ યુનિવર્સિટીમાંથી એમબીબીએસ થયા બાદ યુકેમાં ઈન્ટરશીપ કરી ૧૯૯૬થી ગુજરાત રાજ્યની તબીબી સેવામાં જોડાઈને વલસાડ તાલુકામાં વિવિધ આરોગ્ય કેન્દ્રમાં પોતાની સેવા આપી રહ્યા છે. તેમને લેપ્ટોસપાયરોસીસનો સમય હોય કે કોવિડ-૧૯નો કપરો સમય હોય ગ્રામીણ વિસ્તારમાં પોતાની તબીબી સેવા થકી લોક સેવાનું કાર્ય કર્યું છે. તેમણે ઈન્ડિયન હેલ્થમાં પણ સંશોધન કરેલું છે. વધુમાં તેઓ સ્વયમ ગાંધીવાદી અને સાહિત્ય પ્રેમી છે. તેમણે ગુજરાત વિદ્યાપીઠમાંથી ગાંધીયન ફિલોસોફીમાં ગોલ્ડ મેડલ સાથે માસ્ટર કર્યું છે અને નંદીગ્રામ સાથે સંકળાયેલા છે. તેમણે વલસાડમાં સેવા અને સાહિત્ય કલા ક્ષેત્રે બુધ સભા નામની સ્વૈચ્છિક સંસ્થાની સ્થાપના કરી એની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. સાથે એક સાહિત્યકાર તરીકે પણ તેમની કલમ ચાલી રહી છે. જેને કારણે તેમને પારિજાત સાહિત્ય એવોર્ડ, લેખેની એવોર્ડ, કસ્તુરબા દર્શન એવોર્ડ જેવા વિવિધ એવોર્ડ પણ એનાયત થઈ ચૂક્યા છે. ઉલ્લેખનીય છે કે, ડો. રાધિકાબેન ટીકુ દમણગંગા ટાઈમ્સ સાથે પણ સક્રિય રીતે સંકળાયેલા છે અને હાલમાં દર શનિવારે કશ્મીરની કલા સંસ્કૃતિ અને સમાજ જીવન વિશેની એક અનોખી જ ભાત પાડતી લેખ શ્રેણી 'ચશ્મે બદુર કશ્મીર' ચલાવી રહ્યા છે જેને આ પ્રત્યે લોક ચાહના મળી છે.

## ચીખલીના ઘેજથી જુગાર રમતા ૧૦ ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા.૨ :** ચીખલી તાલુકાના ઘેજ ગામે શ્રાવણીયો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ખેરગામ પોલીસને મળતા પોલીસે વહેલી સવારે ઘટના સ્થળે જઈ રેડ પાડતા ૧૦ જેટલા જુગારીઓને રંગે હાથ ઝડપી પાડી દાવ ઉપર મુકેલ રોકડા રૂપિયા ૧૦,૮૦૦ અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂા.૭૫. ૮૦૦ તથા નવ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૨૫,૫૦૦ પાંચ નંગ મોટરસાયકલ કિંમત રૂપિયા ૨.૨૦ લાખ મળી કુલ રૂપિયા ૩,૩૨,૧૦૦ મુદ્દામાલ ઝડપી પાડી જુગારીયા સામે કાયદેસરની કાર્યવાહી કરાતા ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના ઘેજ ગામના વખાર ફળિયા ખાતે રહેતા રાજેશ બલ્લુ ધોડિયા પટેલના ઘરના ઓટલા ઉપર ખુલ્લી જગ્યામાં તીન પત્તીનો હારજીતનો મોટાપાયે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ખેરગામ પોલીસને મળી હતી. દરમિયાન ખેરગામ પોલીસે રવિવારે વહેલી સવારે રેડ પાડતા ૧૦ જેટલા જુગારીયાઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતાં. હાર જીતનો જુગાર રમી રહેલ જુગારીઓની અંગત ઝડપી લેતા રોકડા રૂા. ૭૫,૮૦૦ તથા દાવ ઉપર મુકેલ રોકડા રૂા. ૧૦,૮૦૦ જ્યારે પકડાયેલ જુગારી પાસેથી નવ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૨૫,૫૦૦ તથા પાંચ જેટલી મોટરસાયકલ કિંમત રૂા. ૨.૨૦ લાખ મળી કુલ રૂા. ૩,૩૨,૧૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પકડાયેલ જુગારીઓમાં મુકેશ ભગુ કોળી પટેલ, પરેશ બાબુ ધોડિયા પટેલ, સંજય બાબુ ધોડિયા પટેલ, જીતેન્દ્ર ધીરુ કોળી પટેલ, હિતેશ શાંતિલાલ ધોડિયા પટેલ, યોગેશ બાબુ ધોડિયા પટેલ, કાર્તિક સતીશ ધોડિયા પટેલ, હિતેશ નરેશ ધોડિયા પટેલ, તમામ રહે. ઘેજ તા. ચીખલી જી. નવસારી જીતેન્દ્ર ગુણવંત કોળી પટેલ રહે. પીપલગભાણ કોળીવાડ તા. ચીખલી, જીતેશ ડાહ્યાભાઈ કોળી પટેલ રહે. વાંકલ મોખા ફળિયા તા. ચીખલી આ તમામને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે જોકે મુકેશ ભગુ લલ્લુ કોળી પટેલ જેની સામે ચીખલી ખેરગામ અને વલસાડ પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનાઓ નોંધાયેલ છે જે બનાવની વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના ઈન્ચાર્જ પીએસઆઈ જે.વી. ચાવડા કરી રહ્યા છે.

## પારડીના ગેરેજમાંથી શંકાસ્પદ ડીઝલનો જથ્થો મળ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**પારડી, તા.૦૨ :** પારડીમાં જલારામ નગર ખાતે આવેલ ગેરેજની દુકાનમાં ચાર ઈસમોને શંકાસ્પદ ડીઝલના જથ્થા સાથે પારડી પોલીસે ઝડપી પાડ્યા હતાં. પારડી પોલીસ મથકના પીઆઈ જી.આર. ગળવીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બોલેરો પીકપ ટેમ્પો નં. આરજે ૨૩ જીસી ૬૩૨૬મા કેટલાક ઈસમો ડીઝલનો જથ્થો ચોરી અથવા છળકપટથી સંતાડીને પારડી નેશનલ હાઈવે સર્વિસ રોડ જલારામ નગરમાં શ્રી એપાર્ટમેન્ટમાં આવેલ ગેરેજની દુકાનમાં સંતાડવાની પેરવી કરતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે સ્થળ ઉપર રેડ કરતા પ્લાસ્ટિકના કેરબાઓ મળી આવતા શંકાસ્પદ ચાર ઈસમોની પૂછપરછ કરી બિલ-પુરાવા માંગ્યા હતાં. જેઓ બીલો રજૂ ન કરી ગલ્લા તલ્લા કરી ઉડાવ જવાબ આપ્યો હતો. પારડી પોલીસે ડીઝલનો જથ્થો ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાનો શંકા જતા પોલીસે ૧૮૫ લીટરની કિં. રૂા. ૧૬,૬૫૦નો જથ્થો કબજે કર્યો હતો અને અબઝલ હુસેન મનસુરી રહે. પારડી, સુનિલ કેસરદેવ જાટ રહે. બનવારીલાલ જેસારામ જાટ અને કૈલાસ ગોપાલ મીણા ત્રણેય રહે. એલ એન્ડ ટી કંપની બાલદા તા.પારડી મૂળ રાજસ્થાન સહિત ચારેયને પારડી પોલીસે ઝડપી પાડ્યા હતા અને જ્યારે ની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો.

## કાકડકોપરના ડૉ. બાબુ ચૌધરીને નેશનલ આયકોન એવોર્ડ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોંઢા, તા.૦૨ :** રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. બાલશાસ્ત્રી જાંભેકર જર્નાલિસ્ટ એસોસિએશન દ્વારા નેશનલ આઈકોન એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. મહેન્દ્ર દેશપાંડેએ કર્યું હતું. વલસાડ (ગુજરાત)ના ડો. બાબુ ચૌધરીને પત્રકારત્વ અને સાહિત્ય ક્ષેત્રોમાં કામ કરવા બદલ નેશનલ આયકોન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.



આ કાર્યક્રમનો એવોર્ડ વિતરણ સમારોહ નાસિકના શાલીમાર પાસે રોટરી કલબ ઓડિટોરિયમ, ગંજમલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ દરમ્યાન કમલેશ સુતાર, રાષ્ટ્રીય સમાચાર ચેનલ ઝી-૨૪ તાસના મુખ્ય સંપાદક, મરાઠી ફિલ્મ અભિનેતા ચિન્મય ઉદગીરકર, અભિનેત્રી કરિશ્મા ચવ્હાણ, મરાઠા વિદ્યા પ્રસારક સમાજના સચિવ એડવોકેટ નીતિન ઠાકરે, ધુળે લોકસભા સાંસદ ડો. શોભતાઈ બચાઓ, નાસિકના સાંસદ રાજાભાઈ વાજે અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડો. બાબુ ચૌધરી પત્રકારત્વ અને સાહિત્ય ક્ષેત્રોમાં સારી કામગીરી કરવા બદલ તેમને આ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન કપરાડા તાલુકાના મીડિયા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.સાથે દમણગંગા ટાઈમ્સના પરિવાર દ્વારા પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વાંસદા પંથકમાં આચાર્યએ વિદ્યાર્થીની સાથે છેડતી પ્રકરણમાં ગુનો નોંધાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૨ :** પોલીસ સૂત્રથી પ્રાપ્ત માહિતી મુજબ વાંસદા તાલુકાના રાયબોર ગામે આવેલ શૈક્ષણિક સંસ્થા વાલ્મિકી આશ્રમશાળા ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવતા ભૂપેશ એ. વહીયા હાલ (હાલ રહે. રાયબોર વાલ્મિકી આશ્રમશાળા તા. વાંસદા જિ. નવસારી, મૂળ રહે. તા. વાંસદા જિ. નવસારી) જેઓએ વાંસદા તાલુકાની આશ્રમશાળામાં રહી અભ્યાસ કરતી ૧૨ વર્ષીય વિદ્યાર્થીનીને અવારનવાર આશ્રમશાળામાં આરોપી આચાર્ય દ્વારા હાથ પકડી લઈ બથભરી ગાલ ઉપર કિસ કરી વિદ્યાર્થીનીના આખા શરીર ઉપર હાથ ફેરવતો હોવાની ઘટના સામે આવી હતી. અને આરોપી દ્વારા ભોગ બનનાર વિદ્યાર્થીનીને આ બાબતે કોઈને પણ કહેશે તો તને હું ખૂબ જ મારીશ અને શાળામાંથી તારી સર્ટી ઉપર લાલ સેરો કરી આપીશ તેવી ધમકીઓ આપવામાં આવી હતી. તથા આશ્રમશાળા ખાતે છોકરીઓના સુવાના રૂમમાં પાછળ પાછળ જઈ લાજ લેવાના ઈરાદાથી ભોગ બનનાર સગીર વયની દીકરીનો હાથ પકડી શારીરિક છેડતી તથા જાતીય સતામણી કરતો હોવાનો કિસ્સો બહાર આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર બાળકીના પિતા દ્વારા આરોપી આચાર્ય વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક આરોપીની અટકાયત કરી ગુનો નોંધી આગળની વધુ તપાસ ધરી હતી.


**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com




આજરોજ શ્રાવણનો છેલ્લો સોમવાર છે. અને તેની સાથે આજે સોમવતી અમાસ પણ છે. જેના કારણે સોમવાર અને અમાસનું મહત્વ વધુ બન્યું છે. આજરોજ સોમવતી અમાસ હોવાથી વલસાડના તિથલ દરિયા કિનારે મોટી સંખ્યામાં લોકો દરિયાના ઉછળતા મોજામાં સ્નાન કરવા માટે આવ્યા હતાં. તો બીજી તરફ વલસાડના તિથલ દરિયા કિનારે બીચ પર સોમવતી અમાસના દિવસે તર્પણ વિધિનું આજે વિશેષ મહત્વ હોવાથી પિતૃ તર્પણ વિધિ કરતા મોટી સંખ્યામાં લોકો જોવા મળ્યા હતાં. તો આજે અમાસ હોવાથી વલસાડના હનુમાનજી મંદિર અને શનિદેવ મંદિરે પણ ભક્તો જોવા મળ્યા હતા.

## વલસાડ જિલ્લાના રમતવીરો માટે સ્પોટર્સ સ્કોલરશીપ અપાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૦૨ :** તાજેતરમાં જ મેજર ધ્યાનચંદની યાદમાં યોજાતા નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી. આ નિમિત્તે વાપીમાં શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શન જેવા ક્ષેત્રમાં નામાંકિત સ્થાન ધરાવતા મા ફાઉન્ડેશન દ્વારા એકટીપાસના સહયોગમાં જિલ્લાના રમતવીરો માટે સ્પોર્ટ્સ સ્કોલરશીપની જાહેરાત કરવામાં આવી છે. આ સ્પોર્ટ્સ સ્કોલરશીપ ઓછામાં ઓછા છેલ્લા પાછલા પાંચ વર્ષથી વલસાડ જિલ્લામાં રહેતા હોય એવા જિલ્લાના રહિશો માટે છે. આજ સ્કોલરશીપ માટે અરજી કરનારના કુટુંબની વાર્ષિક આવક ૬ લાખથી ઓછી હોવી જોઈએ અને અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવી જોઈએ. વધુમાં પ્રાપ્ત માહિતી પ્રમાણે ખાસ કરીને રમતગમત ક્ષેત્રે તરુણીઓને પ્રાધાન્ય આપવાનો હેતુ હોવાથી મહિલા રમતને સ્કોલરશીપ માટે ધ્યાનમાં લેવામાં આવશે બીજું કે આ સ્પોર્ટ્સ સ્કોલરશીપ આંતરરાષ્ટ્રીય રમતો માટે આપવામાં આવનાર નથી એ માત્ર ઘરેલુ રમતો માટે જ અપાશે. સ્પોર્ટ્સ સ્કોલરશીપ મેળવવા માંગતા રસ ધરાવતા રમતવી રોએ વધુ માહિતી માટે ફોન નંબર ૮૮૬૬૦૦૦૪૩૩ પર સંપર્ક કરવો.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**